શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)

ઓક્ટોબર ૨૦૨૪
વર્ષ : ૧૭
અંક : ૦૪
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ



વારાણસી ઘટકને આંગણે યોજાયેલ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠકના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત મહાસભાના આદ. પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાથે મહાસભા, કોલફીલ્ડ પ્રાદેશિક સમિતિ એવં વારાણસી ઘટકના હોદ્દેદારશ્રીઓ...




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત ભુજ વિદ્યાર્થી ભવનના નવા શેડ લોકાર્પણ અવસરે મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકીનું અભિવાદન કરતા મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઈ સોલંકી તથા હોદ્દેદારો.

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની રજી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૪ ઓક્ટોબર-૨૦૨૪

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## તંત્રી સ્થાનેથી...

સર્વે સમાજબાંધવોન નમસ્કાર,

ખૂબ આનંદ સાથે જણાવવાનું કે, મહાસભાના નવનિર્વાચીત પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇના સત્રની પ્રથમ અર્ધવાર્ષિક બેઠક અયોધ્યામાં પ્રભુ શ્રીરામના દર્શન કરી બીજા દિવસે બાર જ્યોતિર્લિંગમાંનું એક શ્રી કાશી વિશ્વનાથ મહાદેવના સાનિધ્યમાં પવિત્ર ગણેશ ચુતર્થીના શુભ દિવસે વિઘ્નહર્તા શ્રી ગણેશજીના સ્થાપન અને પૂજા દ્વારા વારાણસી ઘટક એવં કોલફીલ્ડ પ્રાદેશિકના ભાવપૂર્ણ સ્વાગત અને સન્માન સાથે પ્રારંભ થયો. દરેક લોકોની સુઝાવો અને માર્ગદર્શનમાં ખૂબ સારી ભૂમિકા રહી. સમાજમાં અશિસ્તના દુ:ખના પ્રસ્તાવો અને સમાજમાં સદ્ભાવના રાખી આગળ વધવાના નિર્ણયો સાથે ન્યાયના ધોરણો નક્કી કરી અને તેના આધારે સદ્ભાવ સમિતિના સહયોગથી સમાજમાં જે હાલ એક વાદ-પ્રતિવાદ અને પક્ષાપક્ષીની સ્થિતિમાંથી સમાજ કલ્યાણ એકમાત્ર મંત્રને કેન્દ્રમાં રાખી એકરૂપતા બને તેવા પ્રયત્નોનો સંકલ્પ પ્રમુખશ્રીના ઉદ્બોધનમાં જોવા મળ્યો અને તેમણે આ માટે સર્વે સમાજબાંધવોને તેમના પર વિશ્વાસ રાખવાની અપીલ કરી અને પ્રમુખશ્રીએ ક્યારે પણ સમાજમાં અહિત નહિં થવા દઉં તેની ખાતરી આપી સર્વે સભાસદોએ સંતોષ અને આનંદ સાથે આ કાર્યને સંપન્ન કર્યું હતું.

સમાજ માટે એક વિશેષ અવસર છે કે જ્યારે 'સમાજરત્ન' જેને સન્માન આપ્યું છે એટલે કે તેમની સમાજમાં મોટું યોગદાન છે તેવા વ્યક્તિ હાલમાં જ્યારે પ્રમુખપદ પર આપણા સૌના આગ્રહથી આ જવાબદારી લઇને સમાજ કલ્યાણની ખાત્રી આપે ત્યારે આપણી ભૂમિકા શું હોય ? હાલમાં આપણે સૌ જાણીએ છીએ કે સામાજીક સમસ્યા અનેક પ્રકારે ઘર ઘરમાં જોવા મળે છે. આ સમયે દરેક પરિવાર મહાસભા પાસે આશા રાખે તે સ્વાભાવિક છે. પરંતુ મહાસભા તેના વહીવટી સંચાલનના કાર્યથી નિશ્ચિંત થાય તો તે વધુને વધુ સમસ્યાના સમાધાન માટે કાર્ય કરી શકે.

આ જ વિચાર પ્રમુખશ્રીનો છે. ડીસેમ્બરના અધિવેશન સુધી મહાસભા વહીવટી ગુંચવાળામાંથી બહાર આવે અને ત્યાર બાદ જાન્યુઆરીથી સમાજ સંગઠન, સામાજીક પ્રશ્નો, સામાજીક ઉત્કર્ષના વિષયો ઉપર કાર્ય કરવું. આ ત્યારે જ સંભવ છે જ્યારે દરેક વ્યક્તિ પોતાના સામર્થ્યનું સમર્પણ આપે. નાના-નાના વ્યક્તિગત પ્રશ્નોને બાજુ પર મુકી સમાજ કલ્યાણમાં જતું કરવાની ભાવનાથી કાર્યમાં લાગી જાય. દરેક ઘટક સક્રીય બની પોતાના વાદ-વિવાદ પૂરા કરે તો મહાસભા મજબુત બને.

માતાજીના પાવન નોરતા તેમજ વિજ્યાદશમીના પર્વની આપ સૌ સમાજભાઇઓને ખૂબ ખૂબ શુભકામનાઓ... પાવન નોરતા અને દશેરાનો પર્વ આપણા સૌના જીવનને પાવનકરી બનાવે તેવી પ્રાર્થના સહ જય સમાજ...

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

## વારાણસી ઘટકને આંગણે આયોજીત મહાસભાની અર્ધવાર્ષિક બેઠકની તસવીરો...














# વારાણસી ઘટકને આંગણે આયોજીત મહાસભાની અર્ધવાર્ષિક બેઠકની તસવીરો...



# વારાણસી ઘટકને આંગણે આયોજીત મહાસભાની અર્ધવાર્ષિક બેઠકની તસવીરો...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજ

# નવા શેડ લોકાર્પણની તસવીર ઝલક... તા. ૧૮/૮/૨૦૨૪

**લોકાર્પણ કર્તા : 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - પ્રમુખશ્રી, મહાસભા**





























# અભિનંદન

## ડો. દીક્ષા વાઘેલા

**આઈઆઈટી હૈદરાબાદથી ડૉક્ટરેટ મેળવવા માટે ખુબ ખુબ અભિનંદન!**

**MSK કેન્સર સેન્ટર ન્યુ યોર્ક માં તમારા પોસ્ટડૉક્ટરલ શોધ કાર્ય માં તમને સતત સફળતાની શુભકામનાઓ !**

### શુભેચ્છક પરિવારજનો

| | | | |
|---|---|---|---|
| સ્વ. કાંતા બેન પોપટ ભાઈ વાઘેલા | (દાદી-દાદા) | સ્વ. મુક્તા બેન કેશુ ભાઈ ટાંક | (નાની - નાના) |
| કૃતિબેન કિશોર ભાઈ વાઘેલા | (મમ્મી - પાપા) | કુમેશ કેશુ ભાઈ ટાંક | (મામા) |
| દિશા કિશોર ભાઈ વાઘેલા | (નાની બેન) | ગ. સ્વ. રેખા બેન યોગેશ ભાઈ ટાંક | (મામી – મામા) |
| ગ. સ્વ. ઉર્મિલાબેન હરિરામ ભાઈ ચાવડા | (ફઈ - ફુઆ) | રીતા બેન મહેશ ભાઈ ટાંક | (મામી – મામા) |
| રમાબેન ઓમપ્રકાશ ભાઈ ટાંક | (ફઈ - ફુઆ) | સરલાબેન ચંદ્રકાન્ત ભાઈ રાઠોડ | (માસી - માસા) |
| સ્વ. સાવિત્રીબેન દિલીપ ભાઈ પરમાર | (ફઈ - ફુઆ) | ગ. સ્વ. લક્ષ્મીબેન કાંતિલાલ ભાઈ પરમાર | (માસી - માસા) |
| મીનાબેન રાજેશ ભાઈ ચૌહાણ | (ફઈ - ફુઆ) | ગ. સ્વ. કલ્પનાબેન હર્ષદ ભાઈ ટાંક | (માસી - માસા) |

**સરનામું : કિશોર પોપટ ભાઈ વાઘેલા, કાન્તા સદન, 134/B, ગુપ્તેશ્વર, જબલપુર. મો. : 9329553137**



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

પ્રમુખશ્રી મહાસભા

'સમાજરત્ન'

શ્રી વિનોદભાઈ પુરૂષોતમભાઈ સોલંકી

જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020

Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર

'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,

કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110

Mob. 09408244644



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**

**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**

**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

## વારાણસી મધ્યે કાશી વિશ્વનાથ મહાદેવના સાનિધ્યમાં સફળતાપૂર્વક યોજાયેલ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠક વારાણસી ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૭,૮ સપ્ટેમ્બર-૨૦૨૪, શનિવાર અને રવિવારના રોજ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષ પદે હોટલ સારનાથ ઇન્ટરનેશનલના ભવ્ય કોન્ફરન્સ હોલમાં અભૂતપૂર્વ સફળતાપૂર્વક સંપન્ન થઇ હતી. પધારેલ દરેકે દરેક સભ્યો અને હોદ્દેદારોના ચહેરા પર આનંદ અને સંતોષની અનુભૂતિ જોવા મળી રહી હતી. જેમાં વારાણસી ઘટક અને મોગલસરાય ઘટકના સમાજબંધુઓ, મહાસભાના હોદ્દેદારો અને કાર્યવાહક સભ્યો, વિશેષ આમંત્રીત સભ્યો મળી કુલ ૧૫૦ સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગણેશ ચતુર્થીના પાવન દિવસે સૌપ્રથમ વિઘ્નહર્તાની સ્થાપના પૂજન અને દિપ પ્રાગટ્ય દ્વારા વાતાવરણ ભક્તિમય બન્યું હતું. વારાણસી અને મોગલસરાયના બહેનો દ્વારા પ્રાર્થના, સ્વાગતગીત, સ્વાગતનૃત્ય અને અતિથિઓના સન્માન કરવામાં આવ્યા હતા. મહાસભાના આદ. પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા પધારેલ દરેક સભ્યને પાઉચ, ફાઇલ તેમજ ઘડીયાળની ભેટ વારાણસી બેઠકની યાદગીરી રૂપે અર્પણ કરવામાં આવેલ.

અર્ધવાર્ષિક બેઠકમાં રજી. શુલ્ક ઉપરાંત આર્થિક યોગદાન



આપનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ હતું. વારાણસી ઘટક પ્રમુખ શ્રી બિપીનભાઇ મારૂ, મંત્રી શ્રી નિકુંજભાઇ રાઠોડ, શ્રીમતી રશ્મીબેન, શ્રીમતી કવિતાબેન, શ્રી અંકિતભાઇ, મોગલસરાય ઘટકના શ્રી વિનયભાઇ પરમાર, શ્રી લોમેશભાઇ પરમાર, શ્રીમતી લતાબેન રાઠોડ, શ્રીમતી ભાવનાબેન રાઠોડ, શ્રી અશ્વિનભાઇ ચૌહાણ, શ્રી યોગેશભાઇ મારૂ, શ્રી જીગ્નેશભાઇ ચાવડા, શ્રીમતી જ્યોતિબેન ચૌહાણ, શ્રીમતી જયશ્રીબેન, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, શ્રીમતી ભાવનાબેન ચૌહાણ, કોલફીલ્ડ પ્રાદેશિક પ્રમુખ શ્રી કિશોરભાઇ પરમાર અને સર્વે સમાજબંધુઓ મહેમાનોની સરભરા માટે ખુબજ જહેમત ઉઠાવી રહ્યા હતા. શ્રી જીમેશભાઇ ચાવડાએ મહેમાનોને રેલ્વેસ્ટેશનથી લાવવાથી શરૂ કરી બે દિવસ વારાણસી દર્શન



કરાવી પરત રેલ્વે સ્ટેશન – એરોડ્રામ મુકવા સુધીની જવાબદારી ખુબજ આતિથ્યભાવથી નિભાવી હતી.

ખુબજ ભક્તિમય વાતાવરણમાં તા. ૭-૯-૨૦૨૪ના શરૂ થયેલ મીટીંગ તા. ૮-૯-૨૦૨૪ના બપોરે ૩.૦૦ કલાક સુધી ચાલી હતી. અહેવાલ અને સુચન-સુઝાવો પર મુક્તમને ચર્ચા કરી સમાજહિતના નિર્ણયો લેવામાં આવેલ હતા. વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર, મંત્રીઓ શ્રી સુરેશભાઇ ચૌહાણ, શ્રી અજયભાઇ પઢિઆર, શ્રી ભગવાનજીભાઇ રાઠોડ, શ્રી દિલીપભાઇ ચૌહાણ, શ્રી સુરેશભાઇ ટાંક, શ્રી ગિરીશભાઇ ચૌહાણ અને સહયોગી સભ્યો મીટીંગ સંચાલન અને વ્યવસ્થામાં જોડાયેલા રહ્યા હતા. હોટલ સારનાથ ઇન્ટરનેશનલનો સમગ્ર સ્ટાફ તેમજ માલીક શ્રી એચ.એન. ગુપ્તા સાહેબ ખાસ ઉપસ્થિત રહી સુંદર આવાસ વ્યવસ્થા તેમજ મનભાવન ભોજન વ્યવસ્થામાં ખુબજ આદર સત્કારથી પોતાના જ મહેમાનો છે તેવી સરભરા કરી રહ્યા હતા. મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખો શ્રી અંબાલાલભાઇ ચૌહાણ, શ્રી અનિલભાઇ ચૌહાણ, શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી નારાયણભાઇ રાઠોડ, બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, શ્રી હેમંતભાઇ ગોહિલ, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી મનોજભાઇ વેગડ, શ્રી ભરતભાઇ ચાવડા, શ્રી કિરીટભાઇ ચૌહાણ, શ્રી બલરામભાઇ જેઠવા, કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ વરૂ, અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, પ્રાદેશિક પ્રમુખશ્રીઓ અને વિવિધ સમિતિઓના પ્રભારીશ્રીઓએ જરૂરી અહેવાલ અને સુચનો રજુ કર્યા હતા. મહાસભાના આદ. પ્રમુખશ્રીએ બધાને એક ચિતે સાંભળીને સમાજ હિતમાં નિર્ણય લેવામાં આવશે તેવી ખાત્રી આપેલ હતી. પૂર્વ અધ્યક્ષ અને સલાહકાર શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર અને શ્રી કુંવરજીભાઇ ટાંકનું સુંદર માર્ગદર્શન મળી રહ્યું હતું. માનદ્ સભ્યો શ્રી વિશ્વંભરભાઇ રાઠોડ, શ્રી રસીકભાઇ પરમાર, શ્રી વિપિનભાઇ રાઠોડનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

રાયપુર ઘટકના પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા અને હોદ્દેદારશ્રીઓ દ્વારા ડીસેમ્બર-૨૦૨૪માં આયોજીત સમૂહ ભાગવતજી, સગપણ સંમેલન અને વાર્ષિક અધિવેશનન બેનરનું વિમોચન કરેલ હતું. માનદ્ સભ્ય શ્રી રસીકભાઇ પરમારે આયોજની મુક્તમને પ્રશંસા કરી રાયપુર અધિવેશનનું જાહેર આમંત્રણ આપેલ હતું. મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી દ્વારા સંસ્થાકીય સંચાલન કેમ થાય અને કઇ કઇ પ્રક્રિયાઓ કરી નિર્ણય લેવાય તથા 'સર્વ હિત'ને ધ્યાને લઇ નિર્ણયની પ્રક્રિયા ખુબજ ભાવવાહી વકતવ્યમાં સમજાવેલ હતું. સેતુ સમાજ સંદેશના સફળ સંચાલન માટે શ્રી હિતેશભાઇ ચૌહાણનું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું.

'સમાજરત્ન'શ્રી અને મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ સોલંકીએ પોતાના ઉદ્બોધનમાં સ્પષ્ટ કાર્ય પદ્ધતિ અને અંતરની લાગણી તેમજ આધ્યાત્મભાવને લક્ષમાં રાખી આપણે આવનાર દિવસોમાં કઇ રીતે આગળ વધીશું તે બાબતે સચોટ રોડમેપ રજુ કરેલ હતો. અર્ધવાર્ષિક બેઠકના સંપૂર્ણ આયોજન, હોટલ બુકીંગથી લઇ મહેમાનોની વિદાય સુધીના સફળ આયોજન કરવા માટે વારાણસી ઘટક વતી વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર અને મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરનું જાહેર અભિવાદન કરવામાં આવેલ હતું.

વર્તમાન પરિસ્થિતિમાં સમાજમાં અને મહાસભામાં ઉચાટભરી પરિસ્થિતિ અને અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે તેના ઉકેલ માટે આદ. મહાસભા પ્રમુખશ્રીના અધ્યક્ષ પદે સદ્ભાવના સમિતિની રચના કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સમિતિ દ્વારા સર્વસંમત નિર્ણય લઇ સમાજમાં ભાતૃભાવ અને સંગઠનની પ્રક્રિયાને વેગ મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું હતું.

# 'સેતુ સમાજ સંદેશ' વિતરણ વ્યવસ્થા – સમસ્યા અને ઉકેલ...







મહાસભાનું મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ' આજે ઘર-ઘરનું ઘરેણું બની ગયું છે. વિવિધ સમાચારો, કોલમો, વિભાગો તથા વિષયો દ્વારા પણ મળતી માહિતી સમાજના પરિવારોને એક સુત્રથી બાંધવાની સામાજીક ફરજ અદા કરે છે ત્યારે સેતુ સમાજ સંદેશની નકલ સમયસર પોતાને મળે તેવી સમાજબાંધવોની અપેક્ષા પણ વ્યાજબી છે. એટલે આપણે ઉપરોક્ત વિષય બાબતે અવગત થશું. 'સેતુ સમાજ સંદેશ'નું કમ્પોઝીંગ અને ડીઝાઇનીંગ કામ અંજાર મુકામે થાય છે જ્યારે પ્રિન્ટીંગ-પેકીંગ અને પોસ્ટીંગ ભુજ મધ્યે થાય છે. અંકો પ્રિન્ટ થયા પછી મજબુત પોલીથીન બેગમાં પેક કરી તેના પર સરનામાના સ્ટીકર લગાડવામાં આવે છે. જેમાં પોસ્ટલ સ્ટેમ્પ પણ હોય છે. ત્યાર બાદ રાજ્ય/શહેર અને મોટા ગામો વાર બંડલો બનાવી ભુજ સોર્ટીંગ ઓફિસથી પોસ્ટીંગ માટેની નિયત એવી દર મહિનાની બીજી તારીખે પોસ્ટ કરવામાં આવે છે અને પોસ્ટલ વિભાગની નિયત વ્યવસ્થા અનુસાર જે-તે રાજ્ય/શહેર/ગામો તરફ આખે-આખા બંડલો રવાના કરવામાં આવે છે. જે જે-તે વિસ્તારની ટપાલ કચેરીએ પહોંચ્યા બાદ સ્થાનિકે અંકોનું વિતરણ કરવામાં આવે છે. વરસોથી ચાલી આવતી આ એક સર્વ સામાન્ય વ્યવસ્થા છે. તેમ છતાં ૨૦ તારીખ સુધી અંકો ન મળ્યાની ફરીયાદ 'સેતુ સમાજ સંદેશ'ના તંત્રી શ્રી મનોજભાઇ સોલંકી અને મેનેજીંગ તંત્રી શ્રી હિતેશભાઇ ચૌહાણને મળે તો તેમને રી-પોસ્ટ કરી અંકો પહોંચાડવાની જવાબદારી પણ કાર્યાલય તરફથી નિભાવવામાં આવે છે. તેમ છતાં અંકો ન મળવાની ફરીયાદોનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે તેના નિરાકરણના ઉપાયો વિશે વિચારીએ. **'સેતુ સમાજ સંદેશ' કાર્યાલયનું કામ તૈયાર થયેલા અંકોને નિયત તારીખે પોસ્ટ કરવાનું છે. જે બરાબર રીતે થાય છે. તેમ છતાં કોઇ ગ્રાહક અંકો ન મળવાની ફરીયાદ કરે તો જે-તે ગામનું બંડલ ચેક કરી ફરીયાદી ગ્રાહકને અંક પોસ્ટ થયો છે કે કેમ ? તેની ચકાસણી કરી ઘણી વખત સાબિતી રૂપે તેનો ફોટો પાડીને મોકલવામાં આવે છે.** પણ અનુભવ અને તપાસના આધારે એવું જણાયું છે કે છેલ્લા કેટલાક સમયથી ઘણી જગ્યાએ ટપાલ વિતરણની વ્યવસ્થા સ્ટાફના અભાવે કે અન્ય કારણોસર ખોરવાઇ ગઇ છે. પરિણામે, અંકો જે-તે ટપાલ કચેરીમાં પડ્યા રહે છે, અથવા તેનું મોડું વિતરણ થાય છે. આ સ્થિતિમાં ઘણી જગ્યાએ ગ્રાહકો પોસ્ટ ઓફિસમાં જઇને પોતાનો અંક મેળવી લે છે તેવું પણ જાણવા મળે છે. હાલની સ્થિતિએ મહાસભાના મુખપત્રની માત્ર વિતરણ વ્યવસ્થાને દોષ ન આપતાં જે ઘટકોમાં અંકો નથી મળતા તે ઘટકના પ્રમુખશ્રી, જાગૃત ગ્રાહકો કે જવાબદાર પદાધિકારીઓ સ્થાનિક પોસ્ટ ઓફિસમાં વારંવાર મૌખિક અને લેખિત રજુઆત કરે, અંકોનું વિતરણ થાય છે કે કેમ ? તેની જાત તપાસ કરે તે જરૂરી છે. મહાસભાનું મુખપત્ર આપણા સૌનું છે. **'સેતુ સમાજ સંદેશ'ના તંત્રી, અધ્યક્ષશ્રી અને વિવિધ સમિતિના પ્રભારીશ્રીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે અને માનદ્ સેવા આપે છે.** 'સેતુ સમાજ સંદેશ' સંચાલન સમિતિ પણ પૂરતા પ્રયાસો કરે છે. તેની સાથે આ ફરિયાદનું નિરાકરણ આપણા સૌની સામુહિક જવાબદારી છે. ઘણા લોકો એવી ફરિયાદ કરે છે કે અમારા ઘટકમાં અંકો પહોંચતા જ નથી. પછી તપાસ કરતાં જાણવા મળે છે કે અમુક વિસ્તારોમાં ડીલીવર થાય છે જ્યારે અમુક વિસ્તારમાં નથી મળતા. આવું બને છે તે સ્થાનિક સમસ્યા છે. અને તેના નિવારણ માટે આપ સૌની જાગૃતિ તથા સહયોગ અતિ આવશ્યક છે. છેલ્લા કેટલાક સમયથી ટપાલ વિતરણ વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે તે માત્ર આપણી જ નહીં પણ અન્ય સમાજો માટે પણ સમસ્યા બની છે. માટે આ લેખના માધ્યમથી આપ સૌને વિનંતી કે પોતાની પવિત્ર ફરજના ભાગરૂપે આવા કિસ્સામાં સૌ પ્રથમ સ્થાનિક પોસ્ટ ઓફીસનો સંપર્ક કરો. તેનું જરૂરથી હકારાત્મક પરિણામ મળશે. તેમ છતાં, આપણી પાસે રી-પોસ્ટ અને 'સેતુ સમાજ સંદેશ'નો ડીજીટલ અંક રૂપી વિકલ્પ તો છે જ... **ઘણા ઘટક પ્રમુખો પોતાના ઘટકના અંકો કુરિયર અને પાર્સલથી મોકલવાનું સુચન કરે છે... પણ એ બધું ખૂબજ ખર્ચાળ બની શકે છે.** આપ સૌના સહકારની અપેક્ષા સાથે.... જય સમાજ... ચાલો, સાથે મળીને સમસ્યાનું નિરાકરણ કરીએ...

તા.ક. પોસ્ટિંગ બાબતે કોઇપણ વધારે જાણકારી આપવી કે મેળવવી હોય તો મારો સંપર્ક કરવા વિનંતી.

**વિનોદ લીલાધર ચૌહાણ**
**પ્રભારી, પ્રિન્ટીંગ અને પોસ્ટિંગ**
**મો.નં. ૯૮૭૯૧૫૦૧૧૩**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## રાયપુર કાર્યાલય

| આવક | ઓગષ્ટ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૩૫,૧૫૪ | સ્ટેશનરી | ૨૩૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૯૦૬ | સેલરી | ૨૩,૦૦૦ |
| | | પોસ્ટેજ | ૧૬૧ |
| | | કુલ બચત | ૧૨,૬૬૯.૧૦ |
| કુલ | ૩૬૦૬૦.૧૦ | કુલ | ૩૬,૦૬૦.૧૦ |

## અભિલાષા

| આવક | ઓગષ્ટ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૫,૦૦૦ | ---- | --- |
| શ્રી ભગવાનલાલ રણછોડ ટાંક - નડીયાદ | ૧,૦૦૦ | | |
| શ્રીમતી નયનાબેન રમેશભાઇ ચૌહાણ - ગાંધીધામ | ૧,૧૦૦ | | |
| શ્રી હિતેશભાઇ એમ. વરૂ - રાયપુર | ૫,૦૦૦ | | |
| શ્રી નાનાલાલભાઇ હીરજીભાઇ સોલંકી - અંજાર | ૫૧,૦૦૦ | | |
| કુલ | ૬૩,૧૦૦ | | |

## સંજીવની

| આવક | ઓગષ્ટ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫,૦૦૦.૦૦ | આદીપુર ઘટક - લાભાર્થી : ૧ | ૬,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૨૫૦.૦૦ | બેંક ચાર્જીસ | ૭.૦૮ |
| વિજયકુમારહ ચૌહાણ | ૧,૦૦૦.૦૦ | ગોંદિયા ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| ઇકલેમ્પ પ્રો. સિસ્ટમ | ૨,૧૦૦.૦૦ | રાયપુર ઘટક - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૨,૦૦૦.૦૦ | ચેકબુક ચાર્જીસ | ૩૭૭.૬૦ |
| સુભાંશુભાઇ સાવરીયા | ૧,૦૦૦.૦૦ | નાગલપર ઘટક - લાભાર્થી : ૧ | ૫,૦૦૦.૦૦ |
| ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧,૦૦૦.૦૦ | મુંબઇ ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૧,૫૦૦.૦૦ | ગોંદિયા, મુંબઇ - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૫,૦૦૦.૦૦ | બેંક ચાર્જીસ | ૨૩૬.૦૦ |
| જય સમાજ | ૫,૦૦૦.૦૦ | ફીક્સ ડીપોઝીટ પેએબલ | ૫૦,૦૦૦ |
| એફ.ડી. વ્યાજ | ૧,૨૦૪.૦૦ | | |
| નાનાલાલ હિરજીભાઇ સોલંકી - અંજાર | ૫૧,૦૦૦.૦૦ | | |
| જય સમાજ | ૧૧,૦૦૦.૦૦ | | |
| ટોટલ | ૮૭૦૫૪.૦૦ | ટોટલ | ૮૭૬૨૦.૬૮ |

| | |
|---|---|
| તા. ૩૧-૦૭-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૦૦,૪૩૨.૫૩ |
| + આવકની કુલ રકમ | ૮૭,૦૫૪.૦૦ |
| - જાવકની કુલ રકમ | ૮૭,૬૨૦.૬૮ |
| તા. ૩૧-૦૮-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૨,૯૯,૮૬૫.૮૫ |

## અંજાર કાર્યાલય

| આવક | ઓગષ્ટ-૨૦૨૪ | જાવક |
|---|---|---|
| Nil | | Nil |

## સેતુ સમાજ સંદેશ

| આવક | ઓગષ્ટ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | ૩,૦૦૦ | પ્રિન્ટીંગ બીલ | ૧,૨૯,૩૬૦ |
| વાર્ષિક શુલ્ક | ૧,૫૦૦ | ગ્રાફીક્સ બીલ | ૨૯,૮૮૨ |
| વાર્ષિક સહયોગ રાશી | ૭૫,૦૦૦ | પોસ્ટીંગ ખર્ચ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ રાશી | ૮૮,૫૦૦ | લેબલ - ટીકીટ પેસ્ટીંગ | ૨,૦૦૦ |
| અન્ય ભેટની રકમ | ૦૦ | અન્ય | ૦૦ |
| કુલ આવક | ૧,૬૮,૦૦૦ | કુલ જાવક | ૧,૬૭,૨૪૨ |
| | | કુલ માસિક (નફો) | + ૭૫૮ |

માસ ઓગષ્ટ-૨૦૨૪ના ઉઘરાણીની બાકી રહેલ રકમ ૦૦.૦૦



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧

**॥ અન્નદાન મહાદાન ॥**



**પ્રભારી :**
**શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા**
**અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦**

**સહપ્રભારી :**
**શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા**
**અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮**

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, **જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા-સંબંધી ન હોવાને કારણે અને શારિરીક-માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઅુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/- પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.** આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં **ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે.** વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે. આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... **''ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.''** ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (પ્રભારી - 'અન્નપુર્ણા')

## (બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)

### અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી... (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ - નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર - નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર - અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ - ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક - કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૭૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦/-ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૨૪૦૦૦ | શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા - પૂના (હ. સંદિપભાઇ) |
| ૬૦૦૦ | માતૃશ્રી શાન્તાબેન વલમજીભાઇ વરૂ - માધાપર (હ. શ્રી મહેન્દ્રભાઇ વરૂ) |
| ૧૧૦૦૦ | બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા) |
| ૬૦૦૦ | શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ - બલ્લારશાહ |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૩-૨૦૨૫ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૩-૨૦૨૫ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

॥ ॐ શાંતિ ॥

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

# 'સંજીવની-૫'

The Lifeline.....

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઈ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## સંજીવની સમ્રાટ 'સમાજરત્ન' શ્રીમાન વિનોદભાઈ પી. સોલંકીજીને સથવારે...

# સમાજસેવા ક્ષેત્રના નૂતન અધ્યાયનો આરંભ...



જય સમાજ... જય સિયારામ... મિત્રો, 'સંજીવની'ના અવતરણથી આજ દિવસ સુધી 'સંજીવની'ના સાચા સાથીની ભૂમિકા ભજવી રહેલા **સમસ્ત સમાજબંધુઓના હૃદયસમ્રાટ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજી**ની સેવા સરવાણીની સુવાસ સાત સમંદર પાર, સમસ્ત વિશ્વમાં અસલ કેસરની જેમ પ્રસરી ગઇ છે ત્યારે સમાજે સંકટ સમયમાં 'સમાજરત્ન'શ્રીને યાદ કર્યા અને 'સમાજરત્નશ્રી'એ પણ પોતાનો સમાજધર્મ નિભાવતા, સમસ્ત સમાજબંધુઓની આત્મીય લાગણી એવં માંગણીને વિનમ્રતાથી સ્વિકારી અત્યારે મહાસભાના પ્રમુખપદે બિરાજી પદનું ગૌરવ વધારેલ છે.

આમ તો સમાજરત્ન શ્રી વિનોદભાઇને સમાજસેવા વારસામાં જ મળેલ છે પરંતુ સમસ્ત સમાજના સદનસિબે જ્યારથી સમાજરત્નશ્રી વિનોદભાઇ સોલંકીજીએ માધાપર ઘટક, કચ્છ પ્રાદેશિક, મહાસભાના વિવિધ પદ પર રહી 'સમાજ સેવા'ના નવા આયામો ખોલી આપ્યા છે. આપશ્રીના આગમન સાથે સમાજમાં નવી આશા, ઉમંગ, ઉત્સાહનું નવસર્જન થયેલ છે. 'સંજીવની'ની સ્થાપના કાળથી જ 'સંજીવની'ના સાથી મિત્ર રહેલા 'સમાજરત્ન'શ્રી પરિવારમાં આવતા ખુશાલી પ્રસંગો પર 'સંજીવની'ને અચૂક યાદ કરી જરૂરીયાતમંદ સમાજબંધુઓની મેડીકલ મદદ માટે સદા અગ્રેસર રહ્યા છે. 'સંજીવની'ની કાર્ય પદ્ધતિથી અત્યંત પ્રભાવિત થઇ પ્રસંગોપાત 'સંજીવની'માં ખુલ્લા દિલથી સહાયરૂપ થતા **'સમાજરત્નશ્રી'એ એક અનોખી પહેલ કરતા 'સંજીવની'માં પ્રતિમાસ રૂા. ૫૦૦૦ આપવાનો શુભ સંકલ્પ કર્યો** અને સમાજના પ્રથમ પ્રિમીયમ સંકલ્પધારી પરિવાર બન્યા. આમ, એક મોટી રકમ અને તે પણ પ્રતિમાસની પ્રથમ તારીખે અચૂક 'સંજીવની'માં અચૂક જમા થઇ જાય તેવી ઓટોડેબિટ વારી વ્યવસ્થાથી પ્રેરાઇ આજ આપણા સમાજના ૩૦થી વધુ સમાજપ્રેમી પરિવારો, પ્રતિમાસ રૂા. ૫૦૦ થી ૫૦૦૦ 'સંજીવની'માં અર્પણ કરી પોતાનો સમાજ ધર્મ ઘેરબેઠા નિભાવી રહ્યા છે. **મહાસભાનું સુકાન સંભાળતા જ પોતાની પ્રિય 'સંજીવની' યોજનામાં પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ આપવાની ઉદારદીલ ઘોષણાથી અનેક જરૂરીયાતમંદ પરિવારોમાં નવી આશા–અપેક્ષાનો સંચાર થયો.** 'સમાજરત્નશ્રી'ની આ અપૂર્વ, અનન્ય, ઐતિહાસીક પહેલને સમસ્ત સમાજ વતી નમન... વંદન... અભિનંદન... 'સંજીવની'ના વિવિધ આયામોને સિદ્ધ કરતા 'સંજીવની પ્રેમી', 'સંજીવની સહયોગી', 'સંજીવની સરતાજ' અને 'સંજીવની સમ્રાટ' આમ સર્વે સેવા-સન્માનથી સન્માનિત સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ સોલંકીજીને પરમકૃપાળુ પરમાત્મા સદૈવ સારા-નરવા, સુખી, સંપન્ન, પરોપકારી રાખે એજ અભ્યર્થના...

આવો મિત્રો, આજે મળીએ એક એવા સેવાધારી દંપતિથી કે જેમની સર્વાંગી સમાજ સેવા હવે તો કચ્છના સિમાડા ઓળંગી,





આખા ભારતમાં એક આગવી ઓળખ ઉભી કરેલ છે. **કચ્છ–નાગોર નિવાસી હાલ અંજારવાસી શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઈ હીરજીભાઈ સોલંકી...** આ સન્માનનીય બેલડી પોત-પોતાના કાર્યક્ષેત્રમાં સર્વોચ્ચ કામગીરીથી પર્યાપ્ત અર્થોપાર્જન કરી અત્યારે સંપૂર્ણ નિવૃત્ત જીવન ગાળે છે. સક્રિય જીવન ગાળતા સમાજબંધુઓને પણ શરમાવે તેવી સમાજની તમામ પ્રવૃત્તિમાં તન, મન, ધન અને સમયથી સદૈવ અગ્રેસર રહેતા 'સોલંકી દંપતિ' પ્રણામી સંપ્રદાયના ચુસ્ત અનુયાયી છે તેમ છતાંય સનાતન ધર્મના દરેક કાર્યક્રમોમાં પણ સદાય અગ્રેસર રહે છે. આ 'સોલંકી દંપતિ' પણ 'સંજીવની'થી અત્યંત પ્રભાવી થઇ, વખતોવખત સહાયરૂપ થતા જ રહે છે. જીવનના અનેક સંકલ્પોને સફળતાપૂર્વક પૂર્ણ કરનાર **'સોલંકી દંપતી' એ સંજીવનીને રૂા. ૫૧,૦૦૦ આપી 'સંજીવની સરતાજ'નું સેવા–સન્માન મેળવ્યું છે.**

પ્રણામી સંપ્રદાયના વંદનિય ધર્મગુરૂ શ્રીશ્રી કૃષ્ણમણીજી મહારાજ એવં શ્રીશ્રી સદાનંદજી મહારાજ સાહેબના પ્રિય એવા સોલંકી બેલડીની સેવા-સાધનાની સુવાસ પણ સમસ્ત દેશમાં પ્રસરી રહી છે ત્યારે શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકીજીની અનુકરણીય સેવા-સાધનાને નમન, વંદન, અભિનંદન...

તેલંગાણા રાજ્યના એક સમાજપ્રેમી ભાઇએ જય સિયારામ સાથે નામ પ્રસિદ્ધ ન કરવાની શરતે રૂા. ૧૦,૦૦૦ 'સંજીવની'માં સહયોગ કરી 'ગુપ્તદાન'ની મહિમા વધારેલ છે. **આપણા સમાજના અનેક પરિવારો પોતાનો સમાજધર્મ સુપેરે નિભાવવા વખતોવખત 'સંજીવની'માં સહયોગી થતાં જ રહે છે.** આવા નામી-અનામી, નાના-મોટા સર્વે સન્માનનીય સહયોગી દાતાશ્રીઓનો પરિચય મેળવશું સેતુ સમાજ સંદેશના આગામી અંકમાં... અત્યારે તો બસ આટલેથી વિરમીએ... જય સમાજ... સ્વસ્થ રહો... મસ્ત રહો....

**– વિનિત : વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર (ઉપપ્રમુખશ્રી, મહાસભા, પ્રભારી : 'સંજીવની'**

## 'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)

| | |
|---|---|
| ૬૦,૦૦૦ | સંજીવની સરતાજ શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા પરિવાર – પૂના<br>(પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૬૦,૦૦૦ | સંજીવની સરતાજ શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ (માધાપર) – નૈરોબી, કેન્યા, આફ્રીકા<br>(રૂા. ૫૦૦૦ પ્રતિમાસના સંજીવનીથ સંકલ્પધારી પરિવાર) |
| ૫૧,૦૦૦ | સંજીવની સરતાજ શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી – અંજાર |
| ૧૨,૬૦૦ | સંજીવની સરતાજ કર્નલ સત્યાન ડી. રાઠોડસર – અમદાવાદ<br>(પ્રતિ માસ રૂા. ૨૧૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર – અમદાવાદ – પૂના) |
| ૧૨,૦૦૦ | શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ (પ્રાદેશિક પ્રમુખશ્રી, કોલફીલ્ડ પ્રાદેશિક સમિતિ)<br>(પ્રતિ માસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી પરિવાર) |
| ૧૨,૦૦૦ | સંજીવની સરતાજ શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ પરિવાર – વિશાખાપટ્ટનમ<br>(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર) |
| ૧૨,૦૦૦ | સંજીવની સરતાજ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર પરિવાર – રાઉરકેલા<br>(અનુક્રમે પૂર્વ પ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ, પૂર્વ પ્રમુખશ્રી મહાસભા)<br>(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર – રાઉરકેલા) |

૧૧,૦૦૦ સ્વ. માતૃશ્રી મુક્તાબેન સૌભાગ્યલાલભાઇ વાઢેર – રાયપુરની પુણ્ય સ્મૃતિ અર્થે
હ. સુપુત્ર શ્રી મનોજભાઇ એવં શ્રી સંજયભાઇ વાઢેર – રાયપુર
૧૦,૦૦૦ જય સમાજ... જય સિયારામ... નિઝામાબાદ
૬,૦૦૦ શ્રીમતી બબિતાબેન વિજયભાઇ ચૌહાણ – મુંબઇ (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર)
૫,૦૦૦ માતૃશ્રી શાન્તાબેન વલમજીભાઇ વરૂ પરિવાર – માધાપર (હા. શ્રી મહેન્દ્રભાઇ વરૂ – માધાપર)
૨,૦૦૦ જય સમાજ (૩૧-૧-૨૪)
૨,૦૦૦ શ્રીમતી અનસુયાબેન જેરામભાઇ પરમાર – કુકમા
(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર – કુકમા)
૧,૧૦૦ સ્વ. શ્રી રમેશભાઇ ભવાનભાઇ ચૌહાણ – ગાંધીધામની ૧૩મી પુણ્યતિથિ નિમિત્તે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી સહ...
હ. ધર્મપત્ની નયનાબેન રમેશભાઇ ચૌહાણ – ગાંધીધામ
૧,૦૦૦ જય સમાજ (૧૩-૩-૨૪)

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર)
નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર – અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા – પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા – પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર – અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ – અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ – લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) – સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર – રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર – હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ – આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ – આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર – પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ – જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર – વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર – અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર – શહડોલ
(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક – નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર – કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ – વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર – ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર – અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર – અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર – મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ – ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ – વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક – આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક – મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક – લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક – અમદાવાદ


**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર – અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક – અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા – જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક – અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ – આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ – હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

વિદ્યા દાન.... **:: અભિલાષા આભાર ::** મહા દાન....



આપણા સમાજના ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છુક આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય આપતી આ સમિતિને પુના મુકામે 'સમાજરત્ન' સન્માન ગ્રહણ કર્યા બાદ ૬ વર્ષથી પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ નું અનુદાન પરમ આદરણીય **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** તરફથી મળતું રહ્યું છે. આ અનુદાનમાં વધારો કરીને મહાસભાની વારાણસી અર્ધવાર્ષિક બેઠક મધ્યે તેઓશ્રી તરફથી **પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦/- (અગિયાર હજાર)** ના દાનની જાહેરાત કરવામાં આવેલ છે. તેઓશ્રીની આ ઉદાર દીલ જાહેરાત બદલ ટીમ અભિલાષા સમિતિ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.... જય સિયારામ... જય શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ....

જય સમાજ... જયશ્રીરામ... જયશ્રી કાશી વિશ્વનાથ મહાદેવ... અયોધ્યા મધ્યે રામલલ્લાના પવિત્ર દર્શન કર્યા બાદ પવિત્ર તિર્થધામ વારાણસી મધ્યે મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીના અધ્યક્ષ પદે મહાસભાની અર્ધવાર્ષિક બેઠકનું સદ્‌ભાવી... સુચારૂ અને સફળ આયોજન થયું. નાના એવા વારાણસી ઘટકમાં ઉત્સાહનો સંચાર થયો. સુંદર અને આતિથ્ય સભર આયોજન બદલ ટીમ વારાણસી ઘટકને ખૂબ ખૂબ અભિનંદન...



ભારતભરમાં ફેલાયેલા આપણા સમાજમાં સમાજભાવનાથી ભરપુર અને તેજસ્વી હિરલાઓ છુપાયેલા છે કે તેમના સંપર્કમાં આવ્યા પછી આપણને અદ્વિતીય આનંદની લાગણી થાય... એવા મુલ્યવાન હિરલા એટલે **મુળગામ ખંભરા, હાલે બેંગ્લોર નિવાસી સ્પેશ ટેકનોલોજીના નિષ્ણાંત... ભારત વર્ષના ગૌરવરૂપી 'ચંદ્રયાન'ની સફળ ઉડાનના સહભાગી શ્રી વિપીનભાઇ દેવરામભાઇ રાઠોડ...** મહાસભાના માનદ્ સભ્યશ્રીનું ગૌરવાન્વિત પદ શોભાવતા શ્રી વિપીનભાઇ પાસે વારાણસી બેઠક સમયે 'અભિલાષા' દાન માટે ટહેલ નાખી, તો એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર **ખુબજ નમ્ર અને સહજ ભાવે રૂા. ૫૦,૦૦૦ (પચાસ હજાર)**નું માતબર દન મોકલાવી આપ્યું. સમાજસેવાના સંપૂર્ણ રંગે રંગાયેલા શ્રી વિપીનભાઇ રાઠોડ સાહેબ સાથે તેમના ધર્મપત્ની સૌ. લીનાબેન વિપીનભાઇ રાઠોડ પણ




અ.ભા. મહિલા મહામંડળના ઉપપ્રમુખ પદે પોતાની સેવા આપી રહ્યા છે... માદરે વતન ખંભરા ગામે કુળદેવી શ્રી બુટભવાની માતાજીના પરમ સેવક અને મહાસભાના દરેક આયોજન અને બેઠકોમાં ઉપસ્થિત રહી સમસ્ત સમાજનું ગૌરવ વધારતું આ દંપતિ ખરેખર મળવા લાયક છે. સમાજના શિક્ષણવાંચ્છુ આર્થિક રીતે નબળા છાત્રોને મદદરૂપ થવા બદલ આ આદર્શ દંપતિને ખૂબ ખૂબ સાધુવાદ... અભિનંદન... આભાર...

આપણે ગત અંકમાં જેની સુખદ નોંધ લીધેલ એવા આપણા સમાજના તેમજ પ્રણામી સંપ્રદાયના **ધર્માનુરાગી સેવક શ્રીમતી રસીલાબેન તથા શ્રી નાનાલાલભાઈ હીરજીભાઈ સોલંકી – અંજાર** તરફથી મળેલ અને પ્રતિવર્ષ આપવામાં આવનાર **રૂા. ૫૧,૦૦૦** ના માતબર દાનની સહર્ષ નોંધ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી તરફથી પણ લેવામાં આવી અને ભુજ વિદ્યાર્થી ભવન મધ્યે શેડ લોકાર્પણ કાર્યક્રમ અવરે તેમનું સેવા સન્માન પણ કરવામાં આવ્યું. ખુબ ખુબ અભિનંદન... સોલંકી દંપતિને પ્રણામ... પ્રણામ...

મહાસભાના અભિલાષા સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં આપવાની થતી શિક્ષણ સહાય માટે અત્યાર સુધી **કુલ ૧૯ છાત્રોને રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખ)** જેટલી શિક્ષણ સહાય આપવામાં આવેલ છે. નવી અરજીઓ બાબતે આગળ જતાં યોગ્ય કરવામાં આવશે.

**૨૦૨૩-૨૪ વર્ષમાં 'અભિલાષા' સમિતિ દ્વારા ઘટક સતરે આપવામાં આવેલ શિક્ષણ સહાય....**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| • અંજાર | ૭ | • ચાઇબાસા | ૧ | • પુના | ૧ | • શ્રીરામપુર | ૧ |
| • નાગલપર | ૨ | • ગાંધીધામ | ૫ | • રેહા | ૧ | • રાંચી | ૧ |
| • રાયપુર | ૧૦ | • સુરેન્દ્રનગર | ૪ | • મહાસમુન્દ | ૧ | • ધનબાદ | ૧ |
| • દુર્ગ | ૨ | • કુકમા | ૪ | • ભોપાલ | ૧ | • ચક્રધરપુર | ૧ |
| • જબલપુર | ૪ | • વડોદરા | ૨ | • બેંગ્લોર | ૨ | • ચંડીકોટ | ૧ |
| • નાગપુર | ૪ | • માધાપર | ૨ | • અમદાવાદ | ૧ | • કુલ | ૬૩ |
| • ઔરંગાબાદ | ૨ | • ઉજ્જૈન | ૨ | • ગુલબર્ગા | ૧ | | |

**૨૬ ઘટકોના કુલ ૬૩ લાભાર્થીઓ**


# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ


**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ...

ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા "Learn & Earn" અંતર્ગત આ સત્રનો આઠમો પ્રોજેક્ટ ધી આર્ટ ઓફ એબસ્ટ્રેક ફોટોગ્રાફી મુંબઇ પ્રાદેશિક અંતર્ગત થાણે-મુંબઇ ઘટકના પ્રખ્યાત ફોટોગ્રાફર **શ્રી વિમલભાઇ પરમાર** દ્વારા તા. ૩૦ ઑગષ્ટ-૨૦૨૪ના સફળતાપૂર્વક લેવામાં આવેલ.


આદ. શ્રી વિમલભાઇના માતા શ્રીમતી નર્મદાબેન તથા



પિતા મુકુંદલાલ કલ્યાણજી હિરજી પરમારજે઼ઓ બેહરામપુર (ઓડિશા)માં હિંદ ઓઇલ એન્ડ કોલ્ડ સ્ટોરેજનો બિઝનેસ ચલતા હતા અને કચ્છમાં હાજાપરના વતની છે. શ્રી વિમલભાઇનું શાળા અને કોલેજનું શિક્ષણ બેહરામપુરમાં પૂર્ણ કર્યું હતું પછી તેઓએ પ્રિન્ટીંગ ટેકનોલોજી અને ફોટોગ્રાફીમાં વિશેષતા મેળવી હતી. તેઓ સ્વતંત્ર માર્કેટીંગ કન્સલ્ટન્ટ અને ડીજીટલ પ્રિન્ટ સંવાહક છે તેમને ઇમેજીંગ ઉદ્યોગમાં ૪૦ વર્ષથી વધુનો અનુભવ છે. તેઓ પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (પી.પી.એ.આઇ.)ના સ્થાપક સભ્ય છે.

શ્રી વિમલભાઇ ફોટો ઇમેજીંગ ન્યુઝના ઇન્ડિયાના એડિટર પણ છે અને દર મહિને ફોટોગ્રાફી અને પ્રિન્ટીંગ ઉદ્યોગમાં ચાર અન્ય મેગેઝીનોમાં યોગદાન આપે છે. તેઓ શોખીન ફોટોગ્રાફર છે અને તેઓએ દાનમાં આપેલી ૨૦૦થી વધુ તસવીરો મુંબઇની એક હૉસ્પિટલમાં દર્દી ગૃહો અને વોર્ડમાં પ્રદર્શન માટે મુકવામાં આવી છે.


૨૦૧૯માં નિવૃત્તિ બાદ શ્રી વિમલભાઇએ મુંબઇની ભારતની આબુરતીમ ફોટોગ્રાફી સંસ્થામાં ફેકલ્ટી મેમ્બરની નવી મુસાફરી શરૂ કરી, જયાં તેઓ ફોટોગ્રાફી વિદ્યાર્થીઓને માર્કેટીંગ



શીખવે છે. અને આજે પણ ૫ મુખ્ય મેગેઝીનોમાં દર મહિને કોલમ લખે છે. માર્કેટીંગ કન્સલ્ટન્સી કામગીરીઓ લે છે. તેમના પરફેક્શન્સ અને અનુભવના કારણે તેમને મુખ્ય ઉદ્યોગ ફોરમ્સમાં મુખ્ય વક્તા અને પેનલિસ્ટ તરીકે આમંત્રણ આપવામાં આવે છે. ૧૯૨૩માં હૈદ્રાબાદમાં યોજાયેલ ફોટોગ્રાફીના ઇમેજીંગ એક્સપોમાં 'વંદે ભારત, ભીષ્મ વિશિષ્ટ પુરસ્કાર' આપવામાં આવ્યો હતો.

તેમના વ્યાવસાયિક સિદ્ધીઓ ઉપરાંત વિમલભાઇ અનેક રસ ધરાવે છે. જેમ કે ગ્રાફીક આર્ટ્સ, ફોટોગ્રાફી (એબ્સ્ટ્રેક્ટ, સ્ટ્રીટ અને પોર્ટ્રેઇટ્સ) શિક્ષણ, વાંચન, લેખન, ખોરાક, પ્રવાસ, સંગીત, પ્રિન્ટ પ્રમોશન, ઘર પ્રિન્ટીંગ, માર્કેટીંગ સોશ્યલ મીડીયા, નેટવર્કીંગ ટેકનિક્સનું સર્જન અને રોડ ટ્રિપ્સ. તેમના પત્ની ડૉ. વાણી પરમાર (પ્રખ્યાત બ્રેસ્ટ કેન્સર સર્જન અને પુત્રી શિવાની પરમાર (બ્રાન્ડ સ્ટ્રેટેજિસ્ટ અને રેલી ડ્રાઇવર) સાથે મળીને કાશ્મીરથી કન્યાકુમારી સુધીની રોડ ટ્રિપ્સ કરી છે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે દર મહિને લેવામાં આવતા અવનવા માહિતિસભર ઉપયોગી પ્રોજેક્ટમાં આ એક ખુબજ યુનિક અને એક સુંદર નવો વિષય 'એબસ્ટ્રેક્ટ ફોટોગ્રાફી'ની પૂર્ણ માહિતિ - જાણકારી શ્રી વિમલભાઇ દ્વારા ઝુમ પ્લેટફોર્મ ઉપરથી આપવામાં આવી. આજના સમયમાં બધાયના હાથમાં સ્માર્ટ ફોન છે. હાલતે-ચાલતે ફોટોગ્રાફી કરવી, રીલ્સ બનાવવી બધાનો શોખ છે. પરંતુ



જો આ ક્ષેત્રમાં યોગ્ય માર્ગદર્શન મળે તો ફોટોગ્રાફીને પણ કરીઅર બનાવી કમાણી કરી શકાય છે. વિમલભાઇના ૪૦ વર્ષના અનુભવમાં ખુબજ સરસ માર્ગદર્શન મળ્યુ છે. બહોળી સંસ્થામાં ભાઇ-બહેનો યુવાઓએ લાભ લઇ પ્રોજેક્ટને સફળ બનાવ્યો છે. એક યુનિક પ્રોજેક્ટ લેવાની હિંમત કરી તે ખરેખર સફળ રહ્યો.

શ્રી ક.ગુ.ક્ષ. સમાજને અનેક ઉપલબ્ધિઓના સાથે ગૌરવ અપાવનાર, સમાજનું નામ રોશન કરનાર એવા મુંબઇ-થાણે ઘટકના પ્રખ્યાત, નામવંત, ઉચ્ચ કક્ષાના ફોટોગ્રાફી આદરણીય ભાઇશ્રી વિમલભાઇ પરમારને મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા ખુબજ આત્મિય સહયોગ સાથે સફળ પ્રોજેક્ટ આપવા માટે હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવે છે તેમના સમાજ સેવાની... સમર્પણની ભાવનાને (કે મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા પ્રોજેક્ટ માટે આપવામાં આવતી શુભેચ્છા રાશી રૂા. ૧૧૦૦ સમિતિના કાર્ય માટે પાછા આપવામાં આવેલ છે.) શ્રી વિમલભાઇને ખુબજ સહકાર્યથી પ્રોજેક્ટ આપવા માટે અભિનંદન આપી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

– અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર

# સેતુ સમાજ સંદેશ

**સેતુ સમાજ સંદેશ કાર્યાલય - અંજાર પર પરત આવતા અંકોના આજીવન સભ્યોના નામો યાદી**

LM - ૧૫૨૨ – ક્રિષ્નાકુમાર ચૌહાણ – રાજમંદુરી
LM - ૨૬૨૯ – અશ્વિન દિપક પરમાર – તુથુગુડી
LM - ૪૪૨૮ – સંકેત રાજેશ વરૂ – અકોલા
LM - ૫૪૯૭ – હેમરાજ એલ. ચૌહાણ – પાલઘર
LM - ૫૯૪ – ડૉ. જગદીશ ચાવડા – માહીમ
LM - ૩૩૭૩ – વિશાલ પ્રવિણ વેગડ – જયપુર (રાજસ્થાન)
LM - ૩૪૯૪ – સી.એ. જયેશ શાંતિલાલ ટાંક – ઘાટકોપર
LM - ૧૩૭૦ (એન) – અરવિંદ વેલજી ચૌહાણ – ચેનાઇ
LM - ૪૨૭ (એન) – ઉમેશ બાબુ ખોડિયાર – ડિંડીગલ
LM - ૩૫૭૫ – વિશાલ લગધીર પરમાર – બેંગ્લોર
LM - ૨૭૩૪ – સચીન કાંતિલાલ ચૌહાણ – નાસિક
LM - ૧૦૪૭ – કિશોરભાઇ પી. રાઠોડ – પુના
LM - ૪૭૩૬ – હરીશ રણછોડ રાઠોડ – નાસીક
LM - ૪૧૪ (એન) – પ્રમોદકુમાર ચૌહાણ – ભીલાઇ
LM - ૧૧૫૯ (એન) – ધર્મસિંહ મોરારજી ચાવડા – હૈદ્રાબાદ
LM - ૧૧૫૬ (એન)વસંતબેન રામજી સાવરીયા –સિકંદ્રાબાદ
LM - ૨૮૫૬ – મુકુન્દ બી. ચાવડા – હૈદ્રાબાદ
LM - ૪૦૯૨ – શિવન કિશોર અરજીન રાઠોડ
LM - ૧૩૪૮ – દિનેશ દેવરામ પરમાર – વડોદરા
LM - ૪૪૧૦ – હર્ષદ એન. ચૌહાણ – ગોંદિયા
LM - ૬૦૫૪ – ભાવેશ ચૌહાણ – જયપુર (રાજસ્થાન)
LM - ૫૨૦ (એન) – અમન મનહર ચૌહાણ – મુંબઇ
LM - ૨૮૬૭ – અમિત કિરણ ચાવડા – દહિંસર
LM - ૧૦૬૫ (એ) – વિનીત ચાવડા – રાયપુર
LM - ૪૦૪ – રસીકભાઇ રાઠોડ – રાઉરકેલા
LM - ૧૨૦૭ – પુરૂષોત્તમ એન. મારૂ – હિંગોલી
LM - ૩૫૦૦ – ગોપાલ મોરારજી રાઠોડ – કલ્યાણ
LM - ૪૪૨૮ – સંકેત રાજેશ વરૂ – અકોલા
LM - ૫૮૯૩ – બાબુલાલ ખીમજી ચૌહાણ – ગાંધીધામ
LM - ૩૭૭૯ – નિરંજન અરવિંદ ટાંક – અંજાર
LM - ૧૧૯૩ – વિજય લક્ષ્મી ચાવડા – ખરીયારરોડ
LM - ૨૫૮ (એન) – મહેશ મારૂ – હિંગોલી
LM - ૧૦૬૫ (એન) – વિનીત જે. ચાવડા – રાયપુર
LM - ૧૧૬૧ – ચત્રભુજ સાવરીયા – મુંબઇ

દર મહિને પોસ્ટ થતાં અંકોમાંથી ઉપરોક્ત આજીવન સભ્યો જેમના અંકો છેલ્લા ૨-૩ મહિનાથી 'સેતુ સમાજ સંદેશ' કાર્યાલય પર એડ્રેસ ચેન્જ અથવા કોઇપણ અન્ય કારણોસર રીટર્ન આવી રહ્યા છે. સર્વે ઘટક પ્રમુખશ્રીઓ-મંત્રીશ્રીઓ એવં પ્રાદેશિક પ્રમુખશ્રીઓ-મંત્રીશ્રીઓને વિનમ્ર વિનંતી કરવામાં આવે છે કે, જો ઉપરોક્ત નામવાળા સભ્યોથી આપ પરિચિત હોવ તો તેમને તેમને જાણ કરશો કે આપના અંક પરત સમાજ સંદેશ કાર્યાલય પર જઇ રહ્યા છે. જો તેમના એડ્રેસ ચેન્જ થઇ ગયા હોય તો તેમને 'સેતુ સમાજ સંદેશ'ના મેનેજીંગ તંત્રી શ્રી હિતેશભાઇ બી. ચૌહાણ - મો. ૯૦૬૭૨૯૨૮૨૭ પાસે ત્વરીત ફેરફાર કરાવી લેવા અન્યથા આવતા મહિનાથી તેમના અંકો પોસ્ટ કરવામાં આવશે નહીં.

**ડૉ. મનોજભાઇ પી. સોલંકી – તંત્રી 'સેતુ સમાજ સંદેશ'**

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## શહડોલ ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ શહડોલ ઘટક દ્વારા તા. ૨-૮-૨૦૨૪ના રોજે દ્વિતીય પૌધા રોપણનું સફળ આયોજન પાંડવનગર પોલીટેકનિક હોસ્ટેલ પરિસર, શહડોલમાં કરવામાં આવ્યું. જેમાં મહાકૌશલ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી લીલાધરભાઇ રતીલાલ ખોડિયાર તથા મંત્રી શ્રી નિતિનભાઇ ભાણજીભાઇ ચૌહાણની ઉપસ્થિતિ રહેલ હતી. શ્રી લીલાધરભાઇ ખોડિયારે વૃક્ષારોપણ કરી સર્વેને પ્રેરણા આપતા ઉદ્‌બોધન કરેલ કે વૃક્ષોના નાના રોપા વાવીને તેનો ''માતૃત્વ દ્વારા બાળકની જેમ ઉછેર થાય.'' તેવી જ દેખરેખ પણ થોડા વખત જરૂરી છે તો જ આપણું કાર્ય સફળ ગણાય. કાર્યક્રમમાં શહડોલ ઘટક પ્રમુખ શ્રી જયસુખભાઇ ચાવડા, મંત્રી શ્રી નિતિનભાઇ ચૌહાણ, શ્રી ઘનશ્યામભાઇ ચાવડા, શ્રી હેમંતભાઇ ટાંક, સહમંત્રી શ્રી તનસુખભાઇ રાઠોડની સાથે યુવા સદસ્યો શ્રી ઉજ્જ્વલ ચિમનભાઇ રાઠોડ, શ્રી કેતન ચૌહાણ, શ્રી યોગેશ રાઠોડનો સહયોગ મળેલ હતો.

## માધાપર ઘટક

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપર ઘટક દ્વારા બારલા મંદિર ખાતે આવેલા બિલેશ્વર મહાદેવ મંદિર તથા રામ-લક્ષ્મણ-જાનકી મંદિર તથા દત્તાત્રેય ભગવાનના મંદિરે પવિત્ર શ્રાવણ માસના સોમવતી અમાસે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘટકના પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલા, મંત્રી શ્રી કાંતિલાલ પી. ચૌહાણ, પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ પરમાર, સહમંત્રી શ્રી મહેન્દ્રભાઇ વરૂ, અ.ભા.મ. મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, યુવા



મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા અને આરતીમાં ભાગ લીધો હતો. ભરતભાઇ રાઠોડ, નિલેશભાઇ ચૌહાણ, કિરણભાઇ ચૌહાણ, ચેતનભાઇ ચૌહાણ, દર્શનભાઇ પરમારે સહયોગ આપ્યો હતો.

## આદિપુર ઘટક

ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે તા. ૧૫ ઑગષ્ટ-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ કલકે સમાજ ભવન મધ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઘટકના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશભક્તિ અને સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શિત કરેલ. આ વખતે ઘટક પ્રમુખ શ્રી



ચંદ્રકાન્તભાઇ સોલંકીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવેલ. સાથે ઘટક ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ ડી. ચૌહાણ, સહમંત્રી શ્રી કનૈલાલ જે. રાઠોડ, ખજાનચી શ્રી પ્રવિણભાઇ એન. પરમાર તથા સલાહકાર સભ્ય શ્રી જેભાઇ રાઠોડ હાજર રહ્યા હતા. ધ્વજ ફરકાવ્યા બાદ ધ્વજને સલામી આપી ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ સ્વતંત્રતા દિવસની બધાને શુભેચ્છા પાઠવી હતી. પોતાનું પ્રવચન આપતા પ્રમુખશ્રીએ દેશની આઝાદી માટે કુરબાની આપનાર સ્વતંત્રતા વીરોને યાદ કર્યા હતા અને આપણા દેશની સરહદોનું રક્ષણ કરતા જવાનોની દેશભક્તિને બિરદાવી હતી.

ત્યાર બાદ વડીલા મહિલા સલાહકાર સભ્ય શ્રીમતી ત્રિવેણીબેન અમૃતલાલ ટાંક, મહિલા મંડળના મહામંત્રી શ્રીમતી અનુરાધાબેન સતીષભાઇ ટાંક, તથા યુવા મંડળના શ્રી કુશલભાઇ પી. રાઠોડ પ્રાસંગીક ઉદ્‌બોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન આદિપુર ઘટક સલાહકાર સભ્ય શ્રી જેભાઇ વિશનજીભાઇ રાઠોડે કર્યું હતું. અભિયાનની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે ઘટકના સભ્યોએ પોતાના ઘર અને ઓફીસ પર તિરંગો લહેરાવી, તિરંગા સાથેની સેલ્ફી લઇ રાષ્ટ્રીય અભિયાનમાં ભાગ લઇ રાષ્ટ્રીય ગૌરવની અનુભુતી કરી હતી.

તા. ૧૪-૦૮-૨૪, બુધવારના રોજ સલાહકાર સભ્ય શ્રી વલમજીભાઇ પી. વાઘેલા તરફથી ઘટક સમાજ ભવનના હોલમાં રાખવા વૉલ ક્લોક ભેટ આપવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી સાથે ઘટક ખજાનચી શ્રી પ્રવિણભાઇ એન. પરમારે ભેટ સ્વીકારી દાતાશ્રીનો આભાર માનેલ. ઘટકના સલાહકાર સભ્ય શ્રી વલમજીભાઇ વાઘેલા તરફથી ઘટકના પાંચ જરૂરીયાતમંદ સમાજબંધુઓને રાશનકીટ આપવામાં આવેલ.

## અંજાર ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અંજાર ઘટક દ્વારા વર્ષોથી ચાલી આવતી વડીલોની પરંપરા મુજબ અષાઢીબીજ (કચ્છી નવું વર્ષ) નિમિત્તે આધ્ય પુરૂષ વીરામામાની પેડી નિમિત્તે મહાપ્રસાદ તા. ૭-૭-૨૦૨૪, રવિવારના રોજ અંજાર સમાજ ભવન મધ્યે પ્રમુખ શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારના અધ્યક્ષ સ્થાને તેમજ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજીની વિશેષ ઉપસ્થિતિ સાથે અંજાર વિધાનસભાના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ છાંગા સાહેબની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો.

આ પ્રસંગે અંજાર ઘટકના સમાજબંધુઓ તેમજ સમસ્ત કચ્છના મહાસભાના આગેવાનશ્રીઓ, પ્રાદેશિકના આગેવાનશ્રીઓની ઉપસ્થિતિ સાથે ૫૦૦૦ જેટલા સમાજબંધુઓએ મહાપ્રસાદ લીધો હતો. સમાજ ભવન મધ્યે ત્રણે પાંખના હોદ્દેદારો તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વર્ષોની પરંપરા મુજબ ઘટક પ્રમુખશ્રી (નાતના પટેલ) શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે પાઘડી પહેરાવી અભિવાદન કરવામાં આવેલ.



રાષ્ટ્રીય મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીનું ફુલહાર, સાલ, મોમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવેલ. આ અવસરે ડૉ. મનોજભાઇ પી. સોલંકી (હલ્ધર એવોર્ડ), ભુમીતભાઇ વાઢેર (પૂર્વ કચ્છ હોમગાર્ડ કમાન્ડન્ટ), ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ છાંગા, શ્રી જયંતભાઇ રાઠોડ (લેખક-વાર્તાકાર)નું પણ અભિવાદન કરવામાં આવેલ.

સમાજ ગૌરવ સમાજની વિશિષ્ટ સિદ્ધી પદ ગ્રહણ કરેલ ભાઇઓનું પણ અભિવાદન કરવામાં આવેલ.

સંપૂર્ણ આયોજન ત્રણે પાંખના હોદ્દેદારશ્રીઓ તેમજ ભોજન સમિતિના અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્તભાઇ ટાંક, નવીનભાઇ ટાંક, સમગ્ર ટીમની મહેનત સાથે સમગ્ર સંચાલન ઘટક મંત્રી શ્રી મુકેશભાઇ હરીભાઇ ખોડિયાર તેમજ આભારવિધી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર દ્વારા કરવામાં આવેલ.

## ગુજરાત પ્રાદેશિક સમિતિ




ગુજરાત પ્રાદેશિક સમિતિની મીટીંગ તા. ૨૫-૦૮-૨૦૨૪ના રોજ વડોદરા ઘટકના સ્નેહમય આમંત્રણથી વડોદરા મુકામે રાખેલ હતી. જેમાં વડોદરા ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તેમજ ગુજરાત પ્રા.સ. મહિલા મંડળ, ગુજરાત પ્રા.યુવા મંડળને આમંત્રણ આપવામાં આવેલ હતું. મીટીંગમાં બહોળી સંખ્યામાં સમાજબંધુઓ જોડાયા હતા. મીટીંગની શરૂઆત દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવેલ. સદ્‌ગત આત્માઓની શાંતિ માટે બે મીનીટનું મૌન ધારણ કરવામાં આવેલ. ત્યાર બાદ સત્ર ૨૦૨૧-૨૩ના વિદાય લઇ રહેલ પ્રમુખશ્રી જગદિશભાઇ પુરૂષોત્તમભાઇ વરૂનું ફુલહારથી સન્માન કરવામાં આવેલ હતું. સાથે સાથે સત્ર ૨૦૨૪-૨૬ માટેના નવનિયુક્ત પ્રમુખ શ્રી રસિકભાઇ હરિલાલ ચૌહાણનું પણ ફુલહારથી સન્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.


મીટીંગમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ હતી. જેમાં ધોરણ ૧૦માં જે વિદ્યાર્થી સૌથી વધુ માર્કસ લાવે તેમજ કોલેજના છેલ્લા વર્ષમાં જે ટોપર્સ રેન્કથી ઉત્તિર્ણ થાય તેવા વિદ્યાર્થીઓનું ગુજરાત પ્રાદેશિક સમિતિ દ્વારા મોમેન્ટોથી સન્માનીત કરવું. ગુજરાત પ્રા.સ.માં આવતા તમામ ઘટકોમાંથી કોઇ વિશેષ અભિવ્યક્તિ હોય તો તેમનું સન્માન કરવું. મહાસભા દ્વારા ચાલતી આકસ્મિક મેડીકલ સહાય જરૂરતના સમયે ગુજરાત પ્રા.સ.માં આવતા તમામ ઘટકોને વિશ્વામાં લઇ ગુજરાત પ્રા.સ.ના નામે બધા ઘટકોમાંથી ફંડફાળો એકત્રિત કરવો જોઇએ. જેથી ગુજરાત પ્રા.સ.નું નામ મહાસભા લેવલે અંકિત રહે અને જરૂરીયાતમંદને મદદરૂપ થઇએ. ઉપરોક્ત મુદ્દાઓ માટે ફંડ એકત્રિત કરવા માટે ગુજરાત પ્રા.સ.ની કારોબારીના સભ્યો પાસેથી ફીસ દ્વારા ઉભું કરવું.

ડૉ. અભિષેકભાઇ પરમારના અભિપ્રાય મુજબ સમાજમાં કોઇને મોટી બિમારી હોય અને હોસ્પિટલમાં એડમીટ થવું પડે ત્યારે સમાજના નામાંકિત ડૉક્ટરની સલાહ-સુચન લેવી, જેથી સરકારી યોજનાઓમાં કન્સેશન અને લાભો શું શું હોય છે, તે આ ડૉક્ટરને બધી વિગતવાર માહિતિ હોય છે. તો દર્દીને સરકારી યોજનાઓમાં સંપૂર્ણ લાભ લઇ શકાય. સમાજમાં છુટાછેડાના જે બનાવો બને છે તે સમાજના પ્રયાસોથી કરવામાં આવેલ છે કે પછી કોર્ટ મારફથે થયેલ છે તેનું સેતુ સમાજ સંદેશમાં ક્યારે નથી આવતું. તેની જાણકધારી સેતુ સમાજ સંદેશમાં આવે તો બધાને જાણકારીથી અવગત થાય જેથી કોર્ટ કચેરીમાં થતાં ખર્ચ ઘટાડી શકાય.

મીટીંગમાં સમાજ ઉત્કર્ષની ઘણી બધી વાતો થયલ. જેમાં શ્રી જગદિશભાઇ વરૂ, શ્રી રસીકભાઇ ચૌહાણ, શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ, શ્રી નરોત્તમભાઇ જેઠવા, ડૉ. શ્રી અભિષેકભાઇ પરમાર, શ્રી દુર્ગેષભાઇ ચૌહાણ, શ્રી અમૃતલાલભાઇ ટાંક, શ્રી કુમારભાઇ ચૌહાણ હાજર રહ્યા હતા અને સ્ટેજ સંચાલન શ્રી તુષારભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. પધારેલ સર્વે મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી વડોદરા ઘટક પ્રમુખશ્રી અને તેમની ટીમનો ખુબજ સરસ સહયોગ અને સંપૂર્ણ વ્યવસ્થા માટે આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગીત ગાઇ બપોરનું ભોજન લઇ સૌ છુટા પડ્યા હતા.

## હાજાપર ઘટક





તા. ૮-૯-૨૪ના રોજે હાજાપર ઘટકની કોર કમીટીની મીટીંગ મળી હતી. પ્રથમ પ્રભુ પ્રાર્થના બાદ હાજાપર ઘટકના મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમારે ગત મીટીંગનો અહેવાલ વાંચેલો હતો. વિશેષમાં હાજાપર ગામમાં જન્માષ્ટમીના ઉત્સવ ખુબજ ધામધૂમથી ઉજવ્યો તેની માહિતિ આપેલ હતી. ત્યાર બાદ ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમારે નવા દાતાશ્રીના નામ જણાવેલ હતા અને સમાજ ભવનના ખર્ચ વિષે ટુંકી માહિતિ આપેલ હતી. ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવે હાજાપર સમાજ ભવન વિષે વિસ્તારપૂર્વક જાણકારી આપેલ. આ મીટીંગનો મુખ્ય એજન્ડા પ્રમાણે સમાજ ભવનના જુના કોન્ટ્રાક્ટરને બદલી નવા કોન્ટ્રાક્ટરની જાણકારી આપેલ હતી. જુના કોન્ટ્રાક્ટરનો હિસાબ ચુકતે કરી રાજીખુશીથી કોન્ટ્રાક્ટ રદ કરેલ હતો. હાજાપરવાસીઓ અને દિલેર દાતાશ્રીઓને વિશ્વાસ અપાવીએ છીએ કે ગમે તેટલી મુશ્કેલીઓ આવે, ભલે સમાજ ભવન કાર્યમાં વિલંબ થાય પરંતુ હાજાપર સમાજ ભવનના ઇન્જીનિયરીંગ કાર્યમાં કોઇપણ કચાસ કે બાંધછોડ કરવામાં આવશે નહીં. આ સમાજ ભવન આવતા ૭૦ થી ૮૦ વર્ષની મજબુતાઇને ધ્યાનમાં રાખીને નિર્માણ કરવામાં આવશે. નવા કોન્ટ્રાક્ટર તરીકે સમાજના રેહા નિવાસી હિતેશભાઇ સોલંકીને બાંધકામ પ્લાસ્ટર અને આર.સી.સી.નું મહત્વનું કાર્ય માટે માધાપર નિવાસી શ્રી પાર્થભાઇ રાઠોડને કોન્ટ્રાક્ટર તરીકે નિયુક્ત કરેલ છે અને ફરીથી રાબેતા મુજબ બાંધકામ ચાલુ છે. હાજાપર સમાજ ભવનના મુખ્ય દાતા શ્રી વલમજીભાઇ વાઘેલાએ સમાજ ભવનનો જે પાંચ મહિનાથી વધુ બંધ રહ્યું હતું તે નિરાશાને ખંખેરી નવા ઉમંગ જોશ સાથે કાર્ય પૂર્ણ કરવા ભાર મુક્યો હતો અને સાથે મળી આ કાર્ય સંપન્ન કરવા કહ્યું હતું.

## રેહા ઘટક





રેહા ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા ગણપતિ ઉત્સવનું આયોજન શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલ હતું. ગણપતિ બાપાની મૂર્તિના દાતાશ્રી ઇશ્વરલાલભાઇ હરીલાલ ચૌહાણના નિવાસ સ્થાનેથી વાજતે-ગાજતે સામૈયું કરીને ચૌહાણ પરિવારના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે પધરામણી કરાવવામાં આવેલ હતી તથા શાસ્ત્રોક્ત વિધીથી સ્થાપના કરવામાં આવેલ હતી. તે દરમિયાન ગણપતિજીની આરતી, સ્તુતિ, ભજનો, રાસગરબા તથા અન્ય ધાર્મિક મનોરંજન કાર્યક્રમો ભાઇઓ અને બહેનો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ હતા. આયોજન પુરૂં થયે તિર્થધામ ધ્રબુડી મુકામે ફરી પધારવાના આમંત્રણ સાથે ગણપતિ બાપાને વિદાય આપવામાં આવી હતી. યુવા મંડળના પ્રમુખ રોમેક્ષ ચૌહાણ, વિશાલ સોલંકી, દેવેન ચાવડા, ધરમ ચૌહાણ, રોમેક્ષ ટાંક, મહિલા મંડળના પ્રમુખ કલ્પનાબેન ચૌહાણ, મંત્રી માયાબેન ચૌહાણ તથા કાર્યકર્તાઓએ આયોજન સંભાળેલ હતું. ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ચૌહાણ, મંત્રી દિલીપભાઇ ચૌહાણ, અગ્રણીઓ મોહનભાઇ ચૌહાણ, કીરીટભાઇ પરમાર, કિશોરભાઇ પરમાર, અમરશીભાઇ ચૌહાણે સહયોગ આપેલ.

## વિશાખાપટ્ટનમ ઘટક



વિશાખાપટ્ટનમ ઘટકના આગામી કાર્યકાળ માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ - શ્રી નિર્મલભાઇ માધવજીભાઇ પરમાર, ઉપપ્રમુખ - શ્રી સુરેશભાઇ વિશ્રામભાઇ પરમાર, મંત્રી - શ્રી મહેશભાઇ નાનાલાલભાઇ ટાંક, સહમંત્રી - શ્રી અશોકભાઇ નરસીભાઇ પરમાર, ખજાનચી - શ્રી નિરેશભાઇ વિનોદભાઇ પરમાર, સહખજાનચી - શ્રી જયદીપભાઇ જેઠાલાલભાઇ ચૌહાણ, સલાહકાર - શ્રી પુરૂષોત્તમભાઇ લાલજીભાઇ પરમાર તથા ૪ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. નવનિયુક્ત કારોબારી દ્વારા સમાજ ઉત્કર્ષના કાર્યો કરવામાં આવશે એવી આશા સમાજબંધુઓએ વ્યક્ત કરી હતી.

## રાંચી ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી ઘટક દ્વારા શુક્રવાર, તા. ૧૩-૯-૨૪ના શુભ દિવસે શ્રી રામદેવપીર જયંતી મહોત્સવ ઉજવવામાં આવ્યું હતું. આ અવસરે શ્રીમતી મમતાબેન નરેન્દ્રભાઇ ટાંકના ઘરેથી સમાજની મહિલાઓ દ્વારા કળશયાત્રા વાજતે ગાજતે નિકાળવામાં આવી હતી. કળશયાત્રા ગુજરાતી સ્કુલમાં પહોંચીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ અવસરમાં રામદેવપીર બાપાના ભજન, પૂજા તથા રાત્રે ૧૨ વાગે આરતી અને જન્મોત્સવ મનાવવામાં આવ્યું હતું. લગભગ ચાર સો સમાજબંધુઓએ મહાપ્રસાદનો આનંદ લીધો હતો. આયોજનમાં શ્રી દિલીપભાઇ વાઢેર, શ્રી હિતેશભાઇ ચૌહાણ, શ્રી લલીતભાઇ રાઠોડ અને શ્રી પ્રમોદભાઇ ચૌહાણેનો સહયોગ હતો.

રાંચી મહિલા મંડળ અને યુવતી મંડળ દ્વારા સ્થાનીય ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે સમાજના બાળકો અને બાળાઓ દ્વારા કૃષ્ણ અને રાધાની વેશભૂષા પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ - મુદિત વાઢેર, દ્વિતીય - મનન વાઢેર, પ્રથમ - તૃષા સોલંકી, દ્વિતીય - તૃષા વાઢેરને આપવામાં આવેલ. આ અવસરે આરતી, પ્રસાદ વિતરણ અને અલ્પાહાર બાદ કાર્યક્રમ સંપન્ન થયું હતું. કાર્યક્રમનું સંચાલન ભાવનાબેન રાઠોડે કર્યું હતું.


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

॥ શ્રી બ્રહ્માણી માતાય નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી બ્રહ્માણી માતાય નમઃ ॥



## શ્રી બ્રહ્માણી માતાજી મંદિર સંસ્થાન – અંજાર

### શ્રી અંજાર નિવાસી જેઠવા પરિવાર દ્વારા આયોજીત

### દ્વિતીય સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ પ્રસંગે

### ગોઠી ભાઈઓ તરફથી નોંધાયેલ સહયોગ સેવા શુલ્ક...

**કથા પ્રારંભ : તા. ૧૬-૧૨-૨૦૨૪ કથા વિરામ : તા. ૨૩-૧૨-૨૦૨૪**

| | | |
|---|---|---|
| (૩૬) | **શ્રી મગનલાલ જયંતિલાલ જેઠવા પરિવાર** - કલ્યાણ (મહારાષ્ટ્ર) | **૫૧,૦૦૦** |
| (૩૭) | **શ્રી રામજીભાઈ નાનજીભાઈ જેઠવા પરિવાર** - ખડગપુર-બાલાઘાટ<br>(હ. શ્રી જયંતિલાલભાઈ જેઠવા) | **૨૧,૦૦૦** |
| (૩૮) | **સ્વ. ધરમશીભાઈ ઓધવજીભાઈ જેઠવા પરિવાર** - મુન્દ્રા (કચ્છ) | **૨૫,૦૦૦** |
| (૩૯) | **શ્રી શાંતિલાલભાઈ ઓધવજીભાઈ જેઠવા પરિવાર** (મુન્દ્રા) દુર્ગ-છ.ગ. | **૨૧,૦૦૦** |
| (૪૦) | **શ્રી દેવસીભાઈ ઓધવજીભાઈ જેઠવા પરિવાર** - મુન્દ્રા | **૧૧,૦૦૦** |
| (૪૧) | **સ્વ. વલમજીભાઈ ઓધવજીભાઈ જેઠવા પરિવાર** - મુન્દ્રા<br>(હ. ગં.સ્વ. કાન્તાબેન વલમજીભાઈ) | **૨૫,૦૦૦** |
| (૪૨) | **સ્વ. જયંતિલાલ ગોપાલજીભાઈ જેઠવા પરિવાર** - મુન્દ્રા<br>(હ. ગં.સ્વ. કુંદનબેન જયંતિલાલ જેઠવા) | **૨૧,૦૦૦** |
| (૪૩) | **શ્રી હસમુખભાઈ એવં શ્રી લોકેશભાઈ તુલસીદાસભાઈ જેઠવા પરિવાર** - અંજાર | **૨૧,૦૦૦** |
| (૪૪) | **શ્રી વિજયભાઈ નરોતમભાઈ મોરારભાઈ જેઠવા પરિવાર** - અંજાર | **૧૧,૦૦૦** |

**(અપૂર્ણ)**

**વિશેષ વિનંતી : ઉપરોક્ત કથા યજમાન સહયોગી ગોઠી ભાઈઓના નામ, ગામ, રકમ વગેરેમાં કોઈપણ ફેરફાર જણાય તો જાણ કરવા વિનંતી...**

## ॥ રાસોત્સવ ॥

### સર્વે ગોઠી ભાઈઓને સાદર, સપરિવાર, જાહેર આમંત્રણ

**તા. ૧૦-૧૦-૨૦૨૪, ગુરૂવારના આસો સુદ-૭**

સંધ્યાકાળે ૬.૦૦ કલાકે થી ૭.૩૦ કલાક સુધી માતાજીના ગરબા,
૭.૩૦ થી ૮.૦૦ માતાજી મહાઆરતી, રાત્રે ૮.૦૦ થી ૯.૩૦ માતાજીનો પ્રસાદ ભોજન

**તા. ૧૧-૧૦-૨૦૨૪, શુક્રવાર, આસો સુદ-૮,**

સવારે ૮.૦૦ કલાકેથી માતાજીના સમુહ નૈવેધ, હોમ-હવન
બપોરે ૧૨.૩૦ કલાકે : શ્રીફળ હોમ, બપોરે ૧.૦૦ કલાકથી મહાપ્રસાદ
સ્થળ : શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન - અંજાર મધ્યે આયોજીત છે.
સર્વે ગોઠી ભાઈઓને ઉપરોક્ત બધા કાર્યક્રમોમાં સહપરિવાર પધારવા આત્મીય આમંત્રણ પાઠવવામાં આવે છે.

**:: વિનિત ::**

**શ્રી બ્રહ્માણી માતાજી મંદિર સંસ્થાન સંચાલન સમિતિ – અંજાર**

**શાંતિલાલ ગોપાલજીભાઈ જેઠવા – અંજાર**
**પરસોતમભાઈ રામજીભાઈ જેઠવા – અંજાર**
**શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા – અંજાર**
**બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા – અંજાર**

# શ્રી કુકમા ગામ નૂતન પ્રવેશદ્વાર નિર્માણ સમિતિ - કુકમા





સુજ્ઞ સમાજબંધુઓ,

શ્રી કુકમા ગામ નૂતન પ્રવેશદ્વાર નિર્માણ સમિતિની રચના કરી અને ગામમાં બે પ્રવેશદ્વારનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. કુકમા નિવૃત્તિ આશ્રમના સંત શ્રી વાસુદેવદાસજી ગુરૂ ભાણદાસજીના વરદ્ હસ્તે ગરીબદાસજી પ્રવેશ દ્વારનું અને જ્ઞાતિરત્ન સ્વ. ઘેલાભાઇ પચાણભાઇ પરમાર પ્રવેશદ્વારનું લોકાર્પણ અંજાર મત વિસ્તારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ છાંગા, કુકમા ક.ગુ.ક્ષ. સમાજના પ્રમુખ શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ, ગ્રામ પંચાયતના સરપંચશ્રી, નિવૃત્તિ આશ્રમના ટ્રસ્ટીશ્રીઓ, સભ્યશ્રીઓ, સમિતિના સભ્યશ્રીઓ, ગામના અન્ય સમાજના પ્રમુખશ્રીઓ/મંત્રીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત કુકમા ગામજનોની હાજરીમાં ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવેલ. આ ભગીરથ કાર્યમાં પોતાના વડીલોની સ્મૃતિમાં દાન આપનાર કે પોતાના નામથી દાન આપનાર દાતાશ્રીઓની નામાવલી અગાઉ સેતુ સમાજ સંદેશમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને સ્વ. ઘેલાભાઇ પચાણભાઇ પરમાર પ્રવેશદ્વાર પર તમામના નામોની તક્તિ લગાવવામાં આવેલ છે. આમ, આ કાર્યમાં તન, મન, ધનથી સાથ-સહકાર આપનાર સૌ દાન-દાતાશ્રીઓનો આ સમિતિ હૃદયસ્થ આભાર માને છે. ભવિષ્યમાં પણ ધાર્મિક અને સેવાના આવા કાર્યોમાં આપના તરફથી સાથ-સહકાર મળતો રહે એવી શુભભાવના સાથે આપ સૌને જયશ્રી કૃષ્ણ...

**મોહનલાલ કુંવરજી ચૌહાણ** — કન્વીનરશ્રી
**નલિનભાઇ જેઠાલાલ પરમાર** — મંત્રીશ્રી
**અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ** — ખજાનચીશ્રી
શ્રી કુકમા ગામ નૂતન પ્રવેશ દ્વાર નિર્માણ સમિતિ - કુકમા

**હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ** — પ્રમુખશ્રી,
શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા ઘટક

## શ્રી કુકમા ગામ નૂતન પ્રવેશ દ્વાર નિર્માણ સમિતિ - કુકમા (કચ્છ)

### દાનરૂપે મળેલ આવક અને બંને પ્રવેશદ્વાર બાંધકામ માટે થયેલ ખર્ચનો હિસાબ

| દાનની આવક | રકમ રૂા. | થયેલ ખર્ચ | રકમ રૂા. |
|---|---|---|---|
| રસીદ નં. ૧ થી ૮૦ | ૧૫૬૮૦૫૮ | સિમેન્ટ ખરીદ ખાતે | ૧૯૬૭૦૦ |
| રસીદ નં. ૧૦૧ થી ૧૩૪ | ૪૫૫૨૭૭ | લોખંડ ખરીદ ખાતે | ૪૨૦૧૯૯ |
| | | બાંધકામ મજુરી ખાતે | ૫૭૦૦૦૦ |
| | | ગ્રેનાઇટ ખરીદ ખાતે | ૧૪૨૮૦૦ |
| | | વિવિધ મૂર્તિ ખરીદ ખાતે | ૨૯૭૫૦૦ |
| | | ઇલેક્ટ્રીક માલ-મજુરી ખાતે | ૪૭૦૦૦ |
| | | જાહેરાત ખર્ચ ખાતે | ૭૫૦૦ |
| | | લોકાર્પણ સમારંભના ખર્ચ ખાતે | ૮૨૩૬૦ |
| | | કલરકામ માલ તથા મુજરી ખાતે | ૫૨૦૦૦ |
| | | કાંકરી તથા રેતી ખર્ચ ખાતે | ૮૯૩૪૮ |
| | | તક્તી માટે માલ અને મુજરી ખાતે | ૬૦૪૦૦ |
| | | પાણી છંટકાવની મજુરી ખર્ચ ખાતે | ૨૧૦૦૦ |
| | | પરચુરણ ખરીદ ખાતે | ૩૦૫૩૪ |
| | | સેનેટરી માલ ખરીદ ખાતે | ૯૬૫૮ |
| | | | |
| કુલ દાનની આવક | ૨૦૨૩૩૩૫ | કુલ થયેલ ખર્ચ | ૨૦૨૬૯૯૯ |







**Riya**

M.Tech Instrumentation Engg. SVNIT, Surat

**Raj**

M.S. Mechanical Engg. Long Beach, Los Angeles

# Congratulations

## ચિ. રિયા રાઠોડ
07-12-1999

## ચિ. રાજ રાઠોડ
07-12-1999

આત્માધાર પરમાત્મા શ્રી રાજશ્યામજીની અસીમ મહેર તથા વડીલોના આશીર્વાદથી અમારા સુપુત્ર અને સુપુત્રી બન્નેએ હાલમાં જ ઇજનેરીમાં માસ્ટર (અનુસ્નાતક) ડિગ્રી પ્રાપ્ત કરી જાણીતી એવી **લાર્સન એન્ડ ટુબ્રો** (ઇન્ડિયા) તથા **નિક્કીસોક્રઆયો** (લાસવેગાસ - યુ.એસ.એ.) જેવી અગ્રગણ્ય કંપનીમાં જોડાઇ, કુટુંબ તથા સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના સહ શુભાશિષ....

દાદા : શ્રી લાલજીભાઇ
દાદીમા : શ્રીમતી માયાબેન

પપ્પા : શ્રી અનિલભાઇ
મમ્મી : શ્રીમતી ભારતીબેન

કાકા : શ્રી મહેન્દ્રભાઇ
કાકી : શ્રીમતી મીતાબેન

ભાઇ : શ્રુતિકભાઇ (pursuing MS in Mech. Engg., Germany)    દીદી : નિધિ (pursuing MBA from SVNIT, Surat)

કુસુમફઇબા તથા લલિતફુવા,    ભાવનાફઇબા તથા ભુપેન્દ્રફુવા,    દિપકમામા તથા પલ્લવીમામી

**રાઠોડ પરિવાર (મેઘપર) હાલ સુરતના ''જય સમાજ'' પ્રણામ**

# હાર્દિક અભિનંદન



## કુ. નિરાલી દિનેશભાઈ પરમાર

મુળ ગામ : કુકમા, હાલ : ગળપાદર (કચ્છ)

શ્રી જગતજનની મહામાયા મોમાઇ માની અસીમ કૃપાથી મૂળ ગામ : કુકમા, હાલે ગળપાદર નિવાસી શ્રી દિનેશભાઇ કેશવજીભાઇ પરમાર અને શ્રીમતી નીતાબેન દિનેશભાઇ પરમારની સુપુત્રી તથા જૈનિશ પરમાર અને લક્ષ્ય પરમારની બહેન કુ. નિરાલી પરમાર એ ગુજરાત ગવર્મેન્ટ GSSSB ની તલાટી કમ મંત્રી ૨૦૨૩ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઇને કચ્છમાં તલાટી કમ મંત્રીની પોસ્ટ મેળવી ફરજ બજાવી રહ્યા છે.

આ અગાઉ તેમણે હાઇકોર્ટની પરીક્ષા, TET-2, TAT (S), TAT (HS) જેવી પરીક્ષાઓ પણ ઉત્તીર્ણ કરેલ છે. સમગ્ર કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, ગળપાદર સમાજ અને પરમાર પરિવારનું ગૌરવ વધારવા બદલ કુ. નિરાલી પરમારને ખુબ ખુબ અભિનંદન અને ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિની શુભકામના સહ આશીર્વાદ...

:: શુભેચ્છક ::

**મીઠીબેન માવજીભાઈ અરજણભાઈ પરમાર પરિવાર (કુકમા)**

**કંકુબેન કરશનભાઈ કરમશીભાઈ વાઢેર પરિવાર (સિનુગ્રા)**

**મણીબેન શામજીભાઈ લાલજીભાઈ રાઠોડ પરિવાર (કુંભારીયા)**

**આનંદીબેન ખેતશીભાઈ વીરમભાઈ ચૌહાણ પરિવાર (રેહા)**

કાન્તાબેન કેશવજીભાઇ પરમાર (દાદી-દાદા)
લીલાવંતીબેન અજીતભાઇ વાઢેર (નાની-નાના)
શ્રીમતી નીતાબેન દિનેશભાઇ પરમાર (મમ્મી-પપ્પા)
શ્રી જૈનિશ દિનેશભાઇ પરમાર (ભાઇ)
શ્રી લક્ષ્ય દિનેશભાઇ પરમાર (ભાઇ)
શ્રીમતી દીક્ષીતાબેન યોગેશભાઇ પરમાર (કાકી-કાકા)
શ્રીમતી હંસાબેન હરિલાલભાઇ ખોડિયાર (ફઇ-ફુવા)
શ્રીમતી પ્રતિમાબેન મનહરભાઇ રાઠોડ (માસી-માસા)

:: સંબંધીત ફર્મ ::

**ગુડ્ડી મોટર રીપેરીંગ વર્કસ ડી.કે. ઓટોપાર્ટસ**
**ટ્રક બ્રોકર**

# હાર્દિક અભિનંદન



## CS ધૃતિ સુધીરભાઈ રાઠોડ

**(માધાપર-કચ્છ)**

**CS (Company Secretary)**
**LL.B., B.Com.**

કુળદેવી શ્રી મોમાય ચામુંડા માતાજીની અસીમ કૃપા, પોતાની અથાગ મહેનત અને વડીલોના આશીર્વાદથી કુ. ધૃતિ સુધીરભાઈ રાઠોડ એ CS ની ડીગ્રી મેળવીને પરિવાર તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવા આશીર્વાદ સહ શુભકામનાઓ....

:: શુભેચ્છક પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. સુનીતાબેન સુધીરભાઈ રાઠોડ | (મમ્મી-પપ્પા) |
| સ્વ. જયેશભાઈ સુધીરભાઈ રાઠોડ | (મોટા ભાઈ) |
| શ્રીમતી પલ્લવીબેન રાજેશભાઈ વરૂ | (બહેન-બનેવી) |
| ગં.સ્વ. કાન્તાબેન છગનલાલ રાઠોડ | (દાદી-દાદા) |
| સ્વ. પાર્વતીબેન બાબુલાલ વરૂ | (નાનીમા-નાનાબાપા) |
| સ્વ. સોનલબેન હિંમતલાલ વરૂ | (મામી-મામા) |
| શ્રીમતી મનિષાબેન સતિષભાઈ વરૂ | (મામી-મામા) |
| ગં.સ્વ. ચંદ્રિકાબેન ધીરજલાલ રાઠોડ | (માસી-માસા) |
| શ્રીમતી કોકિલાબેન દલપતભાઈ વરૂ | (માસી-માસા) |
| શ્રીમતી જયશ્રીબેન રમેશભાઈ ચૌહાણ | (માસી-માસા) |
| ગં.સ્વ. કુંદનબેન જીતેશભાઈ ટાંક | (માસી-માસા) |

:: ભાઈ-બહેન ::

સ્વ. નિરાલીબેન ભાવેશભાઈ ટાંક

ધર્મેન્દ્ર, ભરત, જયદીપ, નિરવ, ઉમંગ, અનિલ, અમિત, રાઘવ, જયરાજ, ભાવના, ભ્રાંતિ, ભાગ્યશ્રી, આશા, રશ્મિ


FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O

MDRT®




*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- ✓ संपूर्ण परिवार सुरक्षा बीमा
- ✓ स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- ✓ जिवनभर आय की बचत योजना
- ✓ बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- ✓ स्पेश्यल कन्यादान बीमा योजना
- ✓ पेन्शन बीमा बचत योजना
- ✓ वाहन, मकान एवं दुकान का बीमा
- ✓ करोड़पति योजना ✓ विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

**घर बैठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।***

STAR Health and Allied Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho
Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

# તરાના કે.જી.કે. મ્યુઝીક ગ્રુપ મિલન સમારોહ-5 આંદામાન નિકોબાર - ૨૦૨૪ની યાદગાર તસવીરો





# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય





## POOJAN RATHOD

**Personal Details :**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 28 Oct., 1997 |
| Time of Birth | : | 10:02 am |
| Place of Birth | : | Mumbai (Maharashtra) |
| Height | : | 5'11" |
| Education | : | B.Tech. (Computer Science & Engineering) |
| Occupation | : | Senior Software Engineer, Expedia Group, Bangalore |
| Gotra | : | Gautam |
| Mataji | : | Momai Mataji (Nagalpar) |

**Family Details :**

| | | |
|---|---|---|
| Father | : | Lt. Jitendra Manjibhai Rathod |
| Mother | : | Nandita Jitendrabhai Rathod |
| Grand Father | : | Lt. Manjibhai Ladhabhai Rathod |
| Grand Mother | : | Anusuiyaben Manjibhai Rathod |
| Mama | : | Dhaval Jayantilal Chauhan (London, UK) |

**Contact Detail :**

B/105, Balaji Arcade,
Shukla Nagar Char Rasta,
Nizampura, Vadodara - 390019

Nandita - 9327604076
Poojan - 8866020108

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Sumit Chauhan

| | | |
|---|---|---|
| **Father** | : | **Kishor Devji Chauhan** (Gov. Bank Manager - Retd.) |
| **Mother** | : | **Rekha Kishor Chauhan** (B.Sc. B.Ed.) |
| **Elder Sister** | : | **Vedangi Chirag Parmar** (Married) Nashik (MH) |
| Date of Birth | : | 14th January 1994 |
| Time of Birth | : | 5:35 pm |
| Place of Birth | : | Bhuj (Kutch - Gujarat) |
| Height | : | 5 feet 9 inch |
| Education | : | Bachelor of Engineering in Information Technology from BVM, Vallabh Vidhyanagar, Anand (Gujarat) |
| Occupation | : | SAP Consultant - Team Lead at Accenture - Pune |
| Address (1) | : | Kubera Park Society, Heaven Hills, Lulla Nagar Chowk, Pune (MH) |
| Address (2) | : | Gramlaxmi Society, Junavas, Madhapar (Kutch - Gujarat) |
| **Mosad-Nana** | : | **Late Shree Murji Punja Parmar** Ambejogai (MH) |
| Kuldevi | : | Shri Brahmani Mataji |
| Native | : | Nagor |
| Gotra | : | Vatsa |
| **Contact** | : | **9712043043 (Father)** **8758289944 (Mother)** |



## CA Darshan Chouhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 8th October, 1995 |
| Day & Time | : | Sunday, 02:35 pm |
| Place of Birth | : | Thane |
| Height | : | 5'9" |
| Complexion | : | Wheatish |
| Native Place | : | Sinogra (Kutch) |
| Kuldevi | : | Brahmani Maa |
| Gotra | : | Vatsa |
| Mangalik | : | No |
| Blood Group | : | O+ |
| Education | : | Chartered Accountant (CA) Chartered Financial Analyst (CFA, Pursuing) |
| Occupation | : | Job : AVP at Kotak Mahindra Bank, Mumbai |
| Hobbies | : | Watching & Playing Sports, Travelling |
| **Grand Father** | : | **Lt. Jivram Ramji Chouhan** |
| **Grand Mother** | : | **Lt. Devuben Jivram Chouhan** |
| **Father** | : | **Milind Jivram Chouhan** (Retired) |
| **Mother** | : | **Pratiksha Milind Chouhan** (Housewife) |
| **Elder Sister** | : | **Pooja Mohit Solanki** (Married-Indore) |
| **Nana** | : | **Arjunlal Morar Tank** |
| **Mama** | : | **Amritlal A. Tank** - Vadodara - 9898547617 |
| **Mama** | : | **Pravin A. Tank** - Nagalpar - 8487816912 |
| **Mama** | : | **Deepak A. Tank** - Nagalpar - 9979158306 |
| Mosad Adrs. | : | Nani Nagalpar, Anjar (Kutch) |
| **Contact Det.** | : | **Mother - 9167357718** **Father - 9833825750** **Self - 7208232483** |
| Resi. Adrs. | : | B-303, Ashoka Heights, Naik Wadi, Gokhale Road, Naupada, Opp. Gaondevi Maidan, Thane (W) 400602 |

# શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૫.૧૧.૧૯૬૦
ગુરૂવાર

પરમધામ ગમન
તા. ૨૮.૦૮.૨૦૨૪
બુધવાર

## સ્વ. ઉર્મિલાબેન રમેશભાઈ ચૌહાણ

**દેશમાં ગામ : રેહા, હા.મુ. વડોદરા**

સ્વ. શ્રી દાયા શિવજી ટાંક (પિતા) - સ્વ. શ્રીમતી ભચ્ચીબેન દાયા ટાંક (માતા) - કટક (ઓડિસા)

## ''પ્રભુ આપની દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.''

**લિ. પરિવાર**

**સ્વ. ડૉ. શ્રી રમેશભાઈ અર્જુનભાઈ ચૌહાણ (પતિ)**

શ્રી કુણાલ રમેશભાઈ ચૌહાણ (પુત્ર)
શ્રીમતી સેજલ હેમંત (પુત્રી-જમાઈ)

સ્વ. શ્રી અર્જુન બેચર ચૌહાણ (સસરા)
સ્વ. શ્રી જયંતીલાલ અર્જુનભાઈ ચૌહાણ (જેઠ)
સ્વ. શ્રી પુરૂષોત્તમભાઈ અર્જુનભાઈ ચૌહાણ (જેઠ)
શ્રી મનોહરલાલ અર્જુનભાઈ ચૌહાણ (જેઠ)
શ્રી મહેન્દ્રભાઈ અર્જુનભાઈ ચૌહાણ (જેઠ)
શ્રી વિજયભાઈ અર્જુનભાઈ ચૌહાણ (દિયર)
શ્રી રાજનભાઈ અર્જુનભાઈ ચૌહાણ (દિયર)

સ્વ. શ્રીમતી શાંતી અર્જુન ચૌહાણ (સાસુ)
ગં. સ્વ. શ્રીમતી કંચનબેન જયંતીલાલ ચૌહાણ (જેઠાણી)
ગં. સ્વ. શ્રીમતી દમયંતીબેન પુરૂષોત્તમભાઈ ચૌહાણ (જેઠાણી)
શ્રીમતી મિતાબેન મનોહરલાલ ચૌહાણ (જેઠાણી)
શ્રીમતી બબિતાબેન વિજયભાઈ ચૌહાણ (દેરાણી)
શ્રીમતી નિહારિકાબેન રાજનભાઈ ચૌહાણ (દેરાણી)

શ્રી જિતેશ જયંતીલાલ ચૌહાણ - શ્રીમતી રૂચી જિતેશ ચૌહાણ (ભત્રીજા -ભત્રીજા વહુ)
શ્રી હર્ષ પુરૂષોત્તમભાઈ ચૌહાણ - શ્રીમતી ક્રીતિકા હર્ષ ચૌહાણ (ભત્રીજા -ભત્રીજા વહુ)
શ્રી કૌશિક પુરૂષોત્તમભાઈ ચૌહાણ - શ્રીમતી રશ્મી કૌશિક ચૌહાણ (ભત્રીજા -ભત્રીજા વહુ)
શ્રી નિકુંજ મનોહરલાલ ચૌહાણ (ભત્રીજા)

ૐ
શાંતી શાંતી શાંતી

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**



**શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ**
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# નારી દર્પણ

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગત શિક્ષણ સમિતિ દ્વારા તિરંગા સ્પર્ધા યોજાઈ

અખિલ ભારતીય મહિલા મહામંડલ અંતર્ગત શિક્ષણ સમિતી બાળકોમાં સામાજિક સાથે રાષ્ટ્રીય ભાવના કેળવાય માટે ૧૫ ઓગસ્ટના તિરંગા સજાવટ હરીફાઈ રાખેલ હતી. તિરંગા આપણી આન-શાન અને બલિદાનનું પ્રતીક છે. તેના નીચે આપણે બધા ભારતવાસી ખુદને સુરક્ષિત અને ગૌરાવાંવિત અનુભવીએ છે. આ તિરંગાના ત્રણ રંગમાં સૌથી ઉપર કેસરિયો હોય છે. વચ્ચે સફેદ અને નીચે લીલો રંગ હોય છે. આ ત્રણેય રંગનો તેમનુ ખાસ મહત્વ અને અર્થ છે.

આજે આપણે જે ત્રિરંગાની છાયામાં ઉભા છીએ તે આપણને જીવન જીવવાની સાચી રીત શીખવે છે. આ ત્રિરંગાની સૌથી ઉપર દેખાતો કેસરી રંગ દેશની તાકાત અને સાહસનું પ્રતિક છે. મધ્યમાં સફેદ રંગ શાંતિ, સંવાદિતા અને તમામ ધર્મોનું સમ્માન કરવાનું શીખવે છે. ત્રિરંગાની સૌથી નીચેનો લીલો રંગ દેશના વિકાસ અને સમૃદ્ધિનું પ્રતિક છે. ધ્વજની મધ્યમાં બનેલું અશોક ચક્ર આપણને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે. ભારતની સંસ્કૃતિ તેના ધ્વજમાં જોઈ શકાય છે.

અખિલ ભારતીય મહિલા મંડળ આવતી શિક્ષણ સમિતિ બાલ તરંગ ગ્રુપ તરફથી બાળકોમાં દેશભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે તિરંગા રાષ્ટ્રધ્વજનાં મહત્વને વધુ આદર આપવા માટે તિરંગા સજાવટ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં બાળકો ને પોતાની સર્જનાત્મક કલાના પ્રદર્શન સાથે રાષ્ટ્રધ્વજ તિરંગા ની સજાવટ કરવાની હતી.

બાલ તરંગ ગ્રુપ તરફથી યોજવામાં આવેલા આ પ્રોગ્રામને સમાજના બાળકો તરફથી ખૂબ ઉત્સાહ અને ઉમંગભેર પ્રતિસાદ મળેલો હતો લગભગ ૧૦૦ જેટલી એન્ટ્રીઓ સાથે બાળકો રાષ્ટ્રધ્વજની સજાવટ કરીને ફોટાઓ મોકલાવેલા હતા.. અને પોતાના દેશ ભારત પ્રત્યે પોતાની દેશભક્તિ પ્રગટ કરેલી હતી. અલગ અલગ વસ્તુઓ અને કલાકૃતિનો ઉપયોગ કરીને બાળકોએ રાષ્ટ્રધ્વજની ખુબ સરસ થી સજાવટ કરી હતી અને



ઇનામો પ્રાપ્ત કરેલા હતા.

અખિલ ભારતીય મહિલા મંડળ શિક્ષણ સમિતિ અંતર્ગત બાલ તરંગ ગ્રુપ સતત પ્રયાસરત અને કાર્યરત છે કે આપણા સમાજના બાળકોમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય બાળકોના જ્ઞાનનો વિકાસ થાય બાળકોમાં ભારતીય જ્ઞાન અને વૈદિક સનાતન ધર્મના સંસ્કારોનું સિંચન થાય.. કેમ કે આજનું બાળક જ આવતીકાલનું નાગરિક છે નવ ભારત નિર્માણ કરવા માટે સક્ષમ છે. અખિલ ભારતીય મહિલા મંડળ શિક્ષણ સમિતિ, બાલ તરંગ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન અરુણભાઈ રાઠોડ મંત્રી ઓ શ્રીમતી કલ્પનાબેન પરમાર, શ્રીમતી કનકબેન તેમજ શ્રીમતી તૃપ્તિબેન આમ પૂરી ટીમ સતત કાર્યરત છે કે બાળકોને ભારતીય રીતિ રિવાજો ધર્મ તેમજ સંસ્કારોનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે.. જેમાં અખિલ ભારતીય મહિલા મહામંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તેમજ મહા મંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ નું સતત માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. આગળ પણ બાલ તરંગ ગ્રુપ આવા અનેકવિધ પ્રોગ્રામો લઈને હાજર રહેશે.. બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવા માટે અગ્રેસર રહેશે.. સમાજ બાંધવોના સહકારની અપેક્ષા સાથે જય સમાજ..

અખિલ ભારતીય મહિલા મહામંડલ
મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ

# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજી 'સમુહ નૃત્ય સ્પર્ધા'

સનાતન ધર્મ અને સાંસ્કૃતિક પરંપરાના ક્ષેત્રે આપણા સમાજની પ્રતિભાઓને બહાર લાવવાના પ્રયત્ન રૂપે અખિલ ભારતીય મહિલા મહામંડળની સાંસ્કૃતિક સમિતિ દ્વારા સમુહ નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાના પ્રાયોજક દાતા તરીકે શ્રીમતી લીનાબેન વિપીનભાઇ રાઠોડ - બેંગ્લોર, શ્રીમતી પારૂલબેન સુનિલભાઇ ચાવડા - હૈદ્રાબાદ તથા શ્રીમતી આશાબેન રાજેશભાઇ પરમાર - રાઉરકેલાએ પોતાનો અમુલ્ય સહયોગ આપ્યો હતો.




સમુહ નૃત્ય સ્પર્ધાના આયોજન બાબતે પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણે જણાવેલ હતું કે, આપણો સમાજ ધર્મપ્રિય અને ઉત્સવપ્રિય સમાજ છે. કલા અને સંસ્કૃતિ આપણી રગે-રગમાં સમાયેલી છે. ખાસ કરીને સ્થાનિક ધોરણે પોતાની નૃત્યકલાનું પ્રદર્શન કરતા કલાકારોની પ્રતિભાને ઉજાગર કરવાના પ્રયાસ રૂપે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમારે સ્પર્ધાના આયોજન અંગેની વિગતવાર જાણકારી આપી હતી. મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લેનાર વિવિધ ઘટકોના ગ્રુપો, ટીમ સાંસ્કૃતિક સમિતિ તથા પ્રાયોજક દાતાશ્રીઓનો આભાર માનેલ હતો.

સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી તથા મંત્રીઓ શ્રીમતી વૈશાલીબેન સોલંકી, શ્રીમતી પારૂલબેન પરમાર, શ્રીમતી આશાબેન પરમાર તથા શ્રીમતી તરૂણાબેન રાઠોડે જહેમત લીધી હતી.

નૃત્ય સ્પર્ધાનું પરિણામ : ★ ૮ થી ૧૪ વર્ષ : પ્રથમ - એંજલ ગ્રુપ - ગુલબર્ગા - દીશીતા વાઘેલા, નીશીતા રાઠોડ, દર્શના ચાવડા, દ્વિતીય - રામરક્ષા ગ્રુપ - નાસીક ઘટક - રીદ્ધી વિજય ચૌહાણ, જીવીકા અશ્વિન ચૌહાણ, હીતીક્ષા હીમાંશુ રાઠોડ, તૃતિય - કુકમા ઘટક ગ્રુપ - દીયા પરમાર, હાર્વી ટાંક,




આર્વી ચૌહાણ. ★ ૧૫ થી ૨૪ વર્ષ : પ્રથમ - જબલપુર ઘટક - મહેક જેઠવા ગ્રુપ, આધ્યા પરમાર, હીર જેઠવા. ★ ૨૫ થી ઉપર : પ્રથમ - ભુજ ઘટક ગ્રુપ - કીંજલ ધીરજ પરમાર, યશ્વી કાંતિલાલ ચૌહાણ, ઝીલ વિનોદ ચૌહાણ, દ્વિતીય - જામનગર ઘટક ગ્રુપ - રેણુકા દીપેશ પરમાર, ફોરમ ધવલ ટાંક, વર્ષાબેન કૌશલ કાચા, તૃતિય - તનુજા ગ્રુપ - ગુલબર્ગા - તનુજા સુનીલ ચાવડા, સોનલબેન રાજેન્દ્ર ચાવડા, ચંદ્રીકા પરમાર, હર્ષિદા સંદીપ ચાવડા, નીતા પારસ ચાવડા, જયશ્રી પ્રફુલ ચાવડા, રૂપાલી વિનય વાઘેલા, સુચીતા ચાવડા, પ્રોત્સાહન - સંસ્કાર ગ્રુપ - રાજનાંદગાંવ - ઉમા ભરત ટાંક, દક્ષા મોહન પરમાર, કનક મોહન પરમાર, કિરણ નિરવ રાઠોડ, પ્રગતિ હિમાંશુ ચાવડા, રોશની ચેતન રાઠોડ.

## રાયપુર મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા તા. ૧૩-૮-૨૪, મંગળવારના રોજ સમાજ ભવનમાં શ્રાવણ ઝુલાનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉત્સવ માટે ડ્રેસકોડ ગ્રીન કલરની સાડી, સોલહ શ્રૃંગાર કરીને આવવાનું હતું. બધી બહેનો ખુબજ સરસથી તૈયર થઇને આવ્યા હતા. આ ઉત્સવમાં ૬૦ જેટલી બહેનોની ઉપસ્થિતિ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યાર બાદ સાવનથી રિલેટેડ ગ્રુપ ગેમ રમાડવામાં આવેલ. સાવન ઉત્સવમાં સાવન ક્વીનનો ખિતાબ પ્રીતીબેન વરૂ, બેસ્ટ સ્માઇલ - શીતલબેન ખોડિયાર, બેસ્ટ



આઉટફીટ - ક્ષમાબેન ટાંક, બેસ્ટ મેચીંગ - દીપાબેન સોલંકી અને જ્યોતિબેન ખોડિયાર. બધી બહેનોને ઇનામ આપવામાં આવેલ. સાવન ઉત્સવ સાથે કાચા સુતરથી રાખડી બનાવવાની

સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં પ્રથમ - આરતીબેન ટાંક, દ્વિતીય - કુમુદબેન ચૌહાણ, તૃતિય - ક્ષમાબેન ટાંક રહ્યા હતા. અંતમાં બધી બહેનોએ ડાન્સ અને સંગીન સાથે ઝુલાનો આનંદ લીધો અને સેલ્ફી ઝોનમાં ફોટા પડાવેલ સાથે રીલ પણ બનાવવામાં આવેલ. અંતમાં બધી બહેનોએ હાઉઝી રમી અલ્પાહારનો આનંદ માણ્યો હતો.

મહિલા મંડળ દ્વારા તા. ૨-૯-૨૦૨૪ શ્રાવણ સોમવારના આખરી દિવસ સોમવતી અમાસના સામુહિક રૂદ્રાભિષયેક અને બાર જ્યોતિર્લિંગ ભદ્ર મંડલનું અનેરૂં આયોજન શાસ્ત્રી શ્રી અંકિતભાઇ દવે દ્વારા વિધિ વિધાનથી સમાજ ભવનમાં કરવામાં આવેલ. ત્રેવિસ યજમાનો સાથે આ પૂજન વિધિ ખૂબજ સારી રીતે સંપન્ન થયેલ. યજમાનો માટે ફરાળની વ્યવસ્થા રાખવામાં



આવેલ. બધા ભાઇ-બહેનોને પણ ફરાળ પ્રસાદી આપવામાં આવેલ. ખુબજ સારી સંખ્યામાં બધાની ઉપસ્થિતિ હતી. ભજન-સંગીત સાથે બધાએ ખુબજ આનંદ લીધો હતો.

## રાયગઢ મહિલા મંડળ





રાયગઢ મહિલા મંડળ દ્વારા તા. ૩૧ ઑગષ્ટ અને ૧ સપ્ટેમ્બરના સાવન તીર્થાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. રાયગઢથી ટ્રેનમાં રાયપુર અને રાયપુરથી બસ દ્વારા ચંપારણ્ય, રાજીમ, જતમઇ અને ઘટારાનીની ધાર્મિક યાત્રા ઘટકના ભાઇઓ અને બહેનોના સહયોગથી સંપૂર્ણ થયેલ.

૩૧ ઑગષ્ટના મહાપ્રભુ વલ્લભાચાર્યની જન્મસ્થલી, પ્રાકટ્ય અને બેઠકનાં દર્શન કરવામાં આવ્યા. પ્રભુની છઠ્ઠીનાં આયોજનનું પણ દર્શન-લાભ લેવામાં આવ્યો. યમુના મહારાણીના અસલ દર્શન થયેલ. પ્રભુનો પ્રસાદ લેવા બાદ રાજીમ યાત્રા માટે નિકળ્યા. રાત્રી રોકાણ (ચંપારણ્ય) પછી ૧ સપ્ટેમ્બરના જતમઇ અને ઘટારાના મંદિરના દર્શન કરવામાં આવેલ. સહુથી પ્રસન્નતાની વાત એ કે ભિલાઇ ઘટકના સભ્યો પણ અમારી સાથે જોડાયા હતા જેથી આનંદમાં અભિવૃદ્ધિ થઇ હતી. વાજા-ગાજાની સાથે રાસગરબા રમવામાં આવ્યા હતા. છેલ્લે બન્ને ઘટકના સદસ્યોએ આભાર માની વિદાય લીધી હતી.

## આદિપુર મહિલા મંડળ

આદિપર મહિલા મંડળની મીટીંગનું આયોજન મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી પલ્લવીબેન મહેશભાઇ પરમારના ઘરે કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના બાદ લક્કી ડ્રો અને ત્યાર પછી હાઉઝી ગેમ રમેલ. ત્યાર બાદ વન મિનિટ ગેમ રમેલ. વન મિનિટ ગેમમાં પ્રથમ કિર્તીબેન પઢિઆર, દ્વિતીય - નેહાબેન રાઠોડ અને તૃતિય - નિશાબેન ચાવડા આવેલ. શ્રીમતી પલ્લવીબેન તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહારનો આનંદ લઇ સૌ છુટા પડ્યા હતા.





## છત્તીસગઢ પ્રા. મહિલા મંડળ

છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા આયોજીત સાતમું આયોજન ૧૫મી ઑગષ્ટ રાષ્ટ્રીય પર્વના ઉપલક્ષમાં બાળકો માટે રાષ્ટ્રીય ચિન્હ ફ્લાવર અને લીફનો ઉપયોગ કરી બનાવવાની અને બહેનો માટે તિરંગા ધ્વજ કલર થીમ ઉપર રક્ષાબંધન આતીર થાળી ડેકોરેશન પ્રતિયોગીતા રાખવામાં આવેલ. આ પ્રતિયોગીતા બે ગ્રુપમાં રાખવામાં આવેલ હતી. પ્રતિયોગીતાના પરિણામ માટે નિર્ણાયક રૂપે પૂનમબેન મુકુંદભાઇ ટાંક - રાયપુર જેઓ પેન્ટીંગ અને આર્ટમાં એક્સપર્ટ છે તેમનું પુરો સહયોગ મળેલ સાથે તૃપ્તીબેન આશિષભાઇ વાઢેર - ભાટાપારા દ્વારા પ્રોત્સાહન રાશી પ્રાપ્ત થયેલ. ગ્રુપ-૧ : ફ્લાવર એન્ડ લીફ આર્ટમાં પ્રથમ - ભવ્ય સૂર્યકાંતભાઇ રાઠોડ - રાયપુર, દ્વિતીય - દીયા ચૌહાણ - રાયપુર, દ્વિતીય - ચૈતાલી ચૌહાણ - રાયપુર, તૃતીય - શાનવી ચૌહાણ - કોરબા, પ્રોત્સાહન : રિશિકા ભુશનભાઇ રાઠોડ - દુર્ગ, વરિષ્ઠા રાઠોડ - દુર્ગ, મૌલી જેસલ ચૌહાણ - રાયગઢ. ગ્રુપ - ૨ : તિરંગા કલર થીમ, રક્ષાબંધન થાળી ડેકોરેશન : પ્રથમ - પ્રિયાબેન રાઠોડ - રાયગઢ, પ્રથમ - સરસ્વતીબેન ચૌહાણ - રાયપુર, દ્વિતીય - ખ્યાતિ જીગરભાઇ સોલંકી - રાયગઢ, દ્વિતીય - રૂચીબેન સોલંકી - રાયગઢ, તૃતિય - વર્ષાબેન ચૌહાણ - કુમ્હારી, તૃતિય - ભાવનાબેન ચૌહાણ - દુર્ગ, પ્રોત્સાહન - ઓજસ્વી ટાંક - રાજનાંદગાંવ, અર્પિતાબેન ચાવડા - રાયપુર, ઇશાબેન રાઠોડ - રાયગઢ, રૂકમણીબેન રાઠોડ - રાયપુર, કમલ ચૌહાણ - ભાટાપારા. સર્વે પ્રતિયોગીઓ અને વિજેતાઓને છત્તીસગઢ પ્રા. મ. મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ.

## જબલપુર મહિલા મંડળ







જબલપુર મહિલા મંડળ દ્વારા ૩૧ ઓગસ્ટના હરિયાલી મહોત્સવ ઉજવવામાં આવ્યું હતું. જેના અંતર્ગત ૨ પ્રતિયોગિતા રાખવામાં આવી હતી. પ્રથમ પ્રતિયોગિતા સમાજના બહેનો માટે અને બીજી પ્રતિયોગિતા નાના નાના બાળક-બાળિકાઓ માટે હતી. પ્રતિયોગિતામાં પ્રતિભાગી બહેનોને ગ્રીન કલરનું બંગડીનું સેટ પહેરીને આવવાનું હતું. નિર્ણય ક્રિએટિવિટીના આધાર ઉપર દેવામાં આવેલ હતું. બીજી પ્રતિયોગિતા બાળક બાળિકાઓ ની ચિત્રકલા પ્રતિયોગિતા હતી. જેની થીમ દેશભક્તિ હતી. પ્રભુ વંદના સાથે કાર્યક્રમની શરૂઆત કરવા પછી રોનિકાબેન યાદવ અને રુદ્રાક્ષીબેન યાદવ દ્વારા ખૂબ જ સરસ નૃત્ય પ્રસ્તુતિ આપવામાં આવી હતી. ચિત્રકલા પ્રતિયોગીતાના વિજેતાઓ આ પ્રમાણે છે. પ્રથમ - રુદ્રાક્ષી સૌરભભાઈ યાદવ, દ્વિતીય - પ્રણવ હર્ષિત ભાઈ ખોડિયાર અને તૃતીય - વિવાન ચેતનભાઇ પરમાર. બંગડી કોમ્પિટિશનના નિર્ણય આ પ્રમાણે હતા. પ્રથમ કીર્તિબેન પરમાર, દ્વિતીય - નિશાબેન રાઠોડ અને ત્રતીય રોનિકા બેન યાદવ. વિશેષ પ્રતિભાગી પુરસ્કાર નીતાબેન વેગડને દેવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાકૌશલ પ્રમુખ દીપિકાબેન રાઠોડ અને મંત્રી રૂપલબેન પરમારની ઉપસ્થિતિ હતી. આ સાથે જ અખિલ ભારતીય મહિલા મંડળના સંરક્ષક ચિત્રાબેન ખોડીયાર દ્વારા બંગડી કોમ્પિટિશનના બધા પ્રતિભાગિયો ને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ હતું. હાઉસી રમાડવા પછી સ્વલ્પાહાર પ્રદાન કરવામાં આવ્યું હતું. જબલપુર મહિલા મંડળ પ્રમુખ ચંચલબેન યાદવ દ્વારા બહેનોનું આભાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન જબલપુર મહિલા મંડળના મંત્રી સોનિયાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં રેખાબેન પરમાર, હીનાબેન યાદવ, પારુલબેન ચૌહાણ, કીર્તિબેન રાઠોડ, યોગીતાબેન ટાંક, પ્રજ્ઞાબેન ચૌહાણ, રોનીકાબેન યાદવ અને યામિની બેન પરમારનું સહયોગ પ્રાપ્ત થયું હતું.

## મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા વડીલ સન્માનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત મુંબઇ ઘટકના ઉંમર ૫ વર્ષથી ઉપરના બહેનોનું પુષ્પગુચ્છ, શ્રીફળ અને એક સુંદર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. મુંબઇ જેવા વિશાળ શહેરમાં વયસ્ક બહેનો માટે સફર કરવું મુશ્કેલ હોવાના કારણે બહેનોના ઘરે જઇ તેમનું

સન્માન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત કુલ ૧૪ બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. તા. ૨૦ જુલાઇ-૨૦૨૪ના રોજ મુંબઇ મહિલા મંડળના પૂર્વ પ્રમુખ શ્રીમતી નિલમબેન રાઠોડના નિવાસ સ્થાને પોટલક (ડબ્બા) પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌ બહેનો પોત-પોતાના ઘરેથી જુદી જુદી વાનગીઓ તૈયાર કરીને આવી હતી.

મહિલા મંડળ અને આદ. નિમલબેન દ્વારા રમતનું આયોજન કરવામાં આવેલ હતું. વિજેતા બહેનોને ઇનામ પણ આપવામાં આવેલ હતા. સહુએ જુદી જુદી વાનગીઓનો સ્વાદ માણ્યો અને પછી છુટા પડ્યા હતા. તા. ૨૯ જુલાઇના મુંબઇ મહિલા મંડળ પશ્ચિમ દ્વારા યોગ પ્રશિક્ષણ એક ઓનલાઇન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. દહાણુ સ્થિત



સર્ટીફાઇડ યોગ ટીચર શ્રીમતી જયશ્રીબેન જતીનભાઇ રાઠોડ દ્વારા બહેનોને યોગ વિશે જાણકારી આપવામાં આવી હતી. ગુરૂપૂર્ણિમા નિમિત્તે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિજેતાઓની કૃતિને મુંબઇ ઘટકના મેગેઝીન સમાજવાણીમાં સ્થાન આપવામાં આવેલ હતું.

## માધાપર મહિલા મંડળ





માધાપર મહિલા મંડળ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે સાંયરા યક્ષ (લાખાણી ડુંગર), ફોટ મહાદેવ, ચાવડા રખાલ, એકાવન શક્તિપીઠ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. બહેનો સારી સંખ્યામાં પ્રવાસમાં જોડાયા હતા અને પ્રકૃતિનો આનંદ માણ્યો હતો. મહિલા મંડળના સહકારથી યુવતી મંડળ દ્વારા રાખડી સ્પર્ધાનું આયોજન રાખવામાં આવ્યું હતું. યુવતી મંડળના પ્રમુખ શ્રીમતી નંદીનીબેન જયદીપભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને આ આયોજન ત્રણ ગ્રુપમાં રાખવામાં આવ્યું હતું. ભાઇઓ અને બહેનોએ સાથે રહીને આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બધાજ ગ્રુપમાં ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા હતા અને અન્ય સ્પર્ધકોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ





હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૩-૦૮-૨૪, શુક્રવારના કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. બસમાં હૈદ્રાબાદથી ૬૦ કીમી દુર સ્વર્ણગીરી બાલાજી મંદિર અને ગોલ્ડન શિવ મંદિર લઇ જવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ વાગે નાસ્તો કરીને બસમાં મંદિર માટે પ્રસ્થાન કરેલ. બાલાજી

ભગવાનના દર્શન કરીને ત્યાંની મનમોહક જગ્યા જોઇને બધા લોકોને આનંદ થયો હતો. બહેનોએ ફોટો અને વિડિયો સેશનનો આનંદ માણ્યો હતો. બપોરે હોટલમાં ભોજન લઇને ગોલ્ડન શિવ ટેમ્પલ માટે પ્રસ્થાન કરેલ. મંદિર પરિસરમાં બેટરીકામમાં બેસીને ૧૦૦૦ શિવ લિંગ, સ્પટીક શિવલિંગ, અષ્ટધાતુ શિવલિંગ, પછી સોનાના શિવલિંગના દર્શન અને અભિષેકનો લાભ લીધો હતો. સાંજની ચા પીધા પી ઘર માટે પ્રસ્થાન કરેલ. આખો દિવસ સાથે ફરીને બધા બહેનોએ એકબીજાથી વિદાય લીધી હતી.

## નાગપુર મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મહિલા મંડળ દ્વારા જન્માષ્ટમીનો ઉત્સવ પ્રમુખ શ્રીમતી ગીતીકાબેન યોગેશભાઇ ચૌહાણના સાનિધ્યમાં ઉજવવામાં આવેલ.

તેમાં નાના બાળકોને રાધા અને કૃષ્ણ બનીને આવ્યા હતા. નાના બાળકો દ્વારા મટકી ફોડ ઉજવવામાં આવ્યું તેમજ ઝુલોત્સવનો કાર્યક્રમ પણ માણવામાં આવ્યો. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા નાના બાળકોને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ. ત્યાર બાદ બહેનોએ રાસગરબાની રમઝટ જમાવીને કાર્યક્રમની શોભા વધારી હતી. ત્યાર બાદ મીનાબેન દ્વારા અલ્પાહારની મજા માણી તેમનો આભાર માની સૌએ વિદાય લીધી હતી.

## ગાંધીધામ મહિલા મંડળ





ગાંધીધામ મહિલા મંડળની મીટીંગ તા. ૨૧-૮-૨૪ના યોજવામાં આવેલ. જેની શરૂઆત ગાયત્રી ચાલિસાથી કરવામાં આવેલ. ત્યાર બાદ ક્રીસ્ટલ વ્હાઇટ ગ્રુપ દ્વારા ૧૫મી ઑગષ્ટના ઉપલક્ષમાં મીટીંગમાં હાજર રહેલ બહેનો સાથે રાષ્ટ્રગાન કરવામાં આવેલ. ગ્રુપ દ્વારા રાખડી બનાવવાની સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં પ્રથમ વિજેતા દિપીકાબેન એચ. રાઠોડ, દ્વિતીય - વિભાબેન ચૌહાણ અને તૃતિય - ચિત્રિતાબેન ચૌહાણ રહેલ. ત્યાર બાદ ગ્રુપ દ્વારા બે ગેમ રમાડવામાં આવેલ. વિજેતા બહેનોને સારા ઇનામો અને સરપ્રાઇઝ ગીફ્ટ પણ આપવામાં આવેલ. જેમાં બહેનોએ ખુબજ આનંદ માણેલ.

પ્રમુખ શ્રીમતી મોનાબેન પરમાર તેમજ મંત્રી શ્રીમતી હીનાબેન પરમારે વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી અને અલ્પાહાર બાદ સૌ છુટા પડ્યા હતા.

શ્રાવણ મહિનાને અનુલક્ષીને ગાંધીધામ મહિલા મંડળની બહેનોના સહયોગથી તા. ૨૩-૮-૨૪, શુક્રવારે હનુમાનજી મંદિરમાં ગરીબ ઝુંપડપટ્ટીના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. બહેનોએ બાળકોને જમાડી ભાવભીની લાગણી અનુભવી હતી. પ્રમુખ શ્રીમતી મોનાબેન પરમારે બધી બહેનોને સારો સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# બિલાસપુર મહિલા મંડળ





બિલાસપુર મહિલા મંડળની મીટીંગ ૧૭ ઑગષ્ટના શનિવારે સમાજ ભવનમાં યોજાયેલ હતી. હોસ્ટ દ્વારા પ્રભુ પ્રાર્થના કરી મીટીંગની શરૂઆત કરવામાં આવેલ હતી. મંત્રી દ્વારા પાછલા મીટીંગની મિનિટ્સ વાંચી ઉપસ્થિત બહેનોની બહાલી લીધા બાદ પંચ્યુલીટી અને આવતા મહિનાની મીટીંગ માટે ચીટ નીકાળી હોસ્ટ બહેનો દ્વારા બે ગેમ રમાડવામાં આવી. પ્રથમ ગેમમાં પ્રથમ રસીલાબેન રાઠોડ અને દ્વિતીય સીમાબેન જેઠવા વિજયી થયા હતા. ત્યારે બીજી ગેમમાં પ્રથમ પૂનમબેન અને દ્વિતીય સ્થાને દર્શનાબેન પરમાર વિજય થયા હતા.

હોસ્ટ દ્વારા અલ્પાહાર અને ઠંડાપીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સારી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. સાવન ક્વીન હરીફાઇમાં પ્રથમ સ્થાનમાં બીનલબેન ચાવડા અને દ્વિતીય સ્થાનમાં કવિતાબેન ચૌહાણ વિજેતા થયા હતા. બહેનોને ઉપહારમાં તાજ પહેરાવી સુંદર પોધો આપવામાં આવ્યો હતો. તે દિવસે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી હોવાથી બાળકોએ કૃષ્ણ અને રાધાની વેશભૂષામાં આવેલ. ઉપસ્થિત બહેનોએ ભજન-કિર્તન, આરતી કરી પ્રસાદ લઇ ફળાહાર લઇ સર્વે છુટા પડ્યા હતા.

# સમાજ ગૌરવ




નટરાજ ડાન્સ એકેડેમી અંજારના સંચાલિકા રાધિકા સાહિલ પઢિયારના માર્ગદર્શન હેઠળ અખિલ નટરાજમ સાંસ્કૃતિક સંગ નાગપુર મેમ્બર ઓફ પેરિસ ફ્રાંસ - દ્વારા યોજાયેલ નૃત્ય અનુભૂતિ ઓલ ઈન્ડિયા નેસનલ ડાન્સ કોનટેસ્ટ અને ફેસ્ટિવલ ૨૦૨૪ મુંબઈ ખાતે યોજાયેલ જેમાં અંજારની નટરાજ ડાન્સ એકેડેમી દ્વારા ૭ નૃત્ય ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને ૭ કૃતિ માંથી ૬ કૃતિને પ્રથમ ક્રમાંક અને ૧ કૃતિને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. અંજાર નટરાજ ડાન્સ એકેડેમીના સંચાલિકા રાધિકા સાહિલ પઢિયારનું સતત ચોથી વખત બેસ્ટ નેશનલ કોરીયોગ્રાફર નૃત્ય આવિષ્કાર એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ છે. રીત વરું - વિશ્વા પરમારનું નૃત્ય વિભૂષણ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ છે. રીત વરું - ફોક સોલો ડાન્સમાં પ્રથમ ક્રમાંક તથા બેસ્ટ પરફોર્મન્સ ઓફ ધ સેસન એવોર્ડ મેળવેલ છે. આર્યાંગના જેઠવા - માહી મારું - સેમી કલાસિકલ ફોક ડ્યુંએટ ૨ કૃતિ માં પ્રથમ ક્રમાંક, વિધિ ચૌહાણ, ખુશી પંડ્યા - સેમી કલાસીકલ ડયુંએટ પ્રથમ ક્રમાંક, વિધિ ચૌહાણ, ખુશ્બુ રાઠોડ, ખુશી પંડ્યા - ફોક ટ્રીઓ ડાન્સમાં પ્રથમ ક્રમાંક, વિશ્વા પરમાર - સેમી કલાસિકલ સોલો ડાન્સ માંતૃતિય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. નટરાજ ડાન્સ એકેડેમી અત્યાર સુધી ૧૮૦ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. ૮ આંતર રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરેલ છે તથા રાધિકાબેનનું ગુરુવર્ય એવોર્ડ - ગુરુ મની એવોર્ડ - હેમચંદ સંતાની એવોર્ડ - નેશનલ નૃત્ય શ્રી એવોર્ડ થી પણ પેલા સન્માનિત થયેલ છે. દીકરીઓને અંજાર ઘટકનું નામ રાષ્ટ્રીય મંચ ઉપર રોશન કરવા બદલ અભિનંદન અને પ્રગતિની હાર્દિક શુભકામના....



રાંચી (ખેડોઇ) નિવાસી રશ્મીબેન દિપકભાઇ રાઠોડની સુપુત્રી કુ. તન્વી રાઠોડએ ડી.એ.વી. પબ્લીક સ્કુલની જિલ્લા સ્તરની યોગ પ્રતિયોગીતા અંડર-૧૪માં સ્વર્ણ પદમ લાવીને રાઠોડ પરિવાર અને રાંચી ઘટકનું નામ રોશન કરેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... અને પ્રગતિની હાર્દિક શુભકામના....

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
**શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક**
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
**શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક**
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.

## અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા આયોજીત રાખી બનાવો પ્રતિયોગીતા પરીણામ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા આયોજીત 'રેશમનો તાર... એક અનોખો સાર'' રાખી બનાવો પ્રતિયોગીતા પરીણામ જાહેર કરવામાં આવેલ હતું. જેમાં ગ્રુપ-એ (૦ થી ૧૩ વર્ષ) : પ્રથમ - તોશિત ટાંક - કટક, દ્વિતીય - ઉન્નતિ સોલંકી - અંજાર, તૃતિય - વરિષ્ઠા રાઠોડ - દુર્ગ, પ્રોત્સાહન - જશ્રી ચૌહાણ - ભાટાપારા, ★ ગ્રુપ-બી (૧૪ થી ૪૫) : પ્રથમ - નમિતા ટાંક - નિઝામાબાદ, દ્વિતીય - ભૂમિ ટાંક - ગાંધીધામ, તૃતિય - યોશિતા પરમાર - નિઝામાબાદ, પ્રોત્સાહન - ખ્યાતી સોલંકી - રાયગઢ ★ ગ્રુપ-સી (૪૫ થી ઉપર) : પ્રથમ - દીપીકા ચૌહાણ - મુંબઇ, જ્યોતિ ચૌહાણ - મુંબઇ, દ્વિતીય - ભાવના ચૌહાણ-દુર્ગ, તૃતિય - રીટા પરમાર - રાંચી, પ્રોત્સાહન - કલાવતીબેન પરમાર - હૈદ્રાબાદ. અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા સર્વે વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવેલ અને આવી જ ઉત્સકુતા સાથે આગળ વધો અને પ્રગતિ કરતા રહો એવી શુભકામના પાઠવવામાં આવેલ.

## અંજાર યુવા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ યુવા મંડળ - અંજાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમી મહોત્સવ-૨૦૨૪નું સફળ આયોજન તા. ૨૬-૮-૨૦૨૪, સોમવારના યુવા મંડળ પ્રમુખ શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંકના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું. આ આયોજનના મહાયજ્ઞમાં ઘટકના નાના ભુલકાઓ માટે કાનુડા હરીફાઇ, ભાઇઓ-બહેનો માટે મટકીફોડ હરીફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. કાનુડા હરીફાઇમાં સમાજના ૫૦થી વધુ નાના બાળકોએ કાનુડો બની ભાગ લીધો હતો. તમામ ભાગ લેનાર બાળકોને ઇનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. મટફીફોડ હરીફાઇમાં ભાઇઓ તથા બહેનોની વિજેતા ટીમને રૂા. ૨૧૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. આ ધાર્મિક કાર્યક્રમમાં સમાજના ૩૦૦થી વધુ સમાજબંધુઓ સાથે ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર, મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી પ્રતિભાઇ ટાંક તેમજ ત્રણે પાંખના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણમાં સમાજભવન મધ્યે ઢોલીના તાલે વાજતે

ગાજતે ''નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી''ના નાદ સાથે સમાજ ભવન પ્રાંગણમાં ઉમંગભેર ઉજવણી કરી હતી.

ત્યાર પછી સૌ સમાજબંધુઓએ પ્રસાદ લઇ છુટા પડ્યા હતા. આયોજનને સફળ બનાવવા રૂપેશ ટંક, હર્ષદ રાઠોડ, સાગર જેઠવા, પ્રતિક ખોડિયાર, પૂજન ચાવડા, દીપ પરમાર, હિનેશ રાઠોડ, ગિરીશ પરમાર, મિત ચૌહાણ, ધર્મેશ ચૌહાણ, કિરણ વરૂ સાથે સમગ્ર યુવા મંડળ ટીમ, સમગ્ર મહિલા મંડળ ટીમ સાથે સમગ્ર આયોજનનું સંચાલન તથા આભારવિધી શ્રી મુકેશભાઇ ખોડિયાર દ્વારા કરવામાં આવી હતી.

## માધાપર યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ માધાપર દ્વારા આયોજીત જન્માષ્ટમી મહોત્સવ તા. ૨૭-૮-૨૪, સોમવારના યોજવામાં આવેલ હતો. જેમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. રાત્રે ૧૧ થી ૧૨ મહાઆરતીનું આયોજન રવામાં આવ્યું તથા મટફીફોડ પર યોજવામાં આવેલ હતી. ખુબજ મોટી સંખ્યામાં ભાવીકોએ હાજરી આપી હતી. હેત્વીક કેયુર ટાંક વાસુદેવની ભુમીકા પારસ રમેશભાઇ ટંક અને મટફી ફોડ માટે કૃષ્ણ હેત સંજયભાઇ રાઠોડ મટકી ફોડી હતી.

મહાઆરતીના દાતા સમાજરત્ન તથા મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી રહ્યા હતા તથા સમસ્ત ગ્રામજનો તરફથી પણ સહયોગ મળેલ હતો. દર વર્ષે યુવા મંડળ આવી જ રીતે મટકી ફોડ અને કૃષ્ણ જન્મનું આયોજન કરે છે. આપણા સમાજ હસ્તક રાધે મોહનરાય મંદિર ઠાકર મંદિર ચોકમાં આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત કાર્યક્રમનું આયોજન યુવા મંડળના તમામ સભ્યોનો સાથ-સહકાર મળ્યો હતો. યુવા મંડળના પ્રમુખ ભરતભાઇ રાઠોડે દાતા પરીવારોનો આભાર માન્યો હતો. પાર્થ ભરતભાઇ ચાવડાએ આભારવિધી કરી હતી.

## ભુજ યુવા મંડળ






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજ યુવા મંડળ દ્વારા ઐતિહાસીક ભૃગુ ઋષિ પર્વતનો પ્રવાસ યોજવામાં આવેલ હતો. જેમાં ભુજ ઘટકના પરિવારો ઉપરાંત ભુજ વિદ્યાર્થી ભવનના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ભુજથી રવાના થયા બાદ રસ્તામાં પ્રાચિન એવા પુંઅરેશ્વર મહાદેવ મંદિરના સૌએ દર્શન કરી અલ્પાહાર લીધેલ હતો. ત્યાર બાદ સાંયરા લક્ષની બાજુમાં આવેલા ભૃગુઋષિ તળેટીએ પહોંચ્યા હતા. ત્યાંથી ૧૮૦૦ પગથીયાની ઉંચાઇ પર આવેલ મંદિર સુધી પહોંચી પર્વત પરથી આજુબાજુનું સૌંદર્ય માણવાની સાથે દર્શન કર્યા હતા તેમજ ફોટોગ્રાફી કરેલ હતી.

પર્વતના રસ્તે આવતી હરિયાળી અને વર્ષાઋતુમાં વહી રહેલા ઝરણાનો સૌએ આનંદ માણેલ હતો. બપોરના સ્વાદિષ્ટ ભોજન બાદ વાંઢાય મુકામે આવેલ ઉમિયાધામ, રામ મંદિર તથા

હરિહર સંપ્રદાયના વાંઢાય આશ્રમના દર્શન કરેલ હતા. પ્રવાસ દરમિયાન રસ્તામાં બહેનો દ્વારા ભજન-કિર્તન અને સત્સંગનો આનંદ લેવામાં આવેલ હતો. સાથે સરગમ મ્યુઝિક ગ્રુપના વિજયભાઇ સોલંકી, વિનોદભાઇ ચૌહાણ, દેવેનભાઇ વેગડ તથા સાથીઓએ કારાઓકે દ્વારા ફિલ્મી ગીતોની મોજ કરાવેલ હતી. પ્રવાસ દરમિયાન સવારનો નાસ્તો, બપોરનું ભોજન, હાઇ-ટી તથા રાત્રી ભોજનના દાતાશ્રી તરીકે ભુજ ઘટકના સેવાભાવી અગ્રણી શ્રી જયેશભાઇ મધુસુદનભાઇ ટાંક પરિવારે સેવા આપેલ હતી. યુવા મંડળના પ્રમુખ સ્નેહલભાઇ પરમાર, મંત્રી હિરેનભાઇ રાઠોડ, ખજાનચી ભાવેશભાઇ રાઠોડે સમગ્ર પ્રવાસની વ્યવસ્થા સંભાળી હતી. ઘટક પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ રાઠોડ, મહિલા મંડળના પ્રમુખ રીટાબેન ચૌહાણ, સલાહકાર પ્રમુખ અમિતાબેન સોલંકી, હસ્મિતાબેન પરમાર, રસિલાબેન પરમાર, સુરેશભાઇ પરમાર તથા ભુજ ભવનના વિદ્યાર્થીઓએ આયોજનમાં સહયોગ આપેલ હતો.

## નાગપુર યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર ઘટક મધ્યે યુવા મંડળ દ્વારા ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્રતા દિવસના રાષ્ટ્રીય પર્વ મનાવવામાં આવ્યું અને અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવ જગદિશભાઇ ટાંક દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું. સાથે સાથે પ્રમુખ શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંકનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં રાષ્ટ્રગીત સાથે બધા મળીને રાષ્ટ્ર પર્વ મનાવ્યું હતું.

## શ્રી વરૂ ગોઠી પરિવાર - દેવળીયા

આથી વરૂ ગોઠી પરિવાર (દેવળીયા) શ્રી ચામુંડા માતાજીના સર્વે ગોઠી ભાઇઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ માતાજીના સ્થાનકે સંવત ૨૦૮૦ આસો સુદ એકમ તા. ૩-૧૦-૨૦૨૪થી માતાજીના મંદિરે ઘટઃસ્થાપના વિધી, નવચંડીપાઠ તથા અખંડ જ્યોતનું આયોજન કરવામાં આવેલ છે તથા **આસો સુદ-૮, તા. ૧૧-૧૦-૨૦૨૪, શુક્રવારના હવનાષ્ટમી તથા સમુહ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે** તો સર્વે વરૂ ગોઠી પરિવારને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**શ્રી દેવળીયા વરૂ ગોઠી પરિવાર**

## વાઘેલા કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી પરિવાર રેહા

જય માતાજી સાથે સહર્ષ જણાવવાનું કે કુળદેવી શ્રી ની આસિમ કૃપાથી દર વર્ષ મુજબ ઘટસ્થાપન તારીખ ૩.૧૦.૨૪ ગુરુવાર સવારે ૮:૦૦ કલાકે **માતાજીનો હવન તથા કાંબી છોડવાનો કાર્યક્રમ નવરાત્રી સુદ આઠમ તારીખ ૧૧-૧૦-૨૦૨૪ શુક્રવારના યોજવામાં આવેલ છે** આ વર્ષે કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી ભાવેશભાઇ સુરેશભાઇ વાઘેલા માધાપર હવનવિધી કરાવશે. **નોમના સમૂહ નિવેદ ૧૨.૧૦.૨૦૨૪ શનિવારના છે.** સર્વે ગોઠીભાઈઓને સહ પરિવાર પધારવા માતાજીએ દર્શન સાથે સમૂહ પ્રસાદ હવનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

**નરેન્દ્રભાઈ જાદવજી વાઘેલા - માધાપર મો. ૭૮૭૪ ૩૮ ૬૦૫૦**

## અનંતની યાત્રાએ...

ગોંદિયા (લોવારીયા) નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન કાનજીભાઇ વેગડ (ઉ.વ. ૮૦)નું તા. ૭-૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (અંજાર) નિવાસી શ્રીમતી કલ્પનાબેન પ્રવિણભાઇ પરમાર (ઉ.વ. ૬૩)નું તા. ૩૦-૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (કુંભારીયા) નિવાસી શ્રીમતી જયાબેન નાનાલાલ રાઠોડ (ઉ.વ.૭૯)નું તા. ૧૯-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (અંજાર) નિવાસી ગં.સ્વ. જયાબેન નારણભાઇ વેગડ (ઉ.વ.૮૫)નું તા. ૧૯-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (રેહા) નિવાસી શ્રી ભુપેન્દ્રભાઇ કરસનભાઇ ચૌહાણ (ઉ.વ.૭૭)નું તા. ૧૮-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (રેહા) નિવાસી ગં.સ્વ. કાન્તાબેન કેશવજીભાઇ વાઘેલા (ઉ.વ.૯૫)નું તા. ૨૦-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

સિનુગ્રા (કુંભારીયા) નિવાસી સ્વ. હરીલાલ મુળજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૨)નું તા. ૧૩-૦૭-૨૪ના રોજે અવસાન થયેલ છે.

રાઉરકેલા (રેહા) નિવાસી ગોદાવરીબેન મોહનલાલ ચાવડા (ઉ.વ.૮૭)નું તા. ૯-૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

નાગપુર (કુકમા) નિવાસી શ્રી નરેન્દ્રભાઇ રમણીકલાલ ચૌહાણ (ઉ.વ.૬૦)નું તા. ૧૯-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

કેંજોરગઢ (અંજાર) નિવાસી ગં.સ્વ.ગીતાબેન શિવજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૩૦-૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

કેંજોરગઢ (અંજાર) નિવાસી શ્રી ગીરીશભાઇ મનોહરલાલ રાઠોડ (ઉ.વ.૫૩)નું તા. ૦૫-૦૯-૨૪ના રોજે અવસાન થયેલ છે.

જબલપુર (માધાપર) નિવાસી શ્રી હરીલાલભાઇ દયારામભાઇ સોલંકી (ઉ.વ.૬૭)નું તા. ૧૦-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (હાજાપર) નિવાસી શ્રી નાનાલાલ ખીમજીભાઇ વરૂ (ઉ.વ.૮૨)નું તા. ૧૮-૯-૨૪ના રોજે અવસાન થયેલ છે.

દેવળીયા નિવાસી શ્રીમતી સરલાબેન કિશોરભાઇ મારૂનું તા. ૧૯-૦૮-૨૪ના રોજે અવસાન થયેલ છે.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સાર્વજનિક ન્યાસ - નાગપુર





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સાર્વજનિક ન્યાસ. (નાગપુર) ના પદાધિકારી, કાર્યકારણી તેમજ આમંત્રિત સદસ્યોની સભા ૧૧ ઓગસ્ટ રવિવારના ગોંદીયા ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ભવનમાં લેવામાં આવી હતી. સભામાં અધ્યક્ષસ્થાને ન્યાસના પ્રમુખ શ્રી અમૃતલાલ કેશવજીભાઇ ટાંક, પ્રમુખ અતિથિ સ્થાને ન્યાસના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા, ગોંદીયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ,વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઇ પરમાર તથા ન્યાસ ના સલાહકાર સભ્ય શ્રી હિંમતભાઈ ભવાનજીભાઈ રાઠોડ અતિથિ સ્થાને ઉપસ્થિત હતા.

સર્વ પ્રથમ સર્વે અતિથિ દ્વારા દીપ પ્રજવલ્લન કરવામાં આવ્યું ત્યારબાદ સર્વે અતિથિઓનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.સભામાં ન્યાસ ના મંત્રી શ્રી મિતેશભાઈ કરશનભાઈ પરમાર દ્વારા વિષય સૂચિ પ્રમાણે અનેક વિષયો રજૂ કર્યા.સર્વપ્રથમ ન્યાસ ના સહમંત્રી શ્રી કમલેશભાઈ હરિલાલ ભાઈ રાઠોડે ગત સભાનો. અહેવાલ સર્વે સમક્ષ રજૂ કર્યો સભામાં ઉપસ્થિત સર્વે સદસ્યો એ હાથ ઊંચો કરી અહેવાલ ને બહાલી આપી. સર્વે ઉપસ્થિત સદસ્યો દ્વારા સમાજહિતમાં નિર્ણયો લેવામાં આવ્યા અને સર્વે સભ્યો એ તેને બહાલી આપી, ન્યાસ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ કે. ટાંક દ્વારા ન્યાસની પ્રવર્તીઓ ની જાણકારી આપી. ન્યાસના કોષાધ્યક્ષ શ્રી જયંતિભાઈ અ.વેગડ દ્વારા પાછલા વર્ષમાં વિદર્ભના ઘટકોમાં વસતા સમાજના જરૂરિયાત સદસ્યોને આપેલ સહાયતા રાશિની જાણકારી સર્વે સદસ્યો સમક્ષ રજૂ કરી. શ્રી યોગેશભાઈ મ. ચાવડા દ્વારા જાણ કરવામાં આવી કે સમાજના જેટલા પણ ટ્રસ્ટ છે તેમાં શ્રી વિદર્ભ પ્રાદેશિક ન્યાસનો ભંડોળ સૌથી વધુ છે તે માટે તેમણે સર્વે ટ્રસ્ટીઓને વધામણી આપી. સંપૂર્ણ સભાનું સંચાલન ન્યાસના મંત્રી શ્રી મિતેષ કરશનભાઈ દ્વારા સુચારુ રૂપે પૂરું કર્યું. અંતમાં આભાર પ્રદર્શન માં ઉપસ્થિત સર્વે અતિથિઓ તેમજ સર્વે ન્યાસિ અને ગોંદીયા ઘટકના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ ર. રાઠોડનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો જેમને સભાની સંપૂર્ણ જવાબદારી લઈ સારી રીતે વ્યવસ્થા કરવા બદ્દલ ન્યાસે તેમનો આભાર વ્યક્ત કર્યો. રાષ્ટ્રગીત ની સાથે સભા સંપન્ન કરવામાં આવી સર્વે સદસ્યો એ સ્વાદિષ્ટ ભોજન નો લાભ લઈ વિદાઈ લીધી.

# સ્વ. માતુશ્રી કંકુમા તથા સ્વ. લક્ષ્મીબેન હીરજી ચૌહાણ ચેરીટેબલ ટ્રસ્ટ




'સમાજરત્ન' સ્વ. હીરજીબાપાના માતુશ્રી સ્વ. કંકુમા તથા તેમના ધર્મપત્ની સ્વ. લક્ષ્મીબેનની સ્મૃતિમાં સેવારત "સ્વ. માતુશ્રી કંકુમા તથા સ્વ. લક્ષ્મીબેન હીરજી ચૌહાણ ચેરીટેબલ ટ્રસ્ટ" દ્વારા જાયન્ટસ ગ્રુપ ઓફ ભુજના સહયોગથી નોટબુક સાથેની શૈક્ષણિક કીટ વિતરણનો પ્રોજેક્ટ તેમના માદરેવતન રેહા ઘટકની હાઇસ્કુલ મધ્યે રાખવામાં આવેલ હતો. ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી શ્રી ધરમશીભાઇ હીરજીભાઇ ચૌહાણ તથા શ્રી દયારામભાઇ એલ. વેગડની પ્રેરણાથી આયોજીત આ કાર્યક્રમમાં

મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હરીલાલભાઇ યાદવ, જાયન્ટસ ગ્રુપ-ભુજના પ્રમુખ શ્રી અરૂણકુમાર જોશી, એજ્યુકેશન ઓફીસર શ્રી પ્રદિપકુમાર જોશી, સામાજીક અગ્રણીશ્રી કિરીટભાઇ પરમારના હસ્તે કીટનું વિતરણ કરવામાં આવેલ હતું. મંચસ્થ અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે રોકડ ભેટ પણ આપવામાં આવેલ હતી. શ્રી વિનોદભાઇ ચૌહાણે 'સમાજરત્ન' સ્વ. હીરજીબાપાના યોગદાનને યાદ કરી તેમની સ્મૃતિમાં વખતોવખત શિક્ષણ ઉપયોગી આયોજનો કરતા રહેવાની ખાત્રી આપી હતી. શાળાના આચાર્ય શ્રી જયભાઇ જોશી તથા સ્ટાફે વ્યવસ્થા સંભાળી હતી. રેહા ઘટકના પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ચૌહાણે શુભેચ્છા પાઠવી હતી.

# શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ સંચાલિત ભુજ વિદ્યાર્થી ભવન મધ્યે શેડનું લોકાર્પણ કરાયું



શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ દ્વારા ભુજ મુકામે ચાલતા રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન મધ્યે તા. ૧૨ લાખના ખર્ચે નિર્મિત શેડનું લોકાર્પણ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકીના હસ્તે કરવામાં આવેલ હતું. સંસ્થાના પ્રમુખ ડૉ. મનોજભાઇ પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને અયોજીત લોકાર્પણ અને દાતા સન્માન સમારોહનું બન્ને મહાનુભાવો સાથે હોદ્દેદારો વિનોદભાઇ ચૌહાણ, વિનોદભાઇ ખોડિયાર, વિનોદભાઇ પઢિઆર, પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, મહિલા પ્રા. પ્રમુખ રીટાબેન ચૌહાણ, નારીરત્ન કંચનબેન જેઠવા, ભુજ બોર્ડીંગના પ્રમુખ દિપકભાઇ ચૌહાણ, ઘટક પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર, જ્ઞાતિ પ્રસાદના દાતા હંસાબેન રાઠોડ તથા મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરેલ હતું. ત્યાર બાદ ભુજ મહિલા મંડળના બહેનોએ સમુહમાં શ્રીરામ સ્મરણ તથા ઝીલ ચૌહાણ, કિંજલ પરમાર અને યશ્વી ચૌહાણે શ્રી રામસ્તુતિ ઉપર સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરેલ હતું. દાતાશ્રીઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરનાર બહેનોને રૂા. ૧૧૦૦૦ની ભેટ આપવામાં આવેલ હતી.

ત્યાર બાદ ભુજ ભવનના મંત્રી ઉમંગભાઇ પરમારે સ્વાગત પ્રવચન કર્યા બાદ શેડ નિર્માણના સંયોજક વિનોદભાઇ ચૌહાણે નિર્માણની જરૂરીયાત અને ઉપયોગીતાની વિગતો આપી તેના દાતાશ્રીઓ તરફથી મળેલ પ્રશંસનીય સહયોગ બદલ ખુશી વ્યક્ત કરેલ હતી. ઉદ્‌ઘાટા સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીએ સમાજના શિક્ષણપ્રેમી વડીલોએ દુરંદેશીપણું વાપરી બનાવેલ સંકુલને વિકસાવવાની સાથે આત્મનિર્ભર બનાવી શિક્ષણ અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવવા અનુરોધ કર્યો હતો. પ્રાસંગીક પ્રવચનમાં બાબુભાઇ ચૌહાણ, દિપકભાઇ ચૌહાણ, ડૉ. દેવેન્દ્રભાઇ પરમારે નવું સંકુલ ખુબજ ઉપયોગી બની રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

સમારોહના અધ્યક્ષ ડૉ. મનોજભાઇ સોલંકીએ વર્તમાન સમયમાં વ્યાવસાયીક અને રોજગારલક્ષી શિક્ષણની જરૂરીયત ઉપર ભાર મુકેલ હતો. આ સંકુલ આવી તાલીમો આપતા સેમિનારો, બી.વોક અને સર્ટીફીકેટ કોર્ષનું શિક્ષણ આપતા વર્ગો તથા સેમિનારના આયોજન માટે ઉપયોગી થવાની લાગણી વ્યક્ત કરી સૌ સહયોગીઓને અભિનંદન આપેલ હતા.

ત્યાર બાદ યોજાયેલ દાતાશ્રી સન્માન અંતર્ગત રૂા. ૧ લાખનું દાન આપનાર સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, ગં.સ્વ. જ્યોતિબેન મહેશભાઇ સોલંકી તથા રૂા. ૪૧ હજાર તથા ઉપરનું દાન આપનાર દાતાઓ વ્રજલાલભાઇ પરમાર, ધીરેનભાઇ ટાંક, ભોગીલાલભાઇ ચાવડા, નારાયણભાઇ ચૌહાણ, સ્વ. પ્રિતીબેન પ્રફુલ્લભાઇ વાઢેર, કાન્તિલાલભાઇ પરમાર, ઉમેશભાઇ ચૌહાણ તથા બ્ર.કુ. બાબુભાઇ પરમાર સહિત ૭૦

જેટલા દાતાઓને સન્માનિત કરવામાં આવેલ હતા. વિશેષ સન્માન અંતર્ગત રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ તરીકે નિયુક્ત થઇ કચ્છને ગૌરવ અપાવનાર સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી તથા જ્ઞાતિ પ્રસાદના દાતા ગં.સ્વ. હંસાબેન રાઠોડનું અભિવાદન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન મંડળના મંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણ તથા ઉમંગભાઇ પરમારે કરેલ હતું. ભુજ ભવનના ઉપપ્રમુખ ઉમેશભાઇ ચૌહાણે આભારવિધી કરેલ હતી. અંકિત ચૌહાણ, વિજયભાઇ સોલંકી, યોગેશ ચૌહાણ તથા ધીરેનભાઇ ટાંક એ વ્યવસ્થા સંભાળી હતી. સમાજની વિવિધ પાંખોના અગ્રણીઓ કુંવરજીભાઇ ટાંક, મનોજભાઇ વેગડ, અમિતાબેન સોલંકી, પાર્થ ચાવડા, ભગવાનજીભાઇ રાઠોડ, નિતીનભાઇ પરમાર, દિલીપભાઇ ચૌહાણ, સુરેશભાઇ ટાંક ઉપસ્થિત રહ્યા હતા.

### ભુજ વિદ્યાર્થી ભવન

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત રાયબહાદુરશ્રી જગમાલભાઈ રાજાભાઈ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજ મધ્યે ૭૮ માં સ્વતંત્રતાદિન ની ઉજવણી કરવામાં આવી હતી. ભુજ ભવન સંચાલન સમિતિના પ્રમુખશ્રી દિપકભાઈ એન. ચૌહાણ (ભુજ) ના અધ્યક્ષ સ્થાને આયોજીત કાર્યક્રમમાં સંચાલન સમિતિના ઉપપ્રમુખશ્રી ઉમેશભાઈ પી. ચૌહાણ (કુકમા)ના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. મહાસભાના



તથા કેળવણી મંડળ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક સમિતિ પ્રમુખ શ્રી બાબુલાલભાઈ ચૌહાણ, કચ્છ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળ સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, કેળવણી મંડળ પૂર્વ પ્રમુખશ્રી મુકુંદભાઈ પરમાર, ભુજ ઘટક પૂર્વ પ્રમુખશ્રી વૃજલાલભાઈ પરમાર, નવનિર્મિત શેડ ના દાતાશ્રી પ્રફુલભાઈ વાઢેર (અમદાવાદ) સાથે સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંચાલન સમિતિના ઉપપ્રમુખ શ્રી ધિરેનભાઇ ટાંક, શ્રી નાનાલાલભાઈ ચૌહાણ, શ્રી અંકિતભાઈ ચૌહાણ એ વ્યવસ્થા સંભાળેલ હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મંત્રીશ્રી ઉમંગભાઈ પરમાર એ કરલે હતી.

## શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે સેમિનાર યોજાયો



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભૂજ - કરછ દ્વારા માન્ય એક વર્ષનો ડિપ્લોમા એગ્રો પ્રોસેસિંગ, માર્કેટિંગ અને મૂલ્યવૃદ્ધિ વિષય સાથે ખેતીને લગતો કોર્સ શરૂ કરવા અને વ્યવસ્થા, માર્ગદર્શન તેમજ ઉદઘાટન સમારોહની તારીખ નક્કી કરવા માટે એક સેમિનારનું આયોજન, અંજાર ભવન ખાતે તા.૧૪.૦૯.૨૦૨૪ના રોજ સાંજે ૪.૦૦



કલાકે, તજજ્ઞોની હાજરીમાં આયોજિત કરવામાં આવ્યુ હતું.

દીપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થના બાદ મંડળના મંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણએ આજની આ સભાના આયોજન અંગે જાણકારી આપેલ. અધ્યક્ષ સ્થાનેથી કેળવણી મંડળના પ્રમુખ ડો. શ્રી મનોજભાઈ પી. સોલંકી એ આ શૈક્ષણીક કોર્ષ શરૂ કરવા માટે જે જે પ્રયત્નો કરવા મા આવેલ છે અને કરછ યુનિવર્સિટી સાથે જોડાણ કરી, જરૂરી ફી ભરપાઈ કરી અને યુનિવર્સિટી તરફથી આપણા કેળવણી મંડળ ને આપવામા આવેલ મંજૂરી, ભવિષ્યના આયોજન,રૂપરેખા અને શરૂ કરવાના કોર્ષ ની વિસ્તૃત માહિતી તેમજ સમય સારણી, પાઠ્યપુસ્તકો, પરીક્ષા પદ્ધતિ અને યુનિ.ના VCની સહી સાથેનુ certificate અંગે વિસ્તૃત માહિતી સભાને આપેલ હતી. શ્રી વિનોદભાઈ પઢિયારે વહીવટી વ્યવસ્થા સંબંધી માહિતી આપેલ હતી.સંસ્થાના પ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકી એ કેળવણી મંડળ સંચાલિત આ કોર્ષ ''કે.જી.કે. વોકેશનલ એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ'' એવા નામકરણ સાથે ચલાવવા અને સંયોજન તરિકે પોતે રહેશે અને સહ સંયોજક રૂપે શ્રી વિનોદભાઈ પઢીયાર અને ઇન્સ્ટિટયૂટના વહીવટી વડા તરીકે શ્રી પાર્થભાઈ ચાવડા અને શૈક્ષણિક વડા તરીકે શ્રી હરિલાલભાઈ વાઢેર ની નિયુક્તિ કરવાની જાહેરાત કરી હતી. ઇન્સ્ટિટયૂટના સહાયકો તરીકે ડો. શ્રી અરૂણભાઇ પરમાર, શ્રી પ્રભુલાલભાઈ પરમાર, ડો. શ્રી ગૌરવભાઈ ચૌહાણ,, શ્રી બલરામભાઈ ચૌહાણ, શ્રી અનિલભાઇ ચૌહાણ,શ્રી પ્રદીપભાઈ ટાંક તેમજ શ્રી મુકેશભાઈ ખોડીયાર ની વરણી કરવામાં આવેલ હતી. અંજાર વિદ્યાર્થી ભવનનું ભવ્ય મકાન કે જે બે વખત ભૂકંપનો માર સહન કરવા છતાં અડીખમ ઉભુ છે અને ૧૯૫૬ ના ભૂકંપમાં તત્કાલીન વડાપ્રધાન સ્વ.જવાહરલાલ નહેરુએ જેની મુલાકાત લઈ અને આ ભવ્ય સંકુલ થી પ્રભાવિત થયા હતા એવા સંકુલ નો સદુપયોગ થાય તેવી ભાવનાથી ઇન્સ્ટિટયૂટ માં કોઈપણ સમાજના ભાઈ કે બહેનને આ કોર્ષ માટે એડમિશન આપી,લાભ લઈ શકે છે એવું નક્કી કરવામાં આવ્યું હતું. ડો. શ્રી અરૂણભાઇ પરમાર, શ્રી પ્રભુલાલભાઈ પરમાર, શ્રી બલરામભાઈ ચૌહાણ વગેરેએ ઉચિત માર્ગદર્શન આપેલ હતું.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન મંડળના મંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણ તથા અંજાર ભવનના મંત્રી શ્રી મુકેશભાઈ ખોડિયારે સંભાળેલ હતુ.અંતમાં ઉપસ્થિત સૌ શિક્ષણ પ્રેમી સભ્યો તથા આમંત્રિત સૌનો મંડળના મંત્રી શ્રી અનિલભાઈએ હાર્દિક આભાર માની આ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ હતો.

## અંજાર વિદ્યાર્થી ભવન

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન અંજાર મધ્યે ૧૫મી ઑગષ્ટના ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રમુખ શ્રી પાર્થભાઇ




જશવંતભાઇ ચાવડાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. આદ. વડીલ શ્રી હરીલાલભાઇ વાઢેરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ રાષ્ટ્રીય પર્વના પ્રસંગે વિદ્યાર્થી ભવન સંચાલન સમિતિના હોદ્દેદારશ્રીઓ, કેળવણી મંડળના વડીલશ્રીઓ ઉપસ્થિત રહીને રાષ્ટ્રીય ધ્વજને સલામી સાથે રાષ્ટ્રગીત ગાયન કર્યું હતું. ત્યાર બાદ સમાજના નામી-અનામી સમાજબંધુઓ આપણી વચ્ચેથી વિદાય લઇ ગયેલ તેમને મૌન સાથે શ્રદ્ધાંજલી પાઠવેલ હતી. રાષ્ટ્રીય પર્વના પ્રસંગે હરીલાલભાઇ વાઢેર, વિનોદભાઇ પઢિઆર, રમેશભાઇ ચૌહાણ, મુકેશભાઇ ખોડિયાર, વિનોદભાઇ ખોડિયાર, મુકેશભાઇ ટાંક, કુંવરજીભાઇ ટાંક, હિમ્મતભાઇ રાઠોડ, કિશનભાઇ રાઠોડ, પ્રદીપભાઇ ટાંક, જીવરામભાઇ ચાવડા, જીવરામભાઇ ટાંક, ભગવાનજીભાઇ રાઠોડ, દેવેન્દ્રભાઇ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# મા જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ

કાનજી ડાયા ધર્મશાળા, કેંજોરગઢમાં તા. ૧૫મી ઑગષ્ટના ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. મુખ્ય અતિથિમાં જગદંબા ટ્રસ્ટના ચેરમેન ડૉ. નરેન્દ્ર વલમજીભાઇ રાઠોડે તિરંગો લહેરાવ્યો હતો અને લોકોને સંબોધિત કર્યા હતા. સ્વતંત્રતા દિવસના આ ગૌરવપૂર્ણ શુભ અવસર પર ચેરમેનશ્રીએ લોકોને ઉદ્‌બોધન આપતા કહ્યું હતું કે, તિરંગો આપણું ગૌરવ છે. ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. આપણી અહીંની સંસ્કૃતિ અને સભ્યતા દુનિયાના તમામ દેશોને પ્રેરણા આપે છે. રાષ્ટ્ર નિર્માણ, વિકસીત ભારતના વિઝનને સાકાર કરવા



તથા સંકલ્પને મજબુત કરવાની જરૂરત છે. કેંજોરના કચ્છી વડલાની મૂળ શાખ એટલે કાનજી ડાયા ચાવડા. કેંજોરના મોટી બિલ્ડીંગો, રોડ અને બ્રિજ આદિ નિર્માણોમાં તેમની સશક્ત કાર્યકુશળતા નજરે આવે છે.

## <u>સ્થાપનાની શતાબ્દી પૂર્ણ કરતી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત સંસ્થા</u>

# શ્રી રાયબહાદુર જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન, ભુજનો ઈતિહાસ



રાયબહાદુર સ્વ. શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ
ભુજ બોર્ડીંગના મકાનના દાતાશ્રી

કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જે પૂર્વે કડિયા/મિસ્ત્રી સમાજ તરીકે પ્રચલિત હતો. રાજસ્થાનથી સ્થળાંતર થઇ કચ્છ પ્રદેશને પોતીકું બનાવનાર કડિયા સમાજના લોકો સ્વબળે ભારતભરમાં ફેલાયા અને સમૃદ્ધ થયા. ધનબાદ, ઝરીયામાં કોલસાની ખાણના માલિક બન્યા. પરંતુ તેના વતન કચ્છને ભૂલ્યા નહિં. સમયાંતરે કચ્છના અને કચ્છ બહારના જ્ઞાતિબંધુના શિક્ષણસ્તરને ઉંચું લાવવા માટે ચિંતન સાથે 'વિદ્યોતેજક ફંડ' ઉભું કરી મદદરૂપ થવાનો વિનમ્ર પ્રયાસ થયો. ઇ.સ. ૧૯૧૮ના વર્ષમાં સમાજના ઉત્કર્ષ માટે અભ્યુદય મંડળની સ્થાપના થઇ અને વિદ્યાર્થી ભવન સ્થાપવા સમાજમાં ઝુંબેશ ઉપાડવામાં આવી. તેના ફળ સ્વરૂપે સંવત ૧૯૮૦ના શ્રાવણ વદ બીજના રોજ માધાપર મુકામે ભુજ વિસ્તારના છ ગામના જ્ઞાતિબંધુઓની એક બેઠક અરજણ માંડણ ચૌહાણના બંગલે નાગોરના શ્રી મુળજી મેઘજી ચૌહાણના પ્રમુખ સ્થાને મળેલ. જેમાં ભુજ મધ્યે સમાજનું પ્રથમ વિદ્યાર્થી ભવન શરૂ કરવાનો નિર્ણય લેવાયો. અમલવારી માટે પ્રમુખ પદ શ્રી મુળજી મેઘજીભાઇ ચૌહાણ - નાગોર, ઉપપ્રમુખ શ્રી કરશન ભીમજીભાઇ રાઠોડ-માધાપર, મંત્રી તરીકે શ્રી માધવજી જગમાલભાઇ રાઠોડ - માધાપર, જોઇન્ટ મંત્રી તરીકે શ્રી દેવશી રાજાભાઇ ચૌહાણ - નાગોર, ખજાનચી તરીકે શ્રી દામજી ઘેલાભાઇ પરમાર - કુકમા, ઓડીટર તરીકે શ્રી વાલજી રત્નાભાઇ રાઠોડ - માધાપર, ભવન વ્યવસ્થાપક સમિતિની સર્વસહમતીથી રચના કરવામાં આવી. જેના સભ્યો તરીકે શ્રી અર્જુન માંડણભાઇ પરમાર - કુકમા, શ્રી પ્રેમજી વિશ્રામભાઇ પરમાર - હાજાપર, શ્રી કુંવરજી હરદાસભાઇ યાદવ - હાજાપર, શ્રી પાંચા દેવાણદાભાઇ ચૌહાણ - રેહા, શ્રી જયરામ નારાયણભાઇ વાઘેલા - રેહા, શ્રી રાજા નારાયણભાઇ ચૌહાણ - નાગોર, શ્રી નારાયણ માવજીભાઇ ગોહિલની નિયુક્તિ કરવામાં આવેલ.

આ સમિતિ દ્વારા સંવત ૧૯૮૦ શ્રાવણ વદ દશમીના શુભ દિવસે ભુજ મધ્યે ઓલ્ફ્રેડ હાઇસ્કુલની નજીકમાં મહાદેવનાકાની અંદર પેરીસ બેકરીથી નજીકમાં મકાન ભાડે રાખી સમિતિના પ્રમુખ શ્રી મુળજી મેઘજીભાઇ ચૌહાણના વરદ હસ્તે 'કળશ' સ્થાપના વૈદિક વિધિ સાથે કરવામાં આવી અને વિદ્યાર્થી ભવન ભાદરવા સુદ તેરસના દિવસે વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો.

સંવત ૧૯૨૪ ભાદરવા સુદ-૧૩ના શુભ દિને સાંજના પાંચ કલાકે ભાડે રાખેલ મકાનમાં સંચાલન સમિતિના પ્રમુખ શ્રી મુળજી મેઘજીભાઇ ચૌહાણના વરદ હસ્તે બોર્ડીંગના રૂમનું તાળું ખોલીને શુભારંભ કરવામાં આવ્યો. જેને આજરોજ ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે અને ચડતી-પડતી જોઇ આ સંસ્થા ૧૦૦ વર્ષ ઉજવી રહી છે તે સમાજ માટે ગૌરવરૂપ બીના છે.

બાદમાં અંગ્રેજી વર્ષ ૧૯૩૨માં નાગોરના શ્રેષ્ઠીદાતા રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ દ્વારા ભુજ મધ્યે પંચમુખા હનુમાન ગલીમાં મકાન બાંધીને વાપરવા આપતાં ભાડાના મકાનમા રહેતા વિદ્યાર્થીઓ સંસ્થાના મકાનમાં તબદીલ થયા. આ જગ્યા 'મિસ્ત્રી બોર્ડીંગ' તરીકે પ્રખ્યાત થઇ બાદમાં બોર્ડીંગના આગળના ભાગે શ્રી શીવજી મેગરભાઇ ચૌહાણ દ્વારા બે રૂમો બાંધી આપવામાં આવેલ.

આ બોર્ડીંગમાં અભ્યાસ કરીને સમાજના છોરાઓ જુદા જુદા ક્ષેત્રોમાં ખુબ જ નામના મેળવેલ છે. આ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને શિક્ષણ ઉપરાંત અન્ય રમતગમતોમાં પારંગત બનાવવા સાથે શારિરીક શિક્ષણને મહત્વ અપાતું હતું. સમગ્ર ભુજમાં ભુજ બોર્ડીંગની ફુલબોલ ટીમ અગ્રેસર રહેતી હતી. આ ઉપરાંત ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ, કબડ્ડીની ખુલ્લી સ્પર્ધામાં ભુજ બોર્ડીંગ અવ્વલ રહેતી હતી. સંસ્થાના વિદ્યાર્થીના બૌધિક વિકાસની પ્રવૃત્તિમાં હસ્તલિખીત અંકો, નાટ્ય સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેના આયોજનો થયા હતા.

સંસ્થાના સ્થાપના સમયે મુખ્ય દાતાશ્રીઓ સ્વ. જગમાલ રાજાભાઇ ચૌહાણ - નાગોર, સ્વ. મનજી જેરામભાઇ રાઠોડ - માધાપર, સ્વ. રૂપા વીરાભાઇ ટાંક - કુકમા તેમજ ઝરીયા વિદ્યોતેજક ફંડ મુખ્ય હતા. સમયાંતરે વ્યવસ્થાપકો બદલાતા રહ્યા તે પૈકી પ્રમુખશ્રી તરીકે સેવા આપનારાઓની નામાવલી આ પ્રમાણે છે.

સ્વ. રૂપા વીરાભાઇ ટાંક - કુકમા, સ્વ. મનજી જેરામભાઇ રાઠોડ - માધાપર, સ્વ. નારાયણ મનજીભાઇ રાઠોડ - માધાપર, સ્વ. હરજીવન વેલજીભાઇ ટાંક - માધાપર, સ્વ. ડૉ. દયારામ જીવરામભાઇ ટાંક - કુકમા (ભુજ), સ્વ. દેવજી ખેતાભાઇ ચૌ!ાણ - માધાપર (નાગોર), સ્વ. હરીલાલ હીરજીભાઇ રાઠોડ



ભુજ બોર્ડીંગના વિદ્યાર્થીઓનો સમુહ ફોટો, ગુરૂપતિ સમાજના પ્રથમ ગ્રેજ્યુએટ શ્રી માધવજી અરજણ ચૌહાણ-માધાપર સંગીત શિક્ષક તથા સંચાલન સમિતિના પ્રમુખશ્રી ડો.વલમજી ભીમજી વાઘેલા-રેહા દેખાય છે.

– નાગલપર, સ્વ. નાનજી બેચરભાઇ ચૌહાણ – ભુજ (નાગોર), શ્રી હરી સામજીભાઇ પરમાર – માધાપર (હાજાપર), શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલા – માધાપર (રેહા), શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ – માધાપર (રેહા), શ્રી હિમાંશુ નિરંજનભાઇ પરમાર – માધાપર (કુકમા), શ્રી દિલીપ ગાંગજીભાઇ ચૌહાણ – માધાપર (નાગોર), શ્રી દિપક નાનજીભાઇ ચૌહાણ (વર્તમાન) ભુજ (નાગોર.)

સમાજની ભુજ બોર્ડીંગ ઉપરાંત અંજાર બોર્ડીંગ અને શ્રી ઝરીયા વિદ્યોતેજક ફંડળના હોદ્દેદારોએ સંસ્થાને સંયુક્ત રીતે શ્રી કડિયા ક્ષત્રિય કેળવણી મંડળને કારણે બંધારણનો ખરડો સોસાયટી એક્ટ નીચે રજીસ્ટર કરાવતા તા. ૧૧-૩-૧૯૫૦થી ભુજ બોર્ડીંગ કેળવણી મંડળના સંચાલન હેઠળ આવી. સમયાંતરે કડિયા ક્ષત્રિયને બદલે ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ અમલમાં આવ્યું. જે આજદિન સુધી ચાલુ છે.

સંસ્થાને આર્થિક સદ્ધરતા આપવા માટે સંચાલકો દ્વારા ફંડ ફાળા ઉભા કરવાના પ્રયત્નો થતા રહ્યા. જેમાં તા. ૩૦-૫-૧૯૮૨ના રોજ ભુજ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવેલ અને ફંડ એકત્રિત કરવામાં આવેલ. તે જ રીતે ૨૦૧૫માં પણ આવા સંમેલનનું આયોજન થયેલ અને ફંડ એકત્રિત થયેલ. સમાજના નામી-અનામી સમાજબાંધવોએ તેમાં પોતાનું યોગદાન આપેલ હતું. જેમાં સ્વ. દેવજી ખેતાભાઇ ચૌહાણની સેવા નોંધનીય રહી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંસ્થા પાસે તન, મન, ધનથી જોડી શકાયા હતા. મંડળે તેમની આજીવન સેવક તરીકે નોંદ લીધી હતી.

આ સંસ્થામાં રહીને ઘણા વિદ્યાર્થીઓએ તેમના ક્ષેત્રમાં નામના મેળવેલ. જે પૈકી પૂજ્ય સંત શ્રી વાસુદેવજી મહારાજ, નિવૃતિ આશ્રમ, કુકમા, સ્વ. પુરૂષોત્તમભાઇ ખીમજીભાઇ ચૌહાણ, સમાજના એકમાત્ર ધારાસભ્ય, સ્વ. નરસિંહ મનજી રાઠોડ, શ્રી ઇશ્વરભાઇ દામજી પરમાર (બાળ સાહિત્ય), સ્વ. શ્રી ડૉ. દયારામભાઇ ટાંક, ડૉ. ભુપેન્દ્રભાઇ ચૌહાણ, સ્વ. શ્રી દેવજીભાઇ ખેતાભાઇ ચૌહાણ, સ્વ. શ્રી દયારામભાઇ યાદવ, શ્રી દામજીભાઇ હિરજીભાઇ વરૂ, શ્રી પ્રભુલાલભાઇ પ્રેમજીભાઇ પરમાર, સ્વ. શ્રી નારણભાઇ માવજીભાઇ ચૌહાણથ, શ્રી કાંતિલાલ રામજીભાઇ પરમાર,અ શ્રી નાનાલાલ હિરજીભાઇ સોલંકી, શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ, શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા, શ્રી હરીશભાઇ શામજીભાઇ પરમાર, વગેરેએ સમાજનું નામ રોશન કરેલ. વિશેષમાં ગુર્જર ક્ષત્રિય સમાજના પ્રથમ 'સમાજરત્ન' સ્વ. શ્રી હીરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને હાલના મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને આજે તેઓ દરેક ક્ષેત્રમાં ગૌરવવંતા સ્થાને છે.

રાયબહાદુર શ્રી જગમાલભાઇ ચૌહાણ દ્વારા બોર્ડીંગ માટે વાપરવા આપેલ મકાન સંસ્થાને કાયમી સુપ્રત કરવાની ઉદારતા લેખિતમાં દર્શાવેલ હતી. બોર્ડીંગના મંત્રી શ્રી દેવજીભાઇ ચૌહાણના સંનિષ્ઠ પ્રયાસો થકી આ બોર્ડીંગનું મકાન સીટી સર્વે વિભાગમાં ચઢાવવાની કાર્યવાહી કરી સનદ્ મેળવવામાં આવી. ભુકંપમાં મુખ્ય ઇમારત ધ્વંશ થયેલ. જેમાં વિદ્યાર્થી સ્વ. રોહિત અશોક પરમાર – નાગોર, સ્વ. અજય મોહનભાઇ ટાંક – ગાંધીધામનું દુઃખદ અવસાનની ઘટના બનેલ. ત્યાર બાદ આગળનું બાંધકામ ટાઉન પ્લાનીંગમાં કપાત ગયેલ દાતાના વારસદારો સાથે માલીકી બાબતે સમાધાન કરવામાં આવેલ. આ સમાધાન મંડળના જે-તે સમયના અધ્યક્ષ શ્રી જીવરામભાઇ ભવાનજીભાઇ ટાંક દ્વારા મંડળે આપેલ સત્તાની રૂએ કરેલ. ત્યાર બાદ સમાધાન મુજબ મળેલ રકમમાંથી ભુજના નવી રાવલવાડી રીલોકેશન વાલરામનગરમાં જગ્યા લઇ ભવનનું નિર્માણ કરી દાતાશ્રી જગમાલભાઇની સ્મૃતિમાં નામકરણ કરવામાં આવ્યું.

ભૂકંપ બાદ સરકારી વિભાગોમાં તમામ કાર્યવાહી કપાતનું વળતર તેમજ કોર્ટ કેસ ઉપરાંત ચેરીટી કમિશ્નર કચેરીમાં આ મિલ્કત સંસ્થાની પી.ટી. એન્ટ્રીમાં પણ નોંધવાની કાર્યવાહી મંડળના મંત્રી શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવેલ હતી. ટાઉન પ્લાનીંગમાં કપાત થયેલ જગ્યા સામે નવું ભવન નિર્માણ ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓને વાલરામનગરમાં ભાડે રાખી બોર્ડીંગ પુનઃ શરૂ કરવામાં આવી. આ મકાન ટુંકું પડતાં અંજારના પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવાએ પોતાની માલીકીનો ભાનુશાલીનગર ખાતેનો ફ્લેટ નિઃશુલ્ક વાપરવા આપતાં ત્યાં પણ બોર્ડીંગ શરૂ કરવામાં આવી. બાદમાં શિવકૃપાનગર ખાતે અન્ય જ્ઞાતિના શ્રી દિલીપ જીવરામ

ચાવડાએ તેનુ મકાન નિઃશુલ્ક આપેલ. આમ ત્રણ-ત્રણ જગ્યાએ ભવન ચલાવીને બોર્ડીંગને જીવંત રાખવામાં આવેલ. ૨૦૦૭માં હાલની જગ્યાએ ભવનનું નવનિર્માણ થતાં નવા ભવનમાં બોર્ડીંગ કાયમી ધોરણે શરૂ કરવામાં આવી જે આજપર્યંત ચાલુ છે. આ સંસ્થાએ ૧૦૦ વર્ષ સુધી સમાજના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થઇ સમાજ ઉત્કર્ષ માટે નોંધપાત્ર યોગદાન આપેલ છે.

આમ, આ સંસ્થામાં શૈક્ષણિક પ્રવૃત્તિ વિશેષ થાય અને સંસ્થા વધુ સમય સુધી સેવામાં અવિરતપણે યોગદાન આપે તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી ને શિક્ષણપ્રેમીઓએ સજાગ રહેવું જોઈએ. વર્તમાન કેળવણી મંડળના અધ્યક્ષ ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને તેમજ 'સમાજરત્ન' અને મહાસભાના અધ્યક્ષ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના આશીર્વચનથી આ વર્ષે વિવિધ કાર્યક્રમો બોર્ડીંગમાં કરવાનો નિર્ણય કેળવણી મંડળ દ્વારા લેવામાં આવેલ છે.

**સંકલનકર્તા :**

**શ્રી જયંતિલાલ વલમજી વાઘેલા – માધાપર**

માજી વિદ્યાર્થી એવં માજી પ્રમુખ, સંચાલન સમિતિ-ભુજ

**શ્રી હિમાંશુભાઇ નિરંજન પરમાર – માધાપર**

માજી પ્રમુખ, સંચાલન સમિતિ-ભુજ

# તરાના કે.જી.કે. મ્યુઝિક ગ્રુપનું પાંચમું સંગીત મિલન સમારોહ અંદામાન નિકોબારમાં યોજાયું



તરાના કે.જી.કે. મ્યુઝિક ગ્રુપનું પાંચમું સંગીત મિલન સમારોહ યાત્રા તા,૨૯.૦૮.૨૦૨૪ થી .૦૩.૦૯.૨૦૨૪ અંદામાન નિકોબાર દ્વીપ સમૂહ મધ્યે આયોજિત કરવામાં આવી. આ ઐતિહાસિક યાત્રામાં ભારતભર થી પ્રત્યેક પ્રાંતના આપણા સમાજના ૯૫ સદસ્યોએ ભાગ લીધેલ હતો.

તા. ૨૯.૦૮.૨૦૨૪ ના રોજે કલકત્તા તથા હૈદરાબાદથી ફ્લાઇટ દ્વારા અંદામાનની રાજધાની પોર્ટબ્લેર પ્રસ્થાન કર્યા બાદ હોટેલમાં ૩ વાગ્યે તરાના સંગીત મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વપ્રથમ તરાના મ્યુઝિક ગ્રુપનાં ફાઉન્ડર શ્રી મોહનભાઈ તથા કોમલબેન ચૌહાણ, યાત્રા કમિટીના પ્રમુખ સદસ્ય શ્રી દિનેશભાઈ પરમાર તરાનાનાં કો-ફાઉન્ડર શર્મિલાબેન ચાવડા, સલાહકાર શ્રી ડૉ. ગિરિધરભાઈ રાઠોડ, એડમીન સદસ્ય લીલાબેન જેઠવા, વિનયભાઈ વરુ, રમિતાબેન ચૌહાણ, કિશોરભાઈ ચાવડા, પ્રકાશભાઈ ચૌહાણ, ભૂમિકાબેન વરુ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું તથા અનિતાબેન વાઢેર દ્વારા મંત્રોચ્ચાર સાથે શ્લોક બોલવામાં આવ્યા.

ત્યારબાદ હર્ષિતાબેન ચૌહાણ દ્વારા ગણેશ વંદના નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું, તેના બાદ પારૂલબેન પરમાર, લીલાબેન જેઠવા, સોનલબેન પરમાર, રમિતાબેન ચૌહાણ, દીપિકાબેન ટાંક દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ તરાના મ્યુઝિક ગ્રુપના ફાઉન્ડર શ્રી મોહનભાઈ ચૌહાણનું પ્રભુલાલ ભાઈ રાઠોડ દ્વારા શાલ તથા પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું તથા કોમલબેન ચૌહાણનું ભૂમિકાબેન વરુ દ્વારા સન્માન કરવામાં આવ્યું તથા યાત્રા કમિટીના પ્રમુખ સદસ્ય શ્રી દિનેશભાઈ પરમારને પણ શાલ તથા પુષ્પગુચ્છ આપીને સન્માનિત કરવામાં આવ્યાં. રમતગમતના ઈનામોના પ્રયોજક આશાબેન રાજેશભાઈ પરમારનું પણ સન્માન કરવામાં આવ્યું. તેવીજ રીતે મંચમાં ઉપસ્થિત તરાનાના સર્વે એડમિનશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું.

ત્યાર બાદ સંગીતનો કાર્યક્રમ પ્રારંભ થયો. જેમાં તરાનાના સર્વે સુમધુર સદસ્યો દ્વારા ગીતોની પ્રસ્તુતિ આપવામાં આવી. મંચ સંચાલન લીલાબેન જેઠવા, દિનેશભાઈ પરમાર, રમીતાબેન

ચૌહાણ તથા વિનયભાઈ વરૂએ કર્યું હતું. જેમાં ઉપસ્થિત સર્વે સદસ્યો અતિ આનંદિત થઈ ગયા. ત્યાર બાદ હાઈ ટી સાથે ગરબા નૃત્ય રજૂ કરવામાં આવ્યું. અંતમાં સર્વે એ રાજી ખુશી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.

તા. ૩૦.૦૮.૨૦૨૪ ના સવારે સ્વાદિષ્ટ નાસ્તો કરીને ક્રૂઝ દ્વારા અંદામાનની સુપ્રસિદ્ધ હેવલોક આઈલેન્ડ સ્થિત રાધાકૃષ્ણ બીચની મુલાકાત લીધી સાથે કદી ના ભૂલી શકાય એવું પ્રાકૃતિક સૌન્દર્ય જોઈને સર્વે સદસ્યો ખૂબ આનંદિત થયા હતા. તા. ૩૧.૦૮.૨૦૨૪ ના રોજે સવારે સ્વાદિષ્ટ નાસ્તો કરવા બાદ સર્વે સદસ્યોએ અંદામાનના કાલાપત્થર બીચ, એલીફન્ટા બીચનું ખૂબસૂરત વાતાવરણ, લીલું સમુદ્ર પાણી જોઈને રોમાંચિત થઈ ગયાં. ત્યાર બાદ તા.૦૧.૦૯.૨૦૨૪ ના રોજે પ્રસિદ્ધ નીલ આઈલેન્ડ માટે ક્રુઝ દ્વારા પ્રસ્થાન કર્યું. ક્રૂઝ યાત્રામાં સર્વે સદસ્યોએ ડાન્સ, ગરબા, સંગીતનો પણ આનંદ માણ્યો હતો. નીલ આઈલેન્ડ પર વિશ્વ પ્રસિદ્ધ નેચરલ બીચ ની ખૂબસૂરતી જોઈને સર્વે મંત્રમુગ્ધ થઇ ગયા હતા.

ત્યાર બાદ નીલ આઈલેન્ડ રિસોર્ટમાં સ્વાદિષ્ટ ભોજન લાભ કરવા બાદ સુપ્રસિદ્ધ ભરતપુર બીચ પર રમત ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં સાંજે સર્વે રાજીખુશી ક્રુઝ દ્વારા પોર્ટબ્લેર માટે રવાના થયા. તા.૦૨.૦૯.૨૦૨૪ ના રોજે પોર્ટબ્લેર સ્થિત બ્રિટિશકાળના સૌથી વિશાળ ચાથમ સો મિલ દર્શન તથા ઈતિહાસનું વર્ણન સાંભળવાનો લાભ લેવા બાદ સાંજે સુપ્રસિદ્ધ સેલ્યુલર જેલ નો ઈતિહાસ જાણવા મળ્યો સાથે લાઈટ એન્ડ સાઉન્ડ શોના માધ્યમ થી આઝાદીના ઈતિહાસ દર્શનનો લાભ મળ્યો. આ અનુભવ ખૂબજ રોમાંચિત કરવા જેવો હતો. ત્યાર બાદ વિભિન્ન પ્રકારની રમત- ગમત, હાઉજી, મ્યુઝિકલ રમત -ગમત કાર્યક્રમનું આયોજન રમિતાબેન ચૌહાણ, સોનલબેન પરમાર, દિનેશભાઈ પરમાર, લીલાબેન જેઠવા, ભૂમિકાબેન વરૂ, અનિતા બેન વાઢેર, શર્મિલાબેન ચાવડા દ્વારા યોજવામાં આવ્યું તથા સર્વે સદસ્યોને વિભિન્ન ઇનામોનું વિતરણ કરવા બાદ કેક કાપીને તરાનાના પાંચમા મિલન સમારોહનો આનંદ માણીને દિનેશભાઈ પરમાર દ્વારા આભારવિધિ આપવામાં આવી.

અંતે સર્વે રાજી ખુશી કલકત્તા રવાના થયા. આ ઐતિહાસિક યાત્રા તરાના મ્યુઝિક ગ્રુપ દ્વારા ખૂબજ સફળ રહી. આ યાત્રાને સફળ બનાવવા માટે તરાના મ્યુઝિક ગ્રુપના ફાઉન્ડર શ્રી મોહનભાઈ ચૌહાણ, કોમલબેન ચૌહાણ, આયોજક કમિટી પ્રમુખ સદસ્ય શ્રી દિનેશભાઈ પરમારને સતત ચાર મહિનાથી ખૂબજ યોજનાબદ્ધ તરીકેથી સાથ- સહકાર આપવા બદલ ખૂબ ખૂબ આભાર સાથે અભિનંદન..તરાના મ્યુઝિક ગ્રુપના સર્વે એડમીન શ્રી સલાહકાર સમિતિના સર્વે સદસ્યોનો પણ સાથ-સહકાર આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

# 'નવરાત્રી' બોલો અંબે માતની જય



એ હાલો હાલો...
હવે નવરાત્રીના નવ દિવસ આવ્યા,
ભક્તિ શક્તિ આનંદને ઉમંગ લાવ્યા.
નવ દિવસ ગુજરાતીઓને ફુરસદ ન મળે,
રાંધવું ખાવું તો ગરબે ગરબે રમવા જાવા મળે,
ઘરે ઘેર ગરબો લાવવાની ગડબડ
પછી ધૂપ લ્યોને ગરબો ફરાવવાની ઉતાવળ
નીત નવા કપડા પહેરવા મળી જાય,
ગરબાની રમઝટમાં મન ભિંજાય જાય.
રાત્રે ગરબી રમવીને માંના દર્શન કરવા,
એક સાથે એક સરખું ગરબા રમી મજા આવી જાય.
આઠમના દિવસે હોમ-હવન થાય,
આહુતિ દેવાનો અવસર મળી જાય.



નોમના દિવસે નોમ ઝારવા મળે,
માતાજી બધાને આશીર્વાદ આપે.
માતાજી તો હાજરા હજુર છે.
સર્વે ભક્તોના સંકટ દૂર કરે છે.
કિર્તિદાન ગઢવીને ફાલ્ગુની પાઠ જ્યાં હોય,
ત્યાં તબલાના તાલ પર ગરબા ગવાય.
રાત્રે મોડે સુધી ગરબા રમતા થાકી જવું,
બીજે દિવે ફરી ગરબા રમવા પોચી જવું.



રાસગરબાની રમઝટ જામી જાય,
ગરબા રમીને થાકે પણ પ્રસાદ લઇ ઘેર જાય.
જોત-જોતામાં નવ દિવસ પુરા થાય,
માતાજીને વિદાય આપવાની ઘડી આવી જાય.
આંખીયું ભીનીને મન ભારે થઇ જાય,
આવતા વર્ષે જલ્દી આવો એવી પ્રાર્થના કરાય.
માતાજીની આગમની વાટ જોવાય...
માતાજીની આગમની વાટ જોવાય...



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**

# APNA GHAR




+91-9795738019
+91-7651887919
_apnaghar_homestay

Hathi Gali, B.B. Hatia, Visheshwarganj, Varanasi (U.P.) 221001

**Nikunj Vaghjibhai Rathod**

વારાણસીધામમાં સમાજબંધુઓને રોકાવા માટે ઘર જેવી સુવિધા આપતું એ પણ ખૂબજ વ્યાજબી કિંમતે ઉત્તમ સ્થળ એટલે... "અપના ઘર"





**AMENITIES SEVED**

- Premium Class A.C. and Non A.C. and Dormitory Accomodation
- Authentic Local Experience
- Wi-Fi Connectivity
- Attached Washrooms
- Homely Food
- Top Notch Cleanliness
- Personalised Services
- Convenient Location
- Home-Like Comfort
- Cost-Effective








**Nearby Walks**

- Kashi Vishwanath Temple
- Kaal Bhairav Temple
- Mrityunjay Mahadev Temple
- River Maa Ganga
- Ghats of Varanasi
- Swaminarayan Temple
- Railway Station

We Welcome You in the heart of World's Oldest City


# સમયનું મૂલ્યાંકન



સમય શબ્દ સંસ્કૃત ભાષાના મૂળ પસમથ શબ્દ પરથી ઉતરી આવેલો છે. સમય એટલે એકધારું, સમાન, નિત્ય. સમય અને જીવન બંને અમૂલ્ય છે. સમયની મૂડી દરેક પાસે સરખી જ હોય છે. પણ જે તેની વિવેકપૂર્વક ઉપયોગ કરે છે તેને જ સફળતા મળે છે. સમય શ્રેષ્ઠ ધન છે. અંગ્રેજીમાં પણ કહેવાય છે કે ટાઈમ ઇસ મની. સમયના સદુપયોગમાંથી જ માનવીનું ભાવી ભવિષ્ય ઉજવલ બની શકે છે. સમયનો ઉચિત ઉપયોગ કરવાથી જ મનુષ્ય પોતાના જીવનમાં ઇચ્છિત ધ્યેય સિદ્ધ કરી શકે છે. આજ-કાલ સૌના મોઢે આપણે એકજ ફરિયાદ સાંભળીએ છીએ, કે સમય નથી. એક તરફ સમયની આટલી બધી ખેચ છે તો બીજી તરફ આપણે મોજશોખ માટે કિંમતી સમયે વેડફી નાખ્યો છે.

સમયનો આવો દુરુપયોગ થતા જોતા એવું લાગે છે કે, આપણે હજુ સમયની કિંમતની પૂરી સમજણ મેળવી નથી. સમય અમૂલ્ય છે. સમયનું મહત્વ આ નીચે આપેલ પંક્તિઓમાં આવ્યું છે.

સંપદા ગઈ તે સાંપડે, ગયા વળે તે વહાણ
ગત અવસર આવે નહીં ગયા ન આવે પ્રાણ

અર્થાત ગુમાવેલી સંપત્તિ કે લક્ષ્મી પ્રયત્ન કરી પાછી વાળી શકાય છે. પરંતુ ગુમાવેલા સમય અને શરીરમાંથી નીકળી ગયેલો પ્રાણ આત્મા ક્યારેય પાછો આવતો નથી. આ બધું જાણતા હોવા છતાં આપણે કલાકોના કલાકો વાતના તડકામાં ગીત-સંગીત કે ફિલ્મના મનોરંજન માટે ટીવી કે રમત-ગમત પાછળ ખર્ચી નાખીએ છીએ. સમયનું મૂલ્ય સમજાવીના એને સમય નો સદુપયોગ કર્યા વિના સમયની મહત્તા ગાયા કરવી નિરર્થક છે. જેમ બોલેલા શબ્દો કે છોડેલું બાણ ક્યારે પાછા આવતા નથી. તેમ વીતી ગયેલો સમય પણ પાછો આવતો નથી.

વિદ્યાર્થીઓ માટે સમયનો સદ્ઉપયોગ તે સૌથી મોટી મૂડી છે. સમય કાચું સોનું છે. તેનો સંગ્રહ શક્ય નથી. ગમે તે વ્યવસાય હોય કે નોકરી જે સમય પાલન કરે છે, તે હંમેશા તેના ક્ષેત્રમાં ઉતરોતર પ્રગતિ કરે છે. વિદ્યાર્થી સમયનું મૂલ્ય સમજી, નિયમિત પરીક્ષાની તૈયારી કરતો હોય, તો પરીક્ષા નજીકના દિવસો દિવસોમાં તેનો તેને કઠોર પરિશ્રમ કરવો પડતો નથી. આપણે જીવનની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો છે. જગતના બધા જ મહાપુરુષોનું જીવન અથાગ પરિશ્રમ અને સમયના સદુપયોગની ગાથાઓ ગાય છે. જગતમાં બુદ્ધિશાળી માણસોના `સમય કાવ્ય, કળા અને વિજ્ઞાનના અભ્યાસમાં જતો રહે છે. જ્યારે મૂર્ખ માણસનો સમય ઊંઘમાં અનેક લેસકંકાસમાં જતો રહે છે. જે સમયને કરકસરથી યોજના પૂર્વક ખર્ચે છે તે જીવનમાં સંતોષ અને સફળતા મેળવી શકે છે. એથી જ આપણે સૌને સમયનું મૂલ્ય સમજવું જરૂરી છે.

સૌ. પ્રીતિબેન પ્રવીણભાઈ ખોડીયાર
પ્રમુખશ્રી - કાગજનગર- રેબ્બેન્નાઘટક




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




## Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ







:: જન્મ તારીખ ::
૦૫/૦૭/૧૯૪૮

## સ્વ. ઉષાબેન જેઠાલાલભાઈ વરૂ

:: સ્વર્ગવાસ તારીખ ::
૧૨/૧૦/૨૦૨૩

મુળ ગામ : હાજાપર, હાલ મુકામ : ગાંધીનગર

न जायते म्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो- न हन्यते हन्यमाने शरीरे ॥

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા....
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

**જેઠાલાલ હિરજીભાઈ વરૂ – પતિ**

| | | | |
|---|---|---|---|
| રોનક જેઠાલાલ વરૂ | પુત્ર | વંશ રોનક વરૂ | પૌત્ર |
| સેજલ રોનક વરૂ | પુત્રવધુ | રિતિકા કેવલ પટેલ | પૌત્રી |
| હેમાંગ જેઠાલાલ વરૂ | પુત્ર | એઈશા હેમાંગ વરૂ | પૌત્રી |
| ભાવના હેમાંગ વરૂ | પુત્રવધુ | ઋગ્વેદ મયુર વરૂ | પૌત્ર |
| મયુર જેઠાલાલ વરૂ | પુત્ર | હિરક હેમાંગ વરૂ | પૌત્ર |
| હસ્મિતા મયુર વરૂ | પુત્રવધુ | | |

જેઠાલાલ વરૂ – મો. ૭૦૧૬૪૬૯૪૯૩, ૯૮૯૮૦૨૯૪૫૧

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. કેપ્ટન ઈશ્વરલાલભાઈ વિશ્રામભાઈ રાઠોડ

(Retd. Executive Engineer)

જન્મ તા. : ૨૫-૦૫-૧૯૪૧ સ્વર્ગ તા. ૨૦-૧૦-૨૦૨૩

ગામ : અંજાર (કચ્છ)

હાલ મુકામ : ઔરંગાબાદ (મહા.)

તમારા ઉચ્ચ વિચારો, સાદું જીવન, હસતો ચહેરો, મિલનસાર સ્વભાવ અને કૌટુંબીક અને સમાજ પ્રત્યેની લાગણી, હંમેશા સૌને પ્રેરણા આપતી રહેશે. તમારી ખોટ કદી પણ કોઇ ભુલી તથા પુરી પાડી નહીં શકે, ઈશ્વર તમારા દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

**ગં.સ્વ. ચંદ્રલેખાબેન ઈશ્વરલાલભાઈ રાઠોડ - પત્ની**
**પ્રમોદભાઈ ઈશ્વરલાલભાઈ રાઠોડ - પુત્ર**
**રીતુબેન પ્રમોદભાઈ રાઠોડ - પુત્રવધુ**
**મહેશભાઈ ઈશ્વરલાલભાઈ રાઠોડ - પુત્ર**
**કશ્મીરાબેન રાઠોડ - પુત્રી**
**હિતેશી પ્રમોદભાઈ રાઠોડ - પૌત્રી**
**હર્ષિત પ્રમોદભાઈ રાઠોડ - પૌત્ર**

## તથા સમસ્ત રાઠોડ પરિવાર

સાંઇ કૃપા બંગલો, સાંઇ હોસ્પિટલની સામે,
સમર્થનગર, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) ૪૩૯૦૦૫
મો. ૯૨૨૮૭૨૩૩૯૩

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



: જન્મ :
૦૯/૦૫/૧૯૫૭

: સ્વર્ગવાસ :
૧૦/૦૮/૨૦૨૪

## સ્વ. હરીલાલભાઈ દયારામભાઈ સોલંકી

(દેશમાં ગામ : વીડી, હાલ મુકામ : જબલપુર (મ.પ્ર.)

તમારા સ્નેહ, હસમુખ મુખારવિંદ, મિલનસાર સ્વભાવ તથા કુટુંબ પ્રત્યેની સમર્પણ ભાવના અમો સૌને આશીર્વાદ રૂપે હંમેશા પ્રેરણા આપતી રહેશે. ઈશ્વર દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

નલીનીબેન હરીલાલભાઈ સોલંકી (ધર્મપત્ની) નિકિતાબેન મનોજભાઈ પરમાર (પુત્રી-જમાઈ)
રીનાબેન બિપુલભાઈ સોલંકી (પુત્રવધુ-પુત્ર) લક્ષિતા, વંશિતા (દોહીત્રી)
સમસ્ત સોલંકી પરિવાર

# સેતુ સમાજ સંદેશ

**::: નવેમ્બર'૨૦૨૪ના અંક માટે ખાસ નોંધ :::**

'સેતુ સમાજ સંદેશ' નો નવેમ્બર'૨૦૨૪નો અંક દિવાળીના તહેવારો (તા. ૨૭-૧૦-૨૦૨૪ થી ૦૬-૧૧-૨૦૨૪ સુધી) ને કારણે સેતુ સમાજ સંદેશનું પ્રિન્ટીંગ યુનિટ બંધ રહેશે.

જેથી નવેમ્બર'૨૪ના અંકમાં પ્રકાશીત કરવાની વિગતો મોડામાં મોડી **તા. ૧૦-૧૦-૨૦૨૪ સુધી ફરજીયાતપણે** ઈ-મેલ, વોટ્સએપ અથવા બાય પોસ્ટ દ્વારા મોકલી આપવાની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

ઘટક, મહિલા મંડળ એવં યુવા મંડળના અહેવાલો લેટરહેડમાં અથવા રબ્બર સ્ટેમ્પ લગાવીને જ મોકલાવવા વિનંતી.

**મનોજભાઈ પી. સોલંકી** — માનદ્ તંત્રીશ્રી
**હિતેશભાઈ બી. ચૌહાણ** — અધ્યક્ષશ્રી, સેતુ સમાજ સંદેશ

E-mail : setusamaj@gmail.com - તંત્રીશ્રી

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**

શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮




# Khodiyar Engineering Works
# Urja Engineering Company
# Perfect Power Systems
# Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

## Besides the manufacturing of Panel, we also attain works such as

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938 Published on October-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.


॥ જય સીયારામ ॥



# ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**આપના વિનમ્ર**

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક


માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.